# શ્રી ઉપાસના






॥ सर्वं खल्विदमेवाहं नान्यदस्ति सनातनम् ॥



ળાંગ અંક ૧૦ દીપોત્સવી અંક નવે.-ડીસે. ૧૯૯૪ વર્ષ ૨



# ‘‘ શ્રી ઉપાસના ’’

૨૪, આનંદધામ, આનંદપાર્ક, કડી–૩૮૨૭૧૫ ફોન : (કોડ નં. ૦૨૭૬૯) ૫૨૦૬૭, ૩૨૩૫

તંત્રી : શ્રી જીવણભાઈ એમ. પટેલ
સહતંત્રી : શ્રી બાબુભાઈ જે. બારોટ
સંચાલક : શ્રી દેવીબા - શિવગુરુજી

વર્ષ - ૨ 'દિપોત્સવી અંક' સળંગ અંક : ૧૦ નવેમ્બર - ડિસેમ્બર :-૧૯૯૪


## ..નૂતન વર્ષાભિનંદન..


### ...સંપાદક મંડળ...

સંપાદક : ● શ્રી રમેશ ત્રિવેદી
સહ સંપાદક : ● શેઠ શ્રી કુમારપાળ કાન્તિલાલ
● શ્રી રસિકભાઈ નાયક
● શ્રી ચન્દ્રશંકર પંડયા
● શ્રી કાન્તિભાઈ ઠાકર
● શ્રી અજીતભાઈ કડીકર
સંપાદન સલાહકાર : ● ડૉ. અરુણોદય જાની
● શ્રી નંદકિશોરભાઈ
● શ્રી રજનીકાન્ત ભટ્ટ
● ડૉ. પંકજ પટેલ
● પ્રા. ડૉ. નરેન્દ્ર મહેતા
આવરણ : ● શ્રી બાબુભાઈ પટેલ
મુદ્રક : ● શ્રી ગોકુલેશ ટાઈપ સેટીંગ કું. અમદાવાદ ફોન નં. C/o. ૩૬૧૮૨૧
વાર્ષિક લવાજમ : ● સો રૂપિયા (ભારત)
● દશ પાઉન્ડ (વિદેશ)
● ચાલીસ પાઉન્ડ (પાંચ વર્ષ માટે)
આજીવન ગ્રાહક : ● એક હજાર રૂપિયા (ભારત)
● ૧૦૧ પાઉન્ડ (વિદશ)
● (૧૨૫ ડોલર)

લવાજમ : ● રોકડા/ચેક તથા એમ. ઓ. થી સ્વીકારાય છે.

કાર્યાલય, શ્રી રાજરાજેશ્વરી પીઠમ્
શ્રી વિદ્યા ઉપાસક, ચેરીટેબલ ટ્રસ્ટ,
આનંદપાર્ક સોસા., કડી-૩૮૨૭૧૫

**Shree Vidya Upasak Mandal (U.K.)**
**શ્રી વિદ્યા ઉપાસક મંડળ (યુ. કે.)**
37, Norwood Road Southall
Middlesex U. K.


## નૂતન વર્ષ – આશીર્વચન

**શ્રી**

सर्वशक्तिमयी सर्वमंगला सद्‌गति प्रदा ।
सर्वेश्वरी सर्वमयी सर्वमंत्रस्वरूपिणी ।।

સર્વ શક્તિઓથી યુક્ત, સર્વનું સર્વ પ્રકારે મંગલ કરનારાં, સદ્‌ગતિ આપનારાં, સર્વમાં વ્યાપી રહેલાં સર્વમંત્રો જેનાં સ્વરૂપ છે એવાં સર્વેશ્વરી ભગવતી શ્રી લલિતામ્બા સર્વનું કલ્યાણ કરો.

**વ્હાલાં બાળકો,**

આપ સૌ આપના મનોમય કોષને જૂઠો જાણો અને તેના ઉપર જ કાબુ મેળવો. તે જ સંસારી અવિદ્યાથી ઘેરાવીને બંધનમાં નાંખે છે.

મનમાં આપણને કામ, ક્રોધ, લોભ, મોહ અને ભય જન્માવે છે. માટે મનનું કહ્યું માન્યું તો માનાં આત્મામાં દર્શન થશે નહિ.

સંકલ્પ-વિકલ્પોનો નાશ થાય તો જ પ્રપંચોનો નાશ થાય. મન દેહાદિક વિષયો પ્રત્યે જ ખેચાય છે. માટે મન ઉપર વિજય મેળવો. માને પ્રાપ્ત કરો. સંસારી ફરજો સમજો. તેને સત્ય ન માનશો. વિસ્કત બની કાર્યો કરો તેમજ મા મય બનીને જ કરો.

સર્વનું કલ્યાણ થાઓ તેવા આશીર્વાદ.

**- શ્રી દેવીબા**
**- શિવગુરુ**

: અનુક્રમ :


| | | | |
|---|---|---|---|
| ૧. | સદ્‌ગુરુ - આશીર્વચન | પૂ. બા., પૂ. બાપુજી | ૧ |
| ૨. | નૂતનવર્ષ પ્રભાત-પ્રાર્થના | | ૩ |
| ૩. | અદ્વૈત વિચારસરણી | ડૉ. શ્રી ચીનુભાઇ નાયક | ૪ |
| ૪. | ત્રિવેણી સંગમ | શ્રી ભાસ્કરરાય દવે | ૫ |
| ૫. | તંત્ર | ડૉ. પ્રજ્ઞા શાહ | ૭ |
| ૬. | માતૃદેવો ભવ | શ્રી બાબુભાઇ બારોટ | ૯ |
| ૭. | આદ્યશક્તિ અષ્ટક | શ્રી કનૈયાલાલ જોષી | ૧૦ |
| ૮. | વંદુ શિવે ! | શ્રી લાભશંકર રાવળ 'શાયર' | ૧૧ |
| ૯. | ચાલો, સુખની શોધમાં | સ્વામી શ્રી સચ્ચિદાનંદ | ૧૨ |
| ૧૦. | 'તું' | શ્રી ચિન્મય જાની | ૧૯ |
| ૧૧. | નિગ્રહ | શ્રી મોહનલાલ પટેલ | ૨૦ |
| ૧૨. | વિશ્રંભકથા (લઘુકથા) | શ્રી રમેશ ત્રિવેદી | ૨૧ |
| ૧૩. | રામરાજ્ય (લઘુકથા) | શ્રી રામજીભાઇ કડિયા | ૨૨ |
| ૧૪. | નેકદિલી (બોધકથા) | શ્રી ભગવત્ સુથાર | ૨૩ |
| ૧૫. | 'મા ! તું .....' | પ્રિ. શ્રી બાબુભાઇ નાયક | ૨૪ |
| ૧૬. | શ્રી ભાસ્કરરાય | શ્રી ચંદ્રશંકર પંડયા | ૨૭ |
| ૧૭. | 'શ્રૃંગેરીમઠ' | શ્રી યશવંત કડીકર | ૨૯ |
| ૧૮. | વેદોનું અમૃત | વૈદ્ય શ્રી મહેન્દ્રનાથ વેદાલંકાર | ૩૧ |
| ૧૯. | સૌન્દર્ય લહરીનું સુધાપાન | ડૉ. નરેન્દ્રભાઇ મહેતા | ૩૨ |
| ૨૦. | દીનતા | શ્રી કિરણબહેન શાહ | ૩૬ |
| ૨૧. | ભારતીય સંસ્કૃતિનું પ્રતીક - દીપક | શ્રી મધુબહેન પટેલ | ૩૮ |
| ૨૨. | શક્તિ - સાધના | સ્વામી શ્રી નિર્વેદાનંદ | ૩૯ |
| ૨૩. | દીર્ઘાયુષ્ય (આરોગ્ય) | ડૉ. અશોક નાયક | ૪૨ |
| ૨૪. | અનેરો આંતર્ સંતોષ વૈભવ | શ્રી રજનીકાન્ત ભટ્ટ | ૪૪ |
| ૨૫. | શ્રી વિદ્યાનો સંક્ષિપ્ત વૈભવ | - --- | ૪૬ |
| ૨૬. | વિચાર-અમૃત | શ્રી જીવણભાઇ પટેલ | ૪૭ |
| ૨૭. | સત્સંગસુધા | શ્રી રસિકલાલ નાયક | ૪૮ |
| ૨૮. | સૂક્તાનિ | (સંકલન) | ૪૯ |
| ૨૯. | શ્રી સૂક્તમ્ | (શ્રી હર્ષદ રામી) | ૫૦ |
| ૩૦. | મનુષ્ય જીવનનો ઉદ્દેશ | | ૫૧ |
| ૩૧. | દીર્ઘ જીવનની પ્રાપ્તિ | | ૫૨ |
| ૩૨. | મનુષ્યનું આયુષ્ય | (સંકલન) | ૫૨ |
| ૩૩. | 'નારદ' (બાળકથા) | શ્રી રતિલાલ સાં. નાયક | ૫૩ |
| ૩૪. | ગાંધીબાપુની નીડરતા (પ્રસંગકથા) | શ્રી પ્રકાશલાલા | ૫૪ |
| ૩૫. | મારી માને ગમશે (પ્રસંગકથા) | (સંકલન) | ૫૫ |
| ૩૬. | 'બા' 'ગાંધી' બાળ લઘુકથા (બાળ કાવ્ય) | શ્રી રમેશ ત્રિવેદી | ૫૬ |
| ૩૭. | બાળ પ્રાર્થના હેતનું (બાળકાવ્ય) | શ્રી નટવર પટેલ | ૫૬ |
| ૩૮. | અન્નપૂર્ણા સ્તોત્ર | શ્રી ચંદ્રશંકર પંડયા | ૫૭ |
| ૩૯. | હું તો ફરવા આવ્યો છું | શ્રી મહેન્દ્ર વી. ત્રિવેદી | ૬૦ |
| ૪૦. | તમારા તમાચાના પ્રતાપે | શ્રી વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર. | ૬૧ |
| ૪૧. | સંસ્થા સમાચાર | | ૬૩ |

## ॥ શ્રી ॥
## ॥ મંગલમયી પ્રાર્થના ॥

સૃષ્ટિનો પ્રત્યેક જીવ પ્રત્યેક ક્ષણે ઉપાસના જ કરી રહ્યો છે. અને તે પ્રત્યેક ઉપાસના પછી ગમેતે સ્વરૂપે કરતો હોય પણ તે ઉપાસના શક્તિ ઉપાસના જ છે.

આદ્ય સૃષ્ટિનો સઘળો સંચાર અધ્યયનશીલ છે. અને આ તમામ અભ્યાસ જીવનના કલ્યાણ માટે જ છે. કુદરતના રહસ્યોની કોઇ અવધિજ નથી. એ રહસ્યો પામવા આપણે મથ્યા જ કરીએ છીએ. પ્રત્યેક રહસ્યનો ઉકેલ આનંદ અને પરિતૃપ્તિનું પ્રદાન કરે છે.

શારદા- સરસ્વતીની ઉપાસના દ્વારા આપણે વાણીની શુદ્ધિ પામવા પ્રયાસ કરાએ છીએ કે જેથી વાણીના દોષો દૂર થાય અને કોઇ જીવ દુભાય નહિ.

શ્રી મહાલક્ષ્મીની ઉપાસના દ્વારા આપણે ભૌતિક અને આધ્યાત્મિક અભ્યુદય માટેનો પ્રયાસ કરી રહ્યા છીએ કે જેથી કોઇ અભાવ આપણા જીવનમાં અંતરાયરૂપ ન બને.

મહાકાલિની ઉપાસના દ્વારા શારીરિક સૌષ્ઠવ અને સ્વાસ્થ્યની જ ઉપાસના કરી રહ્યા છીએ કે જેથી વિઘ્નોને વિદારી શકાય. આસુરી શક્તિને દૂર કરી શકાય. મહાત્રિપુર સુંદરીની ઉપાસના દ્વારા શરીરના ત્રણે અંગો ને શુદ્ધ કરી જીવનમાં સૌદર્યનો વિકાસ કરી શકાય.

ષોડશી પરામ્બાની ઉપાસના દ્વારા જીવનનો જે ઉદેશ છે, પૂર્ણતાને પામવાનો, હેતુ સિદ્ધ કરી શકાય.

વર્ષના અંતે આ ચારેય ઉપાસના દ્વારા સુંદર જીવન જીવવાની તમામ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા માટેની સ્મૃતિને સતેજ કરવા દિપોત્સવીના ચારેય તહેવારો ઋષિઓએ પૂર્ણ વિચારણા કરી પ્રયોજ્યા છે.

આ માયા છે. જગત તુચ્છ છે. કોઇ કોઇનું નથી આવા વિચારો આધ્યાત્મિકતાના નામે અપરિપક્વ વિચારોથી ઉદ્ગારો નીકળતા હોય છે.

આવા દુષિત વિચરો સુંદર સમાજને વિષમય બનાવે છે. જીવનમાં ઉદાસીનતા લાવે છે. કર્તવ્યભ્રષ્ટ બનાવે છે. આપણું આધ્યાત્મ આપણને આવું શીખવતું નથી.

આપણું અધ્યાત્મ તો પરસ્પર સ્નેહ કરવાનું કરૂણાનું ઝરણું વહેતું રાખવાનું પુરુષાર્થનો પૂરો ઉપયોગ કરી જીવનમાં દિવ્યતા અને ભાવના લાવવાનું શીખવે છે.

ભગવતીએ નિર્માણ કરેલી આ સુંદર સૃષ્ટિમાં આનંદ, ઉત્સાહ ઉમળકો ભરવાની પ્રત્યેક પ્રેરણાદાયી પ્રવૃત્તિમાંજ આપણું અધ્યાત્મ વિલસી રહ્યું છે. આવાં રહસ્યો આપણે પામીએ અન્ય પણ આવા રહસ્યો પામે અને જીવન સમૃદ્ધ બનાવે એવાં કાર્યો કરવામાં જ જીવનની સાર્થકતા છે. કોઇ હતાશ થાય. નારાજ થાય, ઉદાસીન થાય, હતોત્સાહ થાય કર્તવ્ય પલાયન વાદ આવે એવી રીતે કશું કરીએ નહિ, ઉચ્ચારીએ નહિ. માનવમાત્રની વાણીમાં મધુરતા પમરાટે. હૃદયમાંથી કરૂણાનું ઝરણું વહેતું રહે. હસ્તકમલથી પદ્મપાદથી પ્રત્યેક પ્રવૃત્તિ એવી થતી રહે કે સમાજમાં સુમેળની સરિતા વહેતી રહે. પરસ્પર ભાવ સમૃદ્ધિની વૃદ્ધિ થતી રહે અભયત્વ તરફ ગતિ થાય.

આ સઘળું પામવા જે પ્રવૃત્તિ અને પુરુષાર્થ થાય તે સઘળી શક્તિ ઉપાસના જ છે.

તંત્ર દ્વારા વિકાસનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ પામતા જઇએ અને ઉપાસના કરતા જ જઇએ અને ઉત્તમ માનવ જીવનનો લહાવો માણતાં માણતાં જીવન જીવીએ. આવું જીવન નિર્માણ કરવા બ્રહ્મલીન બ્રહ્મમય, જીવનનો રસાસ્વાદ જેમણે ચાખ્યો છે. એવા સમર્થ ગુરુદેવનું શરણું સ્વીકારી દિવ્ય શક્તિઓ પ્રાપ્ત કરી કલ્યાણ કાર્યોમાં પ્રયોજીએ.

જીવનની પ્રત્યેક પળ સાવધાની અને સજજતા માટે છે. ભલે આપણે ગૃહસ્થ રહ્યા ઘરને જ ધન્યો ગૃહસ્થાશ્રમઃ બનાવવો છે. ભગવતીએ આપેલી તમામ શક્તિ કલ્યાણ કાર્યોમાં વાપરવી છે. આપણે ઘરે આવેલ પ્રત્યેક સ્વજન ઘરનું સુમેળભર્યુ, સ્નેહ પરસ્પર પ્રેમ અને હૂંફને પ્રસારતું મંગલમય વાતાવરણનું દર્શન કરે એવું. આપણે કરવું છે એવુ જીવન જીવવું છે જેથી આપણી શ્રી વિદ્યાની ઉપાસના મહોરી ઉઠે મહેકી ઊઠે. ઘરમાં કદિ વિવાદ ન કરીએ. અવિવેકથી વર્તીએ નહિ. ઘરમાં કોઇ કોઇને ભારરૂપ ન

બનાય. પરસ્પર ઉપયોગી બનીએ તો આપણો ગૃહસ્થાશ્રમ આનંદમય ઉત્સાહરૂપ બની રહેશે. અને શ્રી વિદ્યાની ઉપાસના સાર્થક થશે.

દરેક પદાર્થ અને જીવ બ્રહ્મનોજ પરિપાક છે. આથી કશુંએ અનુપયોગી નથી. વ્યર્થ નથી. સંસાર ચક્રને સુયોજીત રાખવા માટે જ છે. આ દષ્ટિથી દર્શન કરવું એ જ બ્રહ્મ દૃષ્ટિ છે. વ્યર્થતા કે અનુપયોગી દેખાવું એ બ્રહ્મદૃષ્ટિ પ્રાપ્ત થઇ નથી તેનું જ દર્શન કરાવે છે.

ભગવતી જગતને માંગલમયી દૃષ્ટિથી જોવાનું દૃષ્ટિદાન કરે તો આપણી ઘણી સમસ્યાઓ ઉકલી જાય. આવી દૃષ્ટિ માટે રાજરાજેશ્વરીને રોજ પ્રાર્થના કરતા રહીએ અંતઃકરણથી કરેલી પ્રાર્થના જરૂર ફળદાયી થશે જ અને જગત મંગલમય દેખાશે. અસ્તુ.

★★★

## હે મા ! નૂતન વર્ષ પ્રભાત પ્રાર્થના

હે મા, આપ પાસે સુગમતાથી આવી શકીએ તેવાં થાવ.

શ્રેષ્ઠ કલ્યાણકારી પુરુષ અમારે માટે કલ્યાણકારી હો. સઘળા જ્ઞાનીજનો અમને કલ્યાણનો ઉપદેશ આપે. અમે કોઇનો દ્વેષ ન કરીએ એમાં અમારું સુખ છે, કલ્યાણ છે. ન્યાયોચિત માર્ગ પર ચાલવાની પ્રેરણા કરો.

ધન, ઐશ્વર્યનો અમારી પાસે અભાવ ન હો. અભાવના કારણે અમારામાંથી કોઇને દુઃખનાં આંસુ વહાવવાં ન પડે.

કોઇ વિપત્તિ આવી જાય તો આપની કૃપાથી ટળી જાય. અમારું ઘર રહેવાનું સુંદર સ્થાન હો.

જ્યાં વિદ્વાન જનોનો સત્સંગ થતો રહે. શારીરિક બલ અન્નથી, આધ્યાત્મિક બલ જેને ઓજ-ઊર્જા કહે છે આધ્યાત્મિક ઉન્નતિથી પ્રાપ્ત થાઓ. સ્થિર રહો.

શુભ કાર્યોમાં પ્રેરો. અમે સદૈવ ગતિશીલ આગળ વધનાર, ઉન્નતિ કરનાર થઇએ. આપ સકળ ઐશ્વર્યનાં દાતા એવં શુભ કર્મોનાં પ્રેરક છો. અત્યુત્તમ કર્મ કરવા માટે સમસ્ત વાંછિત પદાર્થ પ્રાપ્ત કરાઓ. અમારા ઉપર કોઇ ચોર યા પાપી પુરુષ શાસન ન કરે.

અમારાં કર્મ એવાં હો, જેના પર કોઇ આક્ષેપ ન થઇ શકે. સરલતાથી વ્યવહાર કરનાર વિદ્વાનોની કલ્યાણકારી શુભમતિ અમને પ્રાપ્ત થાઓ. ઉદારતા પ્રાપ્ત થાઓ. વિદ્વાનોની મિત્રતા અમને પ્રાપ્ત થાઓ. અમારા જ્ઞાનની વૃદ્ધિ થાઓ. હે મા કૃપા કરીને અમારાં જીવન મંગલમય બનાવી દો.

★★★

## અદ્વૈત વિચારસરણી

**ડૉ. ચીનુભાઇ જ. નાયક :**

*ગુજરાતના મૂર્ધન્ય વિદ્વદવર્ય સારસ્વત નિવૃત્ત આચાર્ય શ્રી એચ. કે. આર્ટ્સ કોલેજ, અમદાવાદ અને માનાદમંત્રી, ગુજરાત વિદ્યાસભા, ગુજરાત સમાચાર દૈનિકમાં 'ધર્મમંગલ' દ્વારા સંસ્કાર અને ધર્મની સુવાસના પ્રસાર-પ્રચારક છે. 'કર વિચાર તો પામ' એ એમનો પ્રેરણાદાયી મંત્ર છે.*

અદ્વૈત એ ભારતીય દર્શનનો ઈતિહાસમાં વેદ-વેદાન્તની પરિભાષા છે. અદ્વૈત એટલે જીવ અને બ્રહ્મ, આત્મા અને પરમાત્માનું ઐકય. જગતમાં મનુષ્યમાં વિચાર પ્રગટ્યો, સભ્યતાનો ઉદય થયો ત્યારથી ભેદનું દ્વંદ્વ જોવા મળે છે. આ ભેદ જીવ અને બ્રહ્મ વચ્ચે, ચેતન અને જડ વચ્ચે, ચેતન અને ચેતન વચ્ચે, જડ અને જડ વચ્ચે, પરિવર્તન અને સ્થિરતા વચ્ચે, અનિત્ય અને નિત્ય, ઈત્યાદિ બાબતોમાં જોવા મળે છે. ધર્મ અને તત્વજ્ઞાન તેમજ જ્ઞાન-વિજ્ઞાનની વિવિધ શાખાઓનો મનુષ્યે વિકાસ કર્યો હોવા છતાં આ ભેદનો છેદ ઉડાડી શકાતો નથી. આ ભેદમાંથી સમાધાન મેળવવા માટે ભારતીય દાર્શનિકોએ અભેદ-અદ્વૈતની શોધ કરી અને જગતને વ્યવસ્થિત કરવાનું મન આદ્ય શંકરાચાર્યને પ્રાપ્ત થાય છે. તેમનો સિદ્ધાન્ત ભારતીય દર્શનના ઈતિહાસમાં કેવલાદ્વૈતવાદ" તરીકે ઓળખાય છે. તેમનું સૂત્ર છે કે ब्रह्म सत्यम् जगात् मिथ्या जीवो ब्रह्मैव नापरः । એટલે કે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવ એ બ્રહ્મથી જુદો નથી.

આપણને પ્રશ્ન થાય કે બ્રહ્મ એ કયું તત્વ છે ? સંસ્કૃતિમાં બ્રહ્મન્ શબ્દ બૃह् – વીટવું, પ્રસરવું, ફેલાવું, ધાતુ પરથી બન્યો છે. બ્રહ્માંડમાં પ્રવેશ કરીને સતત વૃદ્ધિ પામનાર તત્ત્વ તે બ્રહ્મ. દરેક જીવમાં આત્મ સ્વરૂપે આ બ્રહ્મ પ્રગટ થતું રહે છે. ભારતીય સંસ્કૃતિના વિચારકો માને છે કે બ્રહ્મની સાથે અદ્વૈત સિદ્ધ કરવું એ મનુષ્ય જીવનનું પરમ પ્રયોજન છે. વેદ અને ઉપનિષદોમાં બ્રહ્મના સ્વરૂપનું વર્ણન નકારવાચક વિશેષણો એટલે કે દૂર છતાં નજીક, સૂક્ષ્મ છતાં વિરાટ, એવી રીતે કરવામાં આવેલું છે. આપણા કવિ નાનાલાલે ગાયું છે કે :

તું આઘેમાં આઘે છતાં સમીપમાં વાસ કરતો
વસે બ્રહ્માંડોમાં છતાં અમ ઉર વિશે વાસ કરતો.

છંદોગ્ય ઉપનિષદમાં મહર્ષિ શાંડિલ્ય કહે છે : આ સમગ્ર વિશ્વ ખરેખર બ્રહ્મ છે. તે બ્રહ્મને સમજવા तज्जलान् એ રહસ્યમય મંત્ર વડે શાંત થઇ તેની ઉપાસના કરવી. જે તથ્યમાંથી જગત જન્મે છે તે तज्ज; જેમાં તે જીવે છે અથવા જેમાં રહી પ્રાણ ધારણ કરે છે તે वदन्, અને જેમાં લય પામે છે તે तल्ल. આ ત્રણ બાબતોનો સમન્વય तज्जलान् એ સમસ્ત પદથી વર્ણવવામાં આવ્યો છે. સમગ્ર બ્રહ્માંડમાં આ તથ્ય સત્યમ્, શિવમ્ ને સુન્દરમ્ સ્વરૂપે આવિર્ભાવ પામે છે. સમગ્ર વિશ્વમાં જ્યાં જ્યાં સત્ય, કલ્યાણ અને સૌંદર્ય છે ત્યાં ત્યાં બ્રહ્મ રહેલું છે. બ્રહ્મ એ વ્યાપક અને ગહન તત્ત્વ છે. આમ છતાં તેને પામવા માટે ભારતીય વિચારકોએ ભક્તિ, કર્મ અને જ્ઞાનના ત્રિવિધ માર્ગો બતાવેલા છે. બ્રહ્માંડમાં પ્રવર્તતા સર્વ ભેદોના છેદ ઉડાડતું બ્રહ્મ સાથેનું અદ્વૈત એ ભારતીય ચિંતકોનું અદ્ભુત સમન્વયકારી અને સમાધનકારી દર્શન. સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપેલા જડ અને ચેતન પદાર્થોમાં તેનું દર્શન કરીને જ મનુષ્ય જીવનના આખરી મુકામે પહોંચી શકે છે.

આદ્ય શંકરાચાર્યના મત પ્રમાણે પરમ તત્ત્વ 'બ્રહ્મ' એક અને અદ્વિતીય છે, તે કેવલ છે એટલે કે તેના જેવું બીજું કોઇપણ તત્ત્વ નથી. શંકરાચાર્યનું બ્રહ્મ તે પૂર્ણ છે. તેઓ કહે છે કે 'દિક્, કાલ અને કાર્ય-કારણના નિયમવાળું જે ભૌતિક જગત છે તેની પાછળ રહેલું નિત્ય, નિર્વિકાર, સ્વતંત્ર અને સ્વયંભૂ સત્ તત્ત્વ તે બ્રહ્મ છે. બ્રહ્મ કેવળ ભાવરૂપ અને અસ્તિત્વરૂપ છે.

તૈત્તિરીય ઉપનિષદનો ઋષિ કહે છે કે બ્રહ્મ, સત્ય અને જ્ઞાન અનંત છે. 'સત્ય' શબ્દ 'સત્' હોવું પરથી બન્યો છે. જે સૂચન કરે છે કે આ તત્ત્વનો આપણને અપરોક્ષ અનુભવ થતો હોઇ તેનું અસ્તિત્વ નિશ્ચિત અને નિઃસંદેહ છે. 'જ્ઞાન' શબ્દ પણ ચૈતન્યરૂપ છે. ભગવદ્ગીતા કહે છે કે આ સંસારમાં જ્ઞાન જેવી પવિત્ર બીજી એક પણ બાબત નથી. જ્ઞાનના અભાવે સંસારમાં મનુષ્ય ગાઢ અંધકારમાં જ અટવાતો હોય છે. 'અનંત' શબ્દ તે તત્ત્વ સર્વગ્રાહી અને આદિ તેમજ અંત વિનાનું છે, અપરિમિત છે. અન્ય જ્ઞાન અને અનંત એ બ્રહ્મનાં સ્વરૂપ લક્ષણો છે. આ પરમ તત્ત્વનું વર્ણન કરવા માટે મનુષ્યના બધા વિચારો નિરર્થક નીવડે છે. વિચાર કે વાણીથી જેનું આકલન થઇ શકતું નથી. આપણું પરિચિત મૌન જ એનો મહિમા સમજી શકે છે. બ્રહ્મનું યથાર્થ વર્ણન કરવું જ હોય તો 'नेति नेति' એમ નહી, એમ નહી - એ શબ્દો દ્વારા જ કરી શકાય. બ્રહ્મ તત્ત્વ મન અને વાણીથી પર છે. આ કારણથી જ બ્રહ્મવિદ્યાને અપરાવિદ્યા અને તેની અનુભૂતિને અપરાનુભૂતિ તરીકે ઓળખવામાં આવે છે.

**૭, પ્રતાપ પાર્ક, સેન્ટ ઝેવીયર્સ લેડીઝ હોસ્ટેલ સામે,**
**નવરંગપુરા, અમદાવાદ-૯.**
**ફોન : ૪૪૭૯૨૯**

## ત્રિવેણી સંગમ

**શ્રી ભાસ્કરરાય દવે :**

*(મહેસાણા જિલ્લાની પાટણ ઓફિસમાં જિલ્લા શિક્ષણાધિકારીના વરિષ્ઠપદને કર્તવ્યપરાયણ-સંનિષ્ઠાથી શોભાવી રહ્યા છે. તેઓશ્રી ધર્મ, મનન-ચિંતન સાથે સાથે જિલ્લાની શાળાઓને શિક્ષણ-સંસ્કારના પ્રચાર-પ્રસાર માટે ઉમદા પ્રેરણા-પ્રોત્સાહન પૂરાં પાડી રહ્યા છે. 'આકાશવાણી' પરથી અવારનવાર 'અમૃતધારા' શીર્ષક અંતર્ગત પ્રસારિત થતા કાર્યક્રમોમાં તેઓશ્રીએ અનેકવાર પોતાનાં વિદ્વદ્ભોગ્ય વક્તવ્યો પ્રગટ કર્યાં છે.)*

સંગમ, તેમાં પણ ત્રિવેણી સંગમનું મહત્ત્વ અનેરું છે. ભારતીય ધર્મશાસ્ત્રોમાં ત્રણ નદીઓના સંગમ સ્થાનને અતિ પવિત્ર માનેલ છે. આવા સ્થળે સ્નાન કરવાથી મોક્ષ પ્રાપ્તિ થાય છે તેમ પણ કહેવામાં આવ્યું છે. અહીં આપણે નદીઓના સંગમ-ત્રિવેણી સંગમ વિશે વાત કરતા નથી. પણ મોક્ષ પ્રાપ્તિ માટે અતિ મહત્ત્વની ત્રણ બાબતો અંગે વાત કરીશું.

જીવનમાં જ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધાનો સમન્વય સધાય અને આ ત્રણે બાબતો આપણા જીવન અને જીવન વ્યવહારમાં વણાઈ જાય તો મોક્ષ પ્રાપ્તિ અવશ્ય થાય જ. પણ જ્ઞાન એટલે શું ? સાચું જ્ઞાન કોને કહેવાય ? તે કઇ રીતે પ્રાપ્ત થાય. તે વિશે જાણકારી મેળવી જ જોઇએ, તેમજ સાચા જ્ઞાનની પ્રાપ્તિ માટે પુરૂષાર્થ પણ કરવો જ પડે. સાચું જ્ઞાન કેવળ તત્ત્વજ્ઞાન અને આધ્યાત્મિક પુસ્તકોના વાંચન દ્વારા કે શ્રવણ દ્વારા મળતું નથી જ. પુસ્તકોના વાંચન દ્વારા કે શ્રવણ દ્વારા જ્ઞાન પ્રાપ્તિ થતું હોય તો આજે સમાજમાં એવા અનેક લોકો જોવા મળે છે કે તેઓ તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો અને આધ્યાત્મિક પુસ્તકોના વાંચવામાં જીવનનો મોટા ભાગનો સમય પસાર કરે છે. વિદ્વાનોની ભાગવત કથાઓ, રામાયણ, તેમજ ગીતા પરનાં પ્રવચનો સાંભળવાની એકપણ તક ગુમાવતા નથી. છતાં જીવનમાં તેઓ જ્યાં છે ત્યાં જ ઊભા હોય છે. દરેક વિદ્વાનો, ભાગવત કથાકારો પણ તેઓના આંતરિક જીવનમાં તો મોહ, માયા, રાગ, દ્વેષ, કામ અને ક્રોધથી બંધાયેલા હોય છે તે જ બતાવે છે કે સાચું જ્ઞાન કેવળ વાંચનથી પ્રાપ્ત થતું નથી. સંસારમાં બનતાં દુઃખદાયક પ્રસંગોથી જ્ઞાન પ્રાપ્તિ થાય છે પણ તે ક્ષણિક જ્ઞાન હોય છે. પોતાના આપ્તજનોને કાયમી વિદાય આપતી વખતે આપણને જરૂર એમ થાય છે કે સંસાર અસાર છે. જન્મ્યાં તે મરવાનાં જ છે. સંસારની મોહ માયા ખોટી છે. પણ આ જ્ઞાન જીવનમાં લાંબો સમય કે જીવનભર ટકતું નથી. આપણે તો આપણા અતિ પ્રિયજનને કાયમી વિદાય આપ્યા પછી ટુંક સમયમાં જ હતા તેવા ને તેવા જ થઇ જઇએ અને જીવનની એ જ ઘટ માળમાં આવી જઇએ છીએ.

સાચું જ્ઞાન ચિંતન અને મનન દ્વારા જ પ્રાપ્ત થાય છે. કવિ નરસૈયો કે મીરાંબાઇએ નથી તો શાળા કે મહાશાળામાં જઇને અભ્યાસ કર્યો તેમજ તેઓએ યુનિવર્સિટીની પદવીઓ પણ લીધી નથી છતાં પણ તેઓના એકે એક ભજન અને પ્રભાતિયાં તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે અને તે જ્ઞાનમાં જ વેદો અને ઉપનિષદોનો સાર આવી જાય છે. આજ બતાવે છે કે સાચું જ્ઞાન ચિંતન અને મનન દ્વારા જ પ્રાપ્ત થાય છે. તત્વજ્ઞાનના પુસ્તકો અને આધ્યાત્મિક પુસ્તકોના વાંચન કે શ્રવણ અને ત્યારબાદ તેના પર સતત ચિંતન તેમજ મનન કરવામાં આવે તો જ સાચું જ્ઞાન પ્રાપ્ત થાય. ટૂંકમાં કહીએ તો ઉત્તમ પુસ્તકોનો અભ્યાસ, ચિંતન અને મનન એ જ જ્ઞાન પ્રાપ્તિની ગુરુ ચાવી છે.

જીવનમાં જ્ઞાન પ્રાપ્તિની સાથે ભક્તિ આવે તો દૂધમાં સાકર ભળ્યા બરાબર થાય. આપણું જીવન મધુર બને સાર્થક થાય. પરંતુ ભક્તિ એટલે શું ? ભક્તિ એટલે કેવળ પાઠ-પૂજા, મંદિર જવું, દેવદર્શન કરવાં અને ટિલક ટપકાં કરવાં તે જ કે તેમ કંઇક વધારેલ તે વિવેકબુદ્ધિથી જાણે લેવું જોઇએ. પાઠ પૂજામાં પણ નિત્ય મહત્વનું છે એટલે કે દરરોજ પાઠ પૂજા માટે ચોક્કસ સમય હોવો જોઇએ. ભક્તિ એટલે સતત ઈશ્વરમય જીવન, જાગતાં, ઉઘતાં, ચાલતાં કે કામ કરતા સતત પરમાત્માનું સ્મરણ રહે અને આપણા દરેક કાર્ય પરમાત્માને ફાવે એ રીતે જ કરીએ તેમ જ પરમાત્માની પ્રીતિ અર્થે જ જીવનના સર્વ કાર્યો કરતાં રહીએ તે જ સાચી ભક્તિ છે.

મનની એકાગ્રતા, ચિત્તની સ્થિરતા, તેમજ શુદ્ધ અને પવિત્ર હૃદય સાથે પાઠ પૂજા કરવામાં આવે તેમજ તે વખતે પરમાત્મા આપણા આરાધ્ય દેવનાં ગુણોનું ચિંતન મનન કરવામાં આવે તો ભક્તિ કરતાં કરતાં હૃદયની ઊર્મિઓ ઉદ્ભવે છે. જીવન સાત્ત્વિક બને છે, તેમજ ઉચ્ચ ગુણોનું સિંચન આપણામાં થાય છે. જીવન સાર્થક બને છે. આજ ભક્તિ મોક્ષ આપનારી બને છે. ભક્તિમાં પણ અન્યનું શ્રેય કરવાની ભાવના હોવી જોઇએ. ભક્તિમય જીવન અને સંસારના દરેક કાર્યો નિસ્પૃહ રીતે કેવળ ફરજ અદા

કરવાની ભાવનાથી જ કરવા જોઇએ. આપણી ફરજ કેવળ કુટુંબ પૂરતી સમિતિ નહી રાખતાં સમાજના નીચામાં નીચા સ્તરના માનવ પ્રત્યે પણ આપણી ફરજ છે તેમ સમજીને આપણું જીવન શ્રેયકારી બનાવીએ અને સાથોસાથ નીચલા સ્તરના લોકોનું પણ જીવન શ્રેયકારી બને તેવા પ્રયાસો તે જ સાચી ભક્તિ ! કવિ નરસૈયો નાગર હોવા છતાં હરિજન પર અપાર પ્રેમ રાખતો અને તેઓને પ્રભુ માર્ગે વાળવા પોતાના નાગર સમાજનો વિરોધ સહન કરીને પણ હરીજનવાસમાં ભજનો કરવા જતા અને આ રીતે ભક્ત કવિ નરસૈયાએ પોતાના જીવનના ઉદ્ધાર સાથે અનેક લોકોને પણ પ્રભુ માર્ગે વાળ્યા હતા. આજ સાચી ભક્તિ છે. ભક્તિ સાથે સદાચાર અને સંયમી જીવન પણ હોવું જ જોઇએ.

જ્ઞાન ભક્તિની સાથે શ્રદ્ધા હોય ત્યારે જ પુરૂષોત્તમ બની શકાય. જીવનમાં અડગ શ્રદ્ધાનું જ મહત્ત્વ છે. ૐ નમઃ શિવાય ના જાપ કરતા હોય ત્યારે અડગ શ્રદ્ધા હોવી જ જોઇએ કે હે પરમાત્મા હું કલ્યાણ માટે તને નમું છું. પછી મારું અકલ્યાણ થવાનું નથી જ ! અકલ્યાણ કરવાની પરમાત્માની તાકાત પણ નથી ! આપણા જીવનમાં કંઇક અંશે જ્ઞાન હશે, ભક્તિ પણ હશે પણ અડગ શ્રદ્ધા હોતી નથી. તેથી જ તો જરાક પણ દુઃખ આવતાં પડી ભાંગીએ છીએ અને જ્યોતિષકાર પાસે દોડી જઇએ છીએ ! પરમાત્મા મારો છે અને હું પરમાત્માનો છું. તેથી તો હું પરમાત્માને કલ્યાણ માટે નમું છું. પાઠ પૂજા કરું છું અને તેથી મારું અકલ્યાણ થવાનું નથી જ ! તે શ્રદ્ધા આવે તો દુઃખ કે મોહમાયા રહેશે નહી જ ! તેમજ જ્ઞાનભક્તિ અને શ્રદ્ધાના સમન્વયથી મોક્ષ પ્રાપ્તિ થશે જ !

જ્ઞાન, ભક્તિ અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ આત્માને પરમાત્માનું મિલન કરાવી આપે છે. અદ્વિતીયપણું લાવે છે અને જન્મમરણના ચક્રમાંથી મુક્તિ અપાવે.છે.

**(આકાશવાણી વડોદરા, સાભાર)**

**ભાસ્કરરાય જ. દવે**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
**પાટણ, જિ. મહેસાણા.**

## તંત્ર

**શ્રી પ્રજ્ઞા શાહ :**

'થેરોપેટીક આસ્પેકટ ઈન તંત્ર' - વિષય ઉપર પી.એચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તંત્ર શાસ્ત્રનો તલસ્પર્શી, વિચાર-મનન-ચિંતનપૂર્ણ અભ્યાસ તંત્રવિદ્યા ઉપરની લેખમાળા શ્રી ઉપાસનામાં ક્રમશઃ પ્રગટ કરવાની એમની પ્રશસ્યનેમ, ધન્યવાદ.

સુખની સ્પૃહા અને દુઃખ નિવૃત્તિની ઇચ્છા પરાપૂર્વથી માનવમનમાં રહેતી આવી છે. માનવી સતત સુખને ઝંખે છે, તેટલું જ નહિ પણ દુઃખને કેમ દૂર કરવું તે માટે પણ સતત પ્રયત્નશીલ રહે છે. આ સુખ અને દુઃખ કોણ આપે છે ? વેદોના પ્રાચીન ઇતિહાસ તરફ જોઇશું તો જણાશે કે, સુખ દુઃખના કારણ તરીકે માનવી કોઇ અદ્દશ્ય શક્તિને કારણભૂત ગણતી. કોઇ અમાનવીય શક્તિથી તેઓ ઘેરાયેલા છે જે તેમને સુખ અને દુઃખ આપે છે. આ અદ્દશ્ય શક્તિના આશીર્વાદ માટે તેમણે તેને ઈશ્વર, દેવીનું સ્વરૂપ આપ્યું તેમજ તેની મંત્ર દ્વારા પૂજા કરવા લાગ્યા. વ્યકિતના જીવનમાં આવતા મહત્વના પ્રસંગો, ગર્ભાધાનથી માંડીને અંતિમ સંસ્કાર સુધીના, જેની હિંદુ શાસ્ત્રોમાં સોળની સંખ્યા સ્વીકારવામાં આવી છે, જે ષોડશ સંસ્કાર તરીકે ઓળખવામાં આવે છે, તે પ્રસંગોએ આ શક્તિનું આહ્વાહન તેમજ પૂજા કરતા અને તેના આશીર્વાદ મળી રહે તે માટે પ્રાર્થના કરતા.

અહી સ્વાભાવિક પ્રશ્ન થાય કે શું ખરેખર આ શકય છે ? શું મંત્રની અંદર એવી કોઇ શકિત છે, જે જાગૃત કરવાથી ઇચ્છિત પરિણામ આવી શકે ? ઉપલક દૃષ્ટિએ જોતાં મંત્ર એ કેવળ શબ્દોનો સમૂહ લાગે છે. જેમકે હ્રીં, શ્રીં, કલીં. પણ વાસ્તવમાં આ કેવળ શબ્દો નથી પણ પ્રત્યેક મંત્ર કે બીજાક્ષર શકિતના ભંડાર છે. જેમ બીજમાં વૃક્ષ છૂપાયેલું છે, સુષુપ્ત છે. તેને ખાતર, પાણી, પ્રકાશ દ્વારા વિકસાવવાનું છે તેમ મંત્રને પણ સતત ઉચ્ચારણ, ધ્યાન દ્વારા તેની અંદર રહેલી શકિતને જાગૃત કરવાની છે.

શકિત કેવી રીતે જાગૃત થાય ? તંત્ર શક્તિના જાગરણનો માર્ગ બતાવે છે. આ કેવી રીતે શકય બને છે તે જોઇએ તે પહેલાં તંત્ર શું છે જાણી લઇએ.

આપણને ઘણી વખત એવું સાંભળવા મળે છે કે, કોઇ સાધુ કોઇ છોકરીને મેલી વિદ્યા કરીને કે વશીકરણ કરીને ઉપાડી ગયા અથવા તો કોઇકે ચૂંટણીમાં તેના હરીફને દૂર કરવા તાંત્રિક વિદ્યા અજમાવીને પૂરો કરી નાંખ્યો. આ પ્રકારના સમાચાર આપણે અવાર-નવાર વર્તમાનપત્રમાં વાંચીએ છીએ. તંત્ર એ શું માત્ર મેલી વિદ્યા કે મારણ-તારણ અને વશીકરણ જ છે ? એવો સ્વાભાવિક પ્રશ્ન થાય. તંત્ર એ કેવળ મેલી વિદ્યા નથી. આ તો તંત્રનું નિષેધક પાસું છે. વાસ્તવમાં તંત્ર એ તો આત્માના ઉર્ધ્વીકરણનો માર્ગ છે. આ ઉર્ધ્વીકરણની યાત્રા કેવી રીતે શકય બને છે તે જોઇએ તે પહેલાં 'તંત્ર' શબ્દનો શાબ્દિક અર્થ શું છે તે જાણી લઇએ.

**'તંત્ર' શબ્દનો શાબ્દિક અર્થ :**

'તંત્ર' શબ્દની અનેક વ્યાખ્યા આપવામાં આવી છે. સંસ્કૃત શબ્દકોષમાં 'તંત્ર' શબ્દના અનેક અર્થો દર્શાવવામાં આવ્યા છે. 'તંત્ર' શબ્દ મૂળ ધાતુ 'તન્' માંથી બનેલો છે, જેનો એક અર્થ છે 'વિસ્તારવું' શેનો વિસ્તાર કરવાનો છે ? તંત્રના મત પ્રમાણે લૌકિક અને પરલૌકિક જ્ઞાનનો વિસ્તાર કરવાનો છે. (तन्यते विस्तार्यते ज्ञानेन इति तंत्र) જ્ઞાન પણ એક શકિત જ છે તેનું વિસ્તરણ કરવાનું છે.

અહી 'તંત્ર' શબ્દ જ્ઞાનશકિતના વિસ્તરણ ઉપરાંત પણ અન્ય અર્થનો સૂચક છે. આ સંદર્ભને થોડા વિસ્તારથી જોઇએ. 'તંત્ર' શબ્દ બે શબ્દોનો બનેલો છે;

(૧) तनोति અને (૨) त्रायते જે અનુક્રમે વિસ્તરણ અને મુક્તિના અર્થનો સૂચક છે. અહી કોના વિસ્તરણ અને મુક્તિની વાત છે ? એવો સ્વાભાવિક પ્રશ્ન થાય. અહી વ્યક્તિની અંદર રહેલી સુષુપ્ત શક્તિઓના વિસ્તરણ અને મુક્તિનો સંદર્ભ છે.

વ્યક્તિના જીવનના કેન્દ્રમાં શકિત રહેલી છે. કોઇપણ કાર્ય શક્તિ વિના સંભવી શકે નહી. જેમકે બોલવું, સાંભળવું, ચાલવું, વિચારવું વગેરે. શક્તિ કોઇપણ પ્રકારની હોય, શારીરિક કે માનસિક, પણ શક્તિ વિના વ્યક્તિનું જીવન સંભવી શકે નહી. પ્રાણશક્તિ જો જીવંત શરીરમાંથી નીકળી જાય તો તે શરીર શબ બની જાય છે, મૃત બની જાય છે, જેની કોઇ કિંમત નથી. વ્યક્તિ સતત શક્તિની પાછળ હોય છે. તે લક્ષ્મીની શક્તિ હોય કે રાજકિય શક્તિ હોય કે પછી અણુશક્તિ હોય. અંતે શક્તિની પ્રાપ્તિ જ વ્યક્તિના જીવનના કેન્દ્ર સ્થાને છે. તંત્ર ગ્રંથોમાં જણાવાયું છે તેમ શક્તિહીન મનુષ્ય નિંદાને પાત્ર છે. શક્તિશાળી વ્યક્તિ જ સદા અગ્રસ્થાને હોય છે.

તંત્રમાં પણ શક્તિના વિસ્તરણ અને મુક્તિની વાત છે. તંત્ર માને છે તેમ આ વિશ્વનું જેમાંથી સર્જન થયું છે, જે શક્તિને કારણે ટકી રહ્યું છે અને જેમાં લય પામે છે તે વૈશ્વિક શક્તિ વ્યક્તિની અંદર સુષુપ્ત અવસ્થામાં છે, બંધન અવસ્થામાં છે. આ શક્તિ શરીરના મુલાધારચક્રમાં કુંડલ સ્વરૂપે હોય તે કુંડલિની શક્તિ તરીકે પણ ઓળખાય છે. આ વૈશ્વિક શક્તિને બંધનમાંથી મુક્ત કરવાની છે અથવા તો તેનું વિસ્તરણ કરવાનું છે. સાધક જો આ સુષુપ્ત શક્તિને જાગૃત કરી શકે તો, તેના ઉપર કાબુ મેળવી શકે તો, તંત્ર જણાવે છે તેમ તે શક્તિના આવિર્ભાવો (Menifestation) પર પણ નિયંત્રણ લાવી શકે છે. તાંત્રિક સાધનાનું આ હાર્દ અને લક્ષ્ય છે.

આ ઉપરાંત પણ 'તંત્ર' શબ્દના અન્ય અર્થો છે. જેમાંનો એક અર્થ છે, 'રક્ષણ કરવું.' સાધકનું કેવી રીતે અને શેનાથી રક્ષણ કરે છે ? કામિકતંત્ર જણાવે છે તેમ, તંત્ર મંત્ર દ્વારા સાધકનું દુન્યવી, સાંસારિક બંધનોથી રક્ષણ કરે છે. ઉપરાંત સાધકનું શારીરિક તેમજ માનસિક વ્યાધિઓથી પણ રક્ષણ કરે છે. આ સંદર્ભમાં તંત્ર એ ઉપચાર પદ્ધતિ પણ છે. શબ્દ કલ્પ દ્રુમ (સંસ્કૃત શબ્દોકોષ)માં 'તંત્ર' શબ્દના વિવિધ અર્થો આપેલા છે. જેમાંનો એક અર્થ છે, સિદ્ધાંત અને ઉપચાર. આમ, તંત્ર એ જ્ઞાનના પ્રકાશથી અંધકારને દૂર કરે છે તેમજ ઉપચાર પદ્ધતિથી શારીરિક તેમજ માનસિક વ્યાધિમાંથી મુક્ત કરે છે. આમ, તંત્ર એ સાધકનું આધિ, વ્યાધિ અને ઉપાધિથી

રક્ષણ કરે છે.

સંક્ષેપમાં ઉપરોક્ત હકીકતોને ધ્યાનમાં રાખીને આપણે એટલું નિશ્ચિતપણે કહી શકીએ કે, તંત્ર એ કેવળ ભૂત, પિશાચનું શાસ્ત્ર નથી કે તારણ-મારણ કે વશીકરણ માટેની મેલીવિદ્યા નથી પણ એક એવી યુક્તિ (Teachingue) છે જેના વિનિયોગથી સાધક પોતાની આંતરિક સુષુપ્ત શક્તિઓના જાગરણ દ્વારા સ્વાનુભૂતિ (Self-realization)કરી શકે છે.

**૩૧, નિહારિકા બંગલોઝ,**
**હિંમતલાલપાર્ક પાસે, અ'વાદ-૧૫.**

★★★

## માતૃદેવો ભવ

**શ્રી બાબુભાઇ જુગલદાસ બારોટ :**

*જન્મ ૧-૮-'૩૧ ઉંમર ૬૪ વર્ષ, વતન સીડોસણા, તા. જિ. મહેસાંણા. અભ્યાસ બી.એ; બી.એડ., એસ.ટી.સી. કોવિદ આજીવન સારસ્વત સંસ્કૃત અને અંગ્રેજી વિષયોનું મૌલિક પરિશિલન. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો પ્રચાર-પસાર એજ જીવનની અભિરૂચિ. શ્રી વિદ્યાના જિજ્ઞાસુ અને શ્રીરાજ રાજેશ્વરી પીઠમ્, કડીની પ્રવૃત્તિઓમાં દિલચસ્પી છે. મૌલિક ચિંતન દ્વારા દિને દિને નવમ્ નવમ્ના આરાધક છે. "શ્રી ઉપાસના"ના સહતંત્રી છે.*

"માતૃદેવો ભવ !" સૂત્રની પ્રસાદી એ અપૂર્વ ચિંતનનો પરિપાક છે ! જગતને આનંદમય બનાવી મધુરભાવોથી ભરી દેવાનું આ સૂત્રમાં સામર્થ્ય છે. માતૃત્વના ભાવોને સન્માનવાની આ સૂત્રમાં સહજવૃત્તિ છે એવું દર્શન થાય છે. "માતૃદેવો ભવ" આ દિવ્ય ભાવોએ જ શક્તિ ઉપાસનાની પ્રવૃત્તિ સાકાર કરી છે.

જગતને શુદ્ધ-પરિશુદ્ધ કરનારી-માતૃત્વની ત્યાગ, તપ અને પ્રેમની ત્રિવેણી સદાય વહ્યા કરે છે. મધુરત્વભર્યા ભાવોનું પૂર્ણત્વ મા સિવાય અન્ય કયાંય નથી.

આ પૂર્ણત્વનું દર્શન કરાવવા ક્રાંતદર્શી ઋષિઓએ નવ (૯) અને સોળ (૧૬)નો અંક શોધી કાઢયો છે. આપણે આ અંકોનું દર્શન કરી સર્વમાંગલ્યોનું પણ માંગલ્ય એવી મા અને એના દ્વારા થતું ભગવતીનું દર્શન પામીએ.

**નવનો અંક પૂર્ણતાને દર્શાવે છે :**

નવનો અંક પૂર્ણત્વ દર્શાવે છે માટે નવરાત્રિના પ્રત્યેક તહેવારો (મહામાં, ચૈત્રમાં, અષાઢમાં અને આસોમાં)નો અંક નવનો રાખ્યો છે. વર્ષની ચાર નવરાત્રિ એટલે આખા વર્ષની છત્રીશ રાત્રિ થાય. વર્ષની રાત્રિ ત્રણસોને સાઠ એટલે છત્રીશ રાત્રિ એ વર્ષની કુલ રાત્રિ ૩૬૦નો દશમો ભાગ થયો. જીવનનો દશાંશ ભાગ શુભકાર્યોમાં સમર્પિત કરવાનો હોય છે. નવરાત્રિના ચાર પર્વોમાં આ સમર્પણભાવ સિદ્ધ થાય છે. કેટલું સુંદર અને સુભગ દર્શન !

માતૃત્વનો આ મંગલ અને મધુરભાવ માનવ માત્રના જીવનમાં આવી જાય તો જીવન ધન્ય ધન્ય બની જાય.

**સોળનો અંક પણ પૂર્ણતાને દર્શાવે છે :**

સોળ વર્ષની સુંદરી એટલે સોળમે વર્ષે સ્ત્રીત્વનો પૂર્ણ વિકાસ થાય છે.

પૂર્ણ પરિધાન માટે પણ સોળનો અંક પ્રમાણિત કર્યો છે. સ્ત્રી જ્યારે સોળે શણગાર સજે છે ત્યારે સૌંદર્ય પૂર્ણ રીતે ખીલી ઊઠે છે.

ચંદ્ર જ્યારે સોળે કળાએ ઉદય થાય છે ત્યારે પૂર્ણ ચંદ્રોદય થયો કહેવાય છે.

જીવનને સંપૂર્ણ સંસ્કારી બનાવવા માટે ઋષિઓએ સોળ સંસ્કારની રચના કરી છે.

જ્યારે કોઇ પણ વ્યક્તિની વાત તદ્દન સાચી હોય ત્યારે તમારી વાત સોળઆની સાચી છે. એમ કહેવાય છે.

રાજરાજેશ્વરી ભગવતીનું પૂર્ણ વિકસેલું સ્વરૂપ એટલે 'ષોડશી'નું સ્વરૂપ સંપૂર્ણ સૌંદર્યનું દર્શન કરાવે છે. મા લલિતામ્બા કે ભગવતી ત્રિપુર સુંદરી.

પૂજનનાં સમગ્ર પાસાંને આવરી લેવા ષોડશોપચાર પૂજનની વ્યવસ્થા ગોઠવી છે.

ષોડશોપચાર પૂજન માટે શ્રીસૂક્તના સોળ મંત્રો છે. પુરુષસૂક્તના પણ સોળ મંત્રો છે. પૂર્ણ સંસ્કારી જીવન બનાવવા પણ ષોડશ સંસ્કારો છે.

સ્વરને સોળ માતૃકાઓ કહી છે. આ સોળ સ્વર કે સોળ માતૃકાઓનો ઉચ્ચાર સ્વતંત્ર રીતે કરી શકાય છે. અન્યની મદદની જરૂર પડતી નથી. સ્વર સ્વયં ઉચ્ચારાય છે.

આમ, સ્ત્રી જાતિ સાથે સોળની સંખ્યા વધારે સંકળાએલી છે.

વ્યંજન એટલે પુરુષ વ્યંજન સ્વર વિના ખોડો છે. અધૂરો છે. વ્યંજનને સ્વરની મદદ લેવી પડે છે. એટલે પુરુષ વર્ગ સ્ત્રી વર્ગ પર અવલંબિત છે.

જેનું વ્યક્તિત્વ સામર્થ્યયુક્ત છે તેને સન્માનવા સામા પગલે જવું પડે છે. માટે તો લગ્નવિધિ વખતે પરણનાર-વરરાજા વરવધૂને લેવા જાય છે. જાન જોડીને જાય છે. વાજતે ગાજતે સન્માન સાથે લાવે છે.

લગ્ન વખતે પરણનાર પુરુષ જેને પરણવાનું છે એનું પાણિ ગ્રહણ કરે છે. પાણિ એટલે શક્તિ.

આમ, સ્ત્રી શક્તિનો પ્રવાહ પુરુષમાં વહેવડાવી શક્તિનો પૂરવઠો પૂરો પાડે છે. પુરુષમાં પુરુષાર્થનું વહન કરાવે છે અને પુરુષત્વને પૂર્ણ કરે છે. એટલું જ નહિ પરંતુ સ્ત્રી તો માતા બને છે અને નિર્માતા થાય છે. તેથી શાસ્ત્રકારો બોલી ઊઠયા છે.

માતા निर्माता भवति । સાચે જ સ્ત્રી તો સર્વ ક્ષેત્રોમાં નિર્માતા જ છે. આ નિર્માતા બનેલી માતા માટે ઋષિઓએ મધૂરું મનોહર સૂત્ર આપ્યું છે. માતૃ દેવો ભવ । અને એને પ્રથમ સ્થાને સ્થાપ્યું છે. આ સૂત્રોનો ફલિતાર્થ એ છે કે નારી જાતિ તરફ સદૈવ સદ્દભાવ અને સદ્દવર્તન રાખવું.

મનુસ્મૃતિકાર મનુ ભગવાન પણ આજ વાત કરે છે. यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः । જ્યાં સ્ત્રી સન્માન છે તેવા ઘરનાં બાળકો ધાર્મિક વિદ્વાન એટલે કે દેવ બને છે.

**પતિ-પત્નીના સહયોગનો ક્રિયાત્મક અભિગમ :**

કોઈ પણ ઉપાસનામાં - પૂજનમાં કે અર્ચનની વિધિમાં પતિની સાથે પત્ની હોય જ. પૂજનમાં પ્રવૃત્તિ પતિએ જ કરવાની હોય છે. પત્નીએ તો કેવળ પોતાનો હાથ જ પતિને સ્પર્શવાનો હોય છે. પત્ની પતિના ખભે હાથ સ્પર્શીને બેસે છે. આ ક્રિયામાં સુંદર ભાવ અને દૃષ્ટિ છે. તે એ છે કે પતિને પ્રત્યેક કાર્યમાં પ્રેરણા આપવાનું કામ પત્નીનું છે. પત્નીના સ્પર્શ માત્રથી પતિમાં પુરુષાર્થ પમરાટે છે. પત્નીનું કામ સ્પર્શ દ્વારા વિદ્યુતનો પ્રવાહ વહેતો કરવાનું છે. વિદ્યુતના પ્રવાહથી પંખો, ફ્રીજ, લાઈટ સઘળું કાર્યન્વિત બની જાય છે તેમ પત્નીનો સ્પર્શ એ પ્રતીક છે કે પતિના પ્રત્યેક કાર્યમાં પત્નીનો સહયોગ અતિ આવશ્યક છે. પતિને સદૈવ પ્રેરણા આપતા રહી "ધન્યોગૃહસ્થાશ્રમ" બનાવી ધર્મપત્નીનું બહુમાન પામવાનું હોય છે. આવા ભાવોનું અભિવર્ધન થાય તો જ આપણી શક્તિ ઉપાસના ફલવતી બને છે. અસ્તુ.

**એલ/૯૧/૧૦૮૨, શ્રીનગર એપાર્ટમેન્ટ, સોલારોડ,**
**નારણપુરા, અમદાવાદ-૧૩.**

★★★

## આદ્ય શકિત અષ્ટક

**શ્રી કનૈયાલાલ જોશી :**

*જન્મ : ૧૧-૫-૧૯૨૯, વતન : રાંધેજા, ગુ. રા. શિક્ષણ વિભાગમાં ગેઝેટેડ ઓફિસર તરીકે સંનિષ્ઠ સેવા આપ્યા પછી નિવૃત્તિ, ૩૫ નવલકથાઓ અને ૩ વાર્તા સંગ્રહોના કર્તા, ભારત સરકાર દ્વારા પુરસ્કૃત, બે કાવ્યસંગ્રહો અને બાળ વાર્તાની દસેક ગ્રંથમાળાઓ, શિક્ષણ વિષયક પુસ્તકોનું સર્જન, દૂરદર્શન પરથી વાર્તાઓનું પ્રસારણ, 'શિશુ અભિવાદન ગ્રંથાવલિ'ને ગુ. રા. નું પારિતોષિક.*

(શ્રી દેવ્યથર્વશીર્ષમ્, શક્રાદિસ્તુતિ, દેવી-અપરાધ-ક્ષમાપન સ્તોત્ર, અથ તત્રોકતમ્ દેવી સુકતમ્ અને શ્રી ભવાન્યપરાધ ક્ષમાપન સ્તોત્ર-આ સર્વના શુભ સારને આ અષ્ટકમાં રજૂ કરવામાં આવ્યો છે.)

**શાર્દૂલવિક્રીડિત :**

(૧)

ના આકાર તને છતાં કૃતિ ધરે તું દિવ્ય ચૈતન્યની;
બ્રહ્માંડે ઋત તું, વળી રચયિતા તું વિશ્વ ચૈશ્વર્યની;
તું રુદ્રા, હસતી, [illegible] સૌ, પ્રાચી તણી મંગલા!
હે આદ્યા! જનની! મને શરણમાં રે રાખજે સર્વદા!

(૨)

કલ્પું શી પ્રતિમા ? કવું સ્તવન શાં ? રે મંત્ર કેવાં સ્મરું ?
તારે ના અવકાશ કે ક્ષિતિજ કૈ, અસ્તિત્વ રે એક તું !
તું અંબા, તરુ-બીજની ગહનતા, સારસ્વતે શારદા !
હે આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

(૩)

કીધાં તે અસુરો હણી અસિ થકી, તોયે અમારે ઉરે-
માતેલા મહિષાસુરો વકરતા, અંધારને આચરે;
તું દુર્ગા, ધ્વજ રશ્મિનો કળશપે, કર્તવ્યની અસ્મિતા !
હે આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

(૪)

કીધાં કૈં અપરાધ-પાપ બહુધા, અન્યાયને મારગે,
આરોહો પગથાર સૌ જીવનનાં, વંદુ, પખાળો મને;
તું ગંગા, વિમલા, વિમોચનમયી, હે પાવની ઉજવલા !
તું આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

(૫)

તું છે દૃષ્ટિ, સુગંધ ને શ્રુતિ વળી, સંસ્પર્શ ને સ્વાદ તું;
પ્રાણી માત્ર મહી સ્ફુલિંગ - સવિતા, તું શાંતિ ને ક્રાંતિ તું;
તું દિવ્યા; મન, કર્મ ને વચનથી મારી તને વંદના !
તું આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

(૬)

આ શ્રદ્ધા-નદ લીન ને તરુવરો ત્યાગે હિમે પાંદડાં,
આસ્થાની ધરણી બને મરુ યદા, ઝંઝા ધ્રુજાવે દિશા;
તું વર્ષા, રસવંતી, જીવન-અમી, તું સૃષ્ટિની સંપદા !
તું આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

(૭)

સંસારે મતિ મુગ્ધ ના, ગતિ વળી કર્મે ભરી વંચના;
ના સત્સંગ, નહી ચરિત્ર શુભ આ, રે ચિત્રમાં લાંછના;
તું ભદ્રા, તવ નામના રટણથી થાયે સદા શુભ્ર આ,
તું આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

(૮)

થાયે છોરું કછોરું કિંતુ નહિ રે માતા કુમાતા બને,
મારે જીવનની સમુદ્ર-ભરતી, તું પુણ્યનો ઇન્દુ છે !
ના સંપત્તિ, નહી નહી પદ મહા, રે માત્ર યાચું કૃપા,
તું આદ્યા ! જનની ! મને શરણમાં રે રાખજે સર્વદા !

★★★

## વંદુ શિવે !

**શ્રી લાભશંકર રાવળ 'શાયર' :**

*વતન-જામનગર, પ્રાધ્યાપક તરીકેની સંનિષ્ઠ સેવા જામનગરની આર્ટ્સ-સાયન્સ કોલેજમાં, કવિતા, નવલકથા, નવલિકાસર્જન, અને અનુવાદની પ્રવૃત્તિ એમના 'ગીત અને ગાવાના'-ને ગુ. રા. કાવ્ય પારિતાષિક પ્રાપ્ત થયેલ છે.*

હે મા ! સદા પરમ સુંદરની વિધાતા,
સૌંદર્ય સૃષ્ટિ વિવિધા તુજથી સુજાતા,
રૂપો મહી પરમ રૂપ પરા - આપારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૧
કામાયની સકલ વિશ્વનું બીજ કામ,
આધાર મૂળ નિવસી અનુરાગ-ધામ,
માતેશ્વરી ભુવન મોહિની શંભુ - દારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૨
તારો વિરાટ જનની ! વિભવી વિલાસ,
બ્રહ્માંડ પદ્મ વિકસે તવ શ્વાસ શ્વાસ,
હે ચિન્મયી, રસમયી, ત્રિગુણા સુસારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૩
તું શબ્દ, સ્પર્શ, રસ, રૂપ અનંત ગંધ,
સંસારના સકલ જીવનમાં સુબધ્ય,
સંકર્ષણે ષટ વિધે અતિ સૂક્ષ્મ કારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૪

ઐશ્વર્યની સકલ તું વરદા પ્રદાતા,
સૌંદર્ય યોગ, રસ ભોગ તું ધાત્રી માતા,
તું થી પ્રફુલ્લિત સુધામય સૃષ્ટિ કયારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૫

જવાલા પ્રચંડ તવ જ્યોતિ જલે અનસ્ત,
સંસાર આ ઝળહળે તુજથી સમસ્ત,
વિજ્ઞાન-જ્ઞાન નિધિ તું, તું હિ મુક્તિ આરા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૬

વાગ્વાદિની, પરમશ્રી, તું કાલ કાલી,
રૂપે અનેક જનની મુજ વ્હાલ વ્હાલી,
વાત્સલ્ય ગંગ વરસે શત કોટિ ધારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૭

હું પુત્ર ને તું જનની, બસ એ જ સર્વ,
તારે પડયો ચરણ મા ! એ હિ મુક્તિ પર્વ,
સંસ્કાર તું મલિન અંશ બધાય મારા,
વંદુ શિવે ! વરદ શાશ્વત સ્નેહધારા. ૮

**-લાભશંકર રાવળ 'શાયર'**
**'શિવાલય' , ૮, પટેલ કોલોની, માર્ગ નં-૪,**
**જામનગર-૩૬૧ ૦૦૮**

★★★

# ચાલો, સુખની શોધમાં !

**-સ્વામીશ્રી સચ્ચિદાનંદ :**

*વૈચારિક સાંસ્કૃતિક ક્રાંતિકારી સંત, અનેક શાસ્ત્રોના પ્રકાંડ પંડિત, સમાજ-ધર્મ-વિજ્ઞાનને સાંકળીને આગવું ચિંતનપૂર્ણ દર્શન કરાવનાર, પ્રજ્ઞાદીપ સમાન પ્રવર્તમાન સમયન્ત મહાન વિચારક, ચિંતક સતપુરુષ, દંતાલી, કોબા, ઊંઝા વગેરે સ્થળોએ વૃદ્ધાશ્રમો, દવાખાનાં, અન્નક્ષેત્રો દ્વારા માનવસેવાની ઉમદા પ્રવૃત્તિ.*

પ્રત્યેક વ્યક્તિને જીવનના આદિથી અંત સુધી સતત જકડી રાખનાર કોઇ શબ્દ હોય તો એનું નામ સુખ છે. પછી એ વ્યક્તિ સંસારી હોય, સાધુ હોય, રાજકારણમાં હોય, વ્યવસાયમાં હોય, જીવનના કોઇ પણ ક્ષેત્રમાં હોય, એવી કોઇ વ્યક્તિ નથી જેને સુખે પકડી ન રાખી હોય. એક રીતે સારું છે કે તમામેતમામ પ્રવૃત્તિઓનું કેન્દ્ર સુખ છે. પણ સુખ એ સૌની અલગ અલગ રૂચિનો વિષય છે. ઇશ્વરે બહુ દયા કરી, બધાને માટે એક જ પ્રકારનાં સુખો નિર્મિત કર્યા હોત તો કદાચ આપણે સૌથી વધારેમાં વધારે દુઃખી થઇ ગયા હોત. કોઇને સિગરેટમાં સુખ આવે છે તો કોઇને ધુમાડાથી ઊલટી થાય છે. કોઇને અમુક પ્રકારના ભોજનમાં બહુ મજા આવે છે તો કોઇનાથી એ ભોજન જોયું પણ જતું નથી. આમ સુખનાં જે કારણો છે, સુખની જે વસ્તુઓ છે એ સૌના માટે અલગ અલગ બનાવી દીધી. મારું એવું માનવું છે કે વ્યક્તિના જીવનમાં સુખ અથવા દુઃખમાં જે સૌથી વધુમાં વધુ મહત્ત્વનો ભાગ ભજવનારું તત્ત્વ છે એ વ્યક્તિની પોતાની પ્રકૃતિ છે, એનો નેચર છે. નેચરની ઉપર એક સૌથી વધારે મહત્ત્વનો ભાગ ભજવનારું તત્ત્વ છે, એ છે પ્રજાને સામૂહિક દ્રષ્ટિએ સુખની વ્યાખ્યા આપનારું દર્શન. આપણે સુખની વ્યાખ્યા આપનારું દર્શન. આપણે સુખ કોને માનીએ છીએ ? વ્યક્તિગત નહી પણ સમષ્ટિ રીતે પ્રજા જ્યારે એક નિશ્ચિત પ્રકારના સુખને માનતી હોય છે ત્યારે એના મસ્તિષ્કની અંદર એક દર્શન બેઠું હોય છે અને દર્શન પ્રત્યેક વ્યક્તિ નથી રચી શકતી, પ્રત્યેક વ્યક્તિક બુદ્ધ નથી થઇ શકતી, પ્રત્યેક વ્યક્તિ મહાવીર નથી થઇ શકતી, પ્રત્યેક વ્યક્તિ શંકરાચાર્ય નથી થઇ શકતી. પણ બુદ્ધ મહાવીર અને શંકરાચાર્યની પાછળ ચાલનારા હજારો-લાખો કરોડોમ ણસો કંઇક થઇ શકતાં હોય છે. જ્યારે તમે કોઇ એક નિશ્ચિત વ્યક્તિની પાછળ ચાલો છો ત્યારે એનો અર્થ એ થાય કે એ વ્યક્તિએ સુખ-દુઃખની સંસારની કે જીવનની જે વ્યાખ્યા કરી છે એ વ્યાખ્યા જાણતા-અજાણતાં પણ તમને સ્વીકાર્ય છે. અને તમને નવાઇ લાગશે કે માત્ર આપણે ત્યાં જ નહી, દુનિયાભરમાં જેટલા મહાપુરુષો થયા છે એ બધાએ સુખની દુઃખની અલગ અલગ વ્યાખ્યા કરી છે. એક રીતે સારું પણ થયું કે અલગ અલગ વ્યાખ્યા કરી છે. હું તમને એક દાખલો આપું: બુદ્ધને આનંદે પૂછયું: ભગવાન

આ સંસાર શું છે ? બુદ્ધે એક સુંદર જવાબ આપ્યો. દુઃખમ્ સર્વમ્ દુઃખમ્ સર્વમ્ દુઃખમ્ સર્વમ્ આનંદ, દુઃખ સિવાય બીજું કશું જ નથી. રાજા દુઃખી છે, પ્રજા દુઃખી છે, મા દુઃખી છે, બાપ દુઃખી છે, છોકરો દુઃખી છે, વેપારી દુઃખી છે-ચારે તરફનું નજર નાખ. દુઃખ જ દુઃખ છે. લગભગ મહાવીરની ફિલોસોફી પણ આને મળતી આવે છે. પણ આ બેમાંથી એક તત્ત્વ નીકળ્યું અને એ તત્વ શું નીકળ્યુ ? દુઃખને દૂર કરવાની કરુણા ! કરુણા કેમ નીકળી ? બુદ્ધ કરુણાકર કેમ હતા ? મહાવીરને આટલી બધી દયા કેમ આવી ? પ્રાણીઓ પ્રત્યે, જીવો પ્રત્યે, સંસાર પ્રત્યે આટલી બધી દયા ઊભરાઈ કેમ ? એના મૂળમાં છે સંસારને જોવાની દષ્ટિએ તમે સંસારને કઇ દષ્ટિથી જુઓ છો ? ચારે તરફ તમને શું દેખાય છે ? દુઃખ જ દુઃખ આનંદે પૂછ્યુંઃ તો આ દુઃખનું નિવારણ શું છે ? દુઃખનો ઉપાય શું છે ? અને બુદ્ધે ઉપાય બતાવ્યોઃ એક જ ઉપાય છેઃ ઈચ્છાની નિવૃત્તિ, ઈચ્છાની અલ્પતા, ઈચ્છાને ઓછી કરી નાખો. પહેલા ઈચ્છા જાગે છે વસ્તુ મેળવવાની પછી આશા જાગે છે, પછી તૃષ્ણા જાગે છે અને એ તૃષ્ણા ઊંઘવા નથી દેતી. એટલે હે આનંદ, સુખીમાં સુખી માણસ કોણ છે ? જેને કોઇ ચીજની ઈચ્છા નથી, કશું જોઈતું નથી. આલીશાન બંગલો જોઇને પણ જેના મનમાં એવી કલ્પના નથી થતી કે આવો બંગલો મારે હોય તો ? આવી ગાડી મારે હોય તો ? આવું બધું મારે હોય તો .... એવું જેને નથી થતું એ દુનિયાનો સુખીમાં સુખી માણસ છે. હું તમને વિસ્તારમાં નહી લઇ જાઉ. મારે તમને બે-ત્રણ વાતો કહેવાની છે, એટલે પહેલી વાત આ થઇ. એનાં પરિણામ શું આવ્યા ? એનાં પરિણામે ભારત ત્યાગી દેશ બન્યો. એક માસ્ટર બીબું હોય છે. પ્રેસમા કમ્પોઝ થયેલું એક માસ્ટર બીબું હોય છે. પ્રેસમાં વૈરાગ્યની કથા, ત્યાગની કથા, છોડો છોડો કશું ભેગું આવવાનું નથી કશું સાથે આવવાનુ નથી.... એટલું જ નહી અમે સાધુઓએ આ ત્યાગ અને વૈરાગ્યને વધારે મજબૂત અને પ્રબળ બનાવવા માટે સંસારના પ્રત્યે એક પ્રકારની ઘૃણા ઉભી કરી. અને સ્ત્રીના મોઢા શું જુઓ છો, એ તો નરકની ખાણ છે.... નરકમાં લઇ જશે. માયાનું રૂપ છે. અને આ બધા પકવાન ખાવ છો. ખબર છે, એ વિષ્ટા થઇ જવાની છે ! આ બધા જરિયન જામા પહેરો છો પણ જ્યારે ચિતા બળતી હોય ત્યારે તમે જઇને જોયું છે કે ભડભડ ભડભડ તમારું શરીર બળતું હોય છે. એક એવી દ્રષ્ટિ વિકસી જે દ્રષ્ટિનો અર્થ એવો થયો કે સંસારમાં સુખ નથી અને છે તો એ દુઃખનું મૂળ છે. આ સંસારના સુખો લેવા માટે જો દોડશો તો અંતે તમારે વધારે દુઃખો ભોગવવાં પડશે. એનાં પરિણામ એ આવ્યાં કે દસમી શતાબ્દીથી માંડીને ૧૫ મી શતાબ્દી સુધીનો ઈતિહાસ તમે જો જોશો તો યુરોપનો માણસ એટલે કે ત્યાંનો ક્રીમ વર્ગ, અને હંમેશાં વાતો ક્રીમ વર્ગની જ થતી હોય છે, પ્રત્યેક સમાજની પાસે એ ક્રીમ વર્ગ હોય છે અને એ ક્રીમ વર્ગ આખી પ્રજાને દોરતો હોય છે, ખેંચતો હોય છે. બાકીની પ્રજા તો ઘસડાતી ચાલતી હોય છે. ૧૦મી શતાબ્દીથી માંડીને ૧૫મી શતાબ્દીનું યુરોપ તમે જુઓ તો જે ક્રીમ વર્ગ નીકળ્યો એ દરિયા તરફ દોડ્યો. દરિયો ડહોળાવવા માંડ્યો. ૫૦૦ વર્ષ સુધી એ લોકોએ દરિયો ડખોળ્યો. નકશા નહી કોઇ હોકાયંત્ર નહી, ધ્રુવ તારાને જોરે દરિયો ખેડ્યો. કેટલા મરી ગયા, કેટલા ફના થયા, કેટલા બરબાદ થયા પણ એમાંથી વાસ્કો ડી ગામા પેદા થયો. એમાંથી કોલંબસ પેદા થયો, એમાંથી યુરોપની કોલોનીઓ પેદા થઇ, એમાંથી યુરોપ સુપર પ્રજા બની અને આખી દુનિયા પર યુરોપ છવાઈ ગયું. લગભગ એ જ સમયે તમે જુઓ ભારતનો જે ક્રીમ વર્ગ છે તે હિમાલય તરફ દોડ્યો. તેણે સીધી હિમાલય તરફ દોટ મૂકી અને દરિયા ઉપર ઘૃણા કરી, દરિયાને અડશો નહી ! દરિયો પાપ છે. દરિયાથી અભડાઇ જશો અને દરિયાની પાર ન જશો. એટલે દરિયાથી આપણે ડર્યા. આપણને એટલી ખબર નહી કે આંદામાન નિકોબાર ટાપુઓ આપણી નજીકમાં આવેલા છે અને આખો ઓસ્ટ્રેલિયા દેશ ખાલી પડેલો પોકાર પાડે છે. કે આવો મને ભોગવો. હું ખાલી પડેલો દેશ છું આવો. પણ આપણો જે ક્રીમ વર્ગ હતો તે હિમાલય તરફ દોડ્યો અને હિમાલય તરફ દોડીને થયું શું ? પલાંઠી વાળીને બેસી ગયો. અને એવો બેસી ગયો કે એમાંથી એક નિષ્ક્રિયતા પૂજાવા લાગી. આ દેશની અંદર

નિષ્ક્રિયતા પૂજાય છે. આ નિષ્ક્રિયતાને પછી તમે યોગનું નામ આપો, અધ્યાત્મનું નામ આપો, ભક્તિનું નામ આપો.... તમારે જે નામ આપવું હોય તે આપો. હું જો ઝૂંપડેઝૂંપડે ફરું તો સામાન્ય થઇ જાઉં. પણ જો ભોંયરામાં બંધ થઇને બેસું તો લાઇન લાગે દર્શન કરનારાઓની મારા ઓળખીતા એક મહાત્મા છે. એ ભોંયરામાં બહુ બેસે છે. મેં કહ્યું તમે આ ભોંયરામાં બેઠાં બેઠાં શું કરો છો ? તો મને કહે , કોઇને કહો નહી તો વાત કરું મે કીધું: નહી કહુ ખાનગી રાખીશ. તો કહે, હું ભોંયરામાં ઊંઘુ છું ઊંઘો છો ? તો ઉપર રૂમમાં ઊંઘતા હો તો, તો કહે, ના બહાર એક માણસ બેસાડવાનો અને એ માણસ દરેકને કહે કે મહારાજ સમાધિમાં છે.... મે કહ્યું અંદર તમે ઊંઘો છો અને બહાર સમાધિની વાત મને કહે, તમે સમજ્યા નહી, નિદ્રા સમાધિ સ્થિતિ છે, ઊંઘવું એ સમાધિ છે. પેલામાં સમાધિ ચડે કે ન ચડે પણ આમાં તો સમાધિ ચડી જ જતી હોય છે. તો મેં કહ્યું, એના કરતાં બહાર નીકળી ને કંઇ કરોને. તો કહે બહાર નીકળીને કંઇ કરીએ તો કોડીના થઇએ અને ન કરીએ તો કરોડના થઇએ છીએ. ઓહોહોહો, કેટલી ગજબની વાત છે ! એક ગાંધી થયા, એક વિનોબા થયા, એક રવિશંકર થયા એક ઠક્કરબાપા થયા, કેટલી સાધ્વીઓ ક્રિશ્ચિયન ધર્મમાં હું જોઉં છું. લેપ્રસીનું કામ કરનારી અને ઝૂંપડી-ઝૂંપડીએ ફરીને કામ કરનારી. કોઇ એમનાં દર્શન કરવા નથી જતું, કોઇ એમના પગની ધૂળ નથી લેતું .... પણ જો તમે એકાંતમાં અને નિષ્ક્રિય થઇને બેઠા તો બસ, નિષ્ક્રિયતા એ જ તમારી પૂજા. અમેરિકામાં એક માણસે મને પૂછ્યું, ભારતમાં તમારી એક્ટિવીટી શું ? મે કહ્યું તમે અમારી સાધુઓની એક્ટિવીટી જાણતા નથી ? તો મને કહે ના, મને ખબર નથી. મે કહ્યું અમારી બે એક્ટિવીટી છે એક દર્શન આપવા અને બીજા આશીર્વાદ આપવા. મને કહે આ કોઇ એક્ટિવીટી કહેવાય ? મેં કહ્યું આ એક્ટિવીટીમાં એટલું મોટું વળતર મળે છે કે એટલું મોટું વળતર કદાચ હીરાના મોટા વેપારીઓને પણ નહી મળતું હોય. હીરાના વેપારીઓ બહુ બહુ તો બંગલો બાંધતા હશે, ગાડીમાં ફરતા હશે. બંગલા તો અમારા પણ બંધાય છે અને ગાડીઓ પણ મળે છે. પરંતુ એમના પગ નહી પૂજાતા હોય, અમારા તો પગેય પૂજાય છે. પગ ધોઇને લોકો એ પાણી પીએ છે.

આમાં તો દેશ આખો દરિદ્ર થઇ જશે, વિજ્ઞાન વિનાનો થઇ જશે, સાહસ વિનાનો થઇ જશે. યોગીઓ ઘણા હશે. યોગીઓનો પાર નહી હોય પણ નેપોલિયનો નહી હોય, સિકંદરો નહી હોય. પછી યોગીઓ જ યોગીઓ બધા હશે, એ કાં તો હવામાં ઊડતા હશે અને કાં તો પાણીમાં ચાલતા હશે, પણ ધરતી ઉપર નહી ચાલતા હોય, જમીન ઉપર નહી ચાલતા હોય. કોઇએ શંકરાચાર્ય પાસે જઇને પૂછ્યું : સંસારમાં સુખ શું છે ? અને તત્ત્વ શું છે ? એમણે કહ્યું : દુઃખ નામનું કોઇ અસ્તિત્વ નથી. દુઃખ જેવી કોઇ વસ્તુ જ નથી. હું સુખરૂપ છું, પૂર્ણ સુખરૂપ છું. હું બ્રહ્મ છું અને બ્રહ્મ એટલે જ સુખ. સચ્ચિદાનંદનો અર્થ જ સુખ થાય છે. એમાં લેશ દુઃખ નથી. તો આ બધા જે દુઃખી થાય છે એ શું ? તો શંકરાચાર્ય કહે, એ બધા માયાથી દુઃખી થાય છે, અજ્ઞાનથી દુઃખી થાય છે. એમનું જે મિથ્યાજ્ઞાન છે એ દૂર કરો, મિથ્યાજ્ઞાન દૂર થાય તો પોતે સુખરૂપ છે. ત્રણેય કાળમાં સુખરૂપ છે, એ માટે કયાંય જવાની જરૂર નથી...... આ દર્શને કેટલી મોટી અસર કરી. ભારતમાં મારા જેવા હજારો હજારો સાધુઓ છે અને હજારો હજારો સાધુઓ એક જ કામ કરે છેઃ લોકોના અજ્ઞાનને દૂર કરવાનું અને આ અજ્ઞાન શું છે ? મહાત્માઓ કહે કે તમે બ્રહ્મ છો, તમે સુખરૂપ છો પણ મુશ્કેલી એ છે કે સાત વાગ્યાથી વેદાંતની કથા શરૂ થાય અને દસ વાગ્યા સુધી ચાલ્યા પછી રસોડા તરફ દૃષ્ટિ જાય કે હવે કેટલી વાર છે ? અને બાર વાગ્યે તો દુર્વાસા બનીને ઊભા થઇ જાય કે હજુ કેમ ઘંટડી વાગતી નથી ? ત્યારે કોઇ પૂછે કે તમે તો કહેતા હતા ને કે તમે સુખરૂપ છો. ત્યારે એ કહેશે, અરે, સુખરૂપ છીએ પણ આ પંચકોષ ખરાને, એને અન્નજળ તો આપવું પડેને ?

જીવન એક વાસ્તવિકતા છે. જીવનને તરંગી ન બનાવો, જીવનને કલ્પના ન બનાવો, નહીં તો તમે શેખ[illegible] થઇ જશો. શેખચલ્લીને પણ તરંગનો આનંદ

આવે. જ્યારે ઘાડવો ઉપાડીને ચાલતો હોય ત્યારે એને કલ્પના કરવાનો આનંદ તો આવે, પણ વાસ્તવિકતા એ વાસ્તવિકતા છે.

ઉપનિષદો અને ભગવદ્ ગીતા આ બંનેને હું જરા વધારે મહત્વ એટલા માટે આપું છું કે આ બન્ને ગ્રંથો ધરતી ઉપર ચાલનારા ગ્રંથો છે, એમણે પરિસ્થિતિનો સ્વીકાર કર્યો છે અને સ્વીકાર ન કર્યો હોત તો ? અર્જુને કહ્યું, મારે સંન્યાસ લેવો છે, મારે આ યુદ્ધ નથી કરવું, આવું ઘોર યુદ્ધ જેમાં હજારો-લાખો માણસો મરી જવાના હોય અને એ માત્ર મારા રાજ્ય મેળવવા માટેનું યુદ્ધ ..... મારે આવું યુદ્ધ નથી કરવું. કેટલો સરસ વિષાદ યોગ છે. અને છતાં ય કૃષ્ણ કહે છે : તસ્માદ્ યુધ્યસ્વ ભારતઃ, તસ્માદ્ યુધ્યસ્વ ભારતઃ કૃષ્ણના જીવનમાં તમે જોશો તો કોઇ જગ્યાએ તમને સુખનો દ્રોહ જોવા નહી મળે. એ વાંસળી વગાડી શકે છે, નાચી શકે છે, ગીત ગાઇ શકે છે. એ શું નથી કરી શકતા ? જમી શકે છે, જમાડી શકે છે, આનંદથી જમાડી શકે છે. એક પાદરીએ પુસ્તક લખ્યું. એ મારી પાસે આવ્યા. મને કહે આ પુસ્તકનું ઉદ્ઘાટન તમારા હાથે રાખવું છે. મે કહ્યું કે તમારે તો ક્રાઇસ્ટ ઉપર લખવાનું હોય, એમાં વચ્ચે કૃષ્ણ કયાંથી લાવ્યા ? અને પછી ઉદ્ઘાટન કોઇ ફાધર દ્વારા કરાવવાનું હોય મને વચ્ચે કેમ લઇ આવો છો ? બહુ સારો માણસ, બહુ મજાનો પાદરી હતો. હું તમને બીજી એક વાત કહું છું. તમે કોઇ પણ ધર્મ પાળતા હો પણ તમારી સાંપ્રદાયિક ઘરેડથી જ જો થોડા ઊંચા ઊઠશો તો બીજા ધર્મ સંપ્રદાયોની વિભૂતિઓનો લાભ પણ લઇ શકશો. નહીતર એવું બનશે કે તમારી ઘરેડના પથરા તમારા માથામાં વાગ્યા કરતા હશે અને તમને લોહીલુહાણ કરતા હશે. અને છતાંય તમને એ લોહીલુહાણ થવાનો એક પ્રકારનો મોહભર્યો આનંદ આવતો હશે. અને તમારી ઘરેડની બાજુમાં જ દિવ્ય રત્નો પડ્યાં હશે પણ તમે જિંદગીભર તેની ઉપેક્ષા કરીને એનો લાભ નહી લઇ શકો. બહુ મજાનો પાદરી. મને કહે, જુઓ સ્વામીજી, આ પુસ્તક મે લખ્યું, હું નીકળ્યો ભગવાનની શોધમાં અને મે બધા ધર્મોના ભગવાનો જોયા ખાસ કરીને જન્મેલા ભગવાન ..... જે જન્મે અને પછી આયુષ્ય પૂરું થાય એટલે દેવ થાય. આ બધા ભગવાનોને જોયા, એમાં મને સૌથી અદ્ભુત ચરિત્ર કૃષ્ણનું દેખાયું. મે કહ્યું કેમ, શું દેખાયું ? તો કહે, આ એક એવું વ્યકિતત્વ છે જે યુદ્ધ કરી શકે છે, નાચી શકે છે. જીવનની જેટલી એક્ટિવીટી કહેવાય, જીવનનાં જેટલાં ક્ષેત્રો કહેવાય એ તમામે તમામ ક્ષેત્રોમાં, એટલું જ નહી તમામે તમામ ક્ષેત્રોમાં સોળે કળાએ પાછા. એક ક્ષેત્ર એવું નહી કે એમાં ૧૪ કળા હોય, ૧૨ કળા હોય કે ૧૩ કળા હોય. તમે વાંસળી વગાડો તો ૧૬ કળાએ નાચવાનું કહો તો ૧૬ કળાએ અને યુદ્ધ કરવાનું કહો તો પણ ૧૬ કળાએ.... અને વિષ્ટિ દૂત થઇને મોકલવાનું કહો, રાજદૂત થઇને તોય ૧૬ કળાએ અને પતરાવળા ઉપાડવાનું કામ આવે કે પગ ધોવાનું કામ આવે તો ય ૧૬ કળાએ ..... ત્યારે મે વિચાર્યું, આ કોઇ કૃષ્ણનો અનુયાયી નથી બોલતો આ તો બીજા ધર્મનો માણસ બોલી રહ્યો છે અને એક બીજી વાતુ હું તમને કહું. તમારી પરંપરાના માણસો તમારી પરંપરા માટે શું બોલે છે એની કોડીની કિંમત છે એ તો બોલવાના જ. બોલવું જ પડે, પરંતુ તમારા વિરોધી માણસો તમારા માટે શું બોલે છે એ બહુ મહત્ત્વનું હોય છે અને વિરોધીનો અભિપ્રાય એ જ મોટો અભિપ્રાય માનવો જોઇએ. હા, વિરોધી તટસ્થ હોય તો ! એટલે મને પાદરી કહે મે જોયું કૃષ્ણની અંદર એક સર્વાંગીણતા છે અને સર્વાંગીણતામાં મને સૌથી વધારેમાં વધારે એ ગમ્યું કે એ જ્યારે જુઓ ત્યારે હસતા હોય છે. એટલે જીવનનો એણે સ્વીકાર કર્યો છે.

અમારે ત્યાં એક ઋષિ માર્ગ છે અને ઋષિ માર્ગનું મૂળ ધ્યેય શું છે ? યતોભ્યુદય નિશ્રયેસી સિદ્ધિ સધર્મ કણાત. આ ઋષિ કણાત છે. એણે ધર્મની વ્યાખ્યા કહી કે જેનાથી આલોકમાં અભ્યુદય થાય. આલોકમાં પ્રજા સુખી થાય અને પરલોકની પણ સિદ્ધિ થાય. એ બે કામો એક સાથે જ કર્મોથી થતા હોય એનું નામ ધર્મ. મારે આ લોક બગાડવો નથી અને મારે પરલોક પણ બગાડવો નથી . માત્ર પરલોક માટે જ મારે આ લોકને ધૂળધાણી નથી કરી નાખવો. પહેલાં હું આ લોકને સુધારીશ અને પછી પરલોક. એટલે જે ફિલસૂફી દર્શન છે એ દર્શન એક

મહત્વનો ભાગ ભજવતો હોય છે. ભગવદ્દ ગીતામાં તમે જોશો તો વાંરવાર ત્યાગની વાતો છે, વૈરાગ્યની વાતો છે. બધીય વાતો છે પણ પાયામાં શું છે ? કર્તવ્ય છે અને કર્તવ્ય એવું નથી જે સાધના ન હોય અને કોઇ સાધના એવી નથી કે જેમાં દુઃખ ન હોય. અને જો દુઃખ વિનાની સાધના હોય તો તો બધાય સાધકો બની જાય. હવે હું મૂળ વાત પર આવું છું. કેટલાક માણસો એવા હોય છે કે જેની ચારે તરફ લાખ રૂપિયા પડ્યા હોય છે પણ લઇ નથી શકતા હોતા. એ સુખી હોય છે પણ સુખી થઇ નથી શકતા એ દુઃખી નથી હોતા એ સુખી હોય છે, એમને બંગલો હોય છે, સારી પત્ની હોય છે, માત્ર સારી જ નહી વફાદાર પત્ની હોય છે, સારા છોકરા હોય છે, સારી પેઢી હોય છે, બધું હોય છે પણ એ સુખી નથી થઇ શકતા હોતા. તમને ખબર છે આપણા પૂર્વજોએ બધી મૂર્તિ બનાવી દેવદેવીઓની. એમાં પૈસાનો દેવ કયો ? ધનનો દેવ કયો ? ધનનો દેવ કુબેર છે અને કુબેરનું ચિત્ર તમે જોયું છે ? અરે હાથ ધોઇ નાખ્યા ચિત્ર બનાવનારાએ. કુબેરનું સ્ટેચ્યું મેં જોયું તો અડધી પલાંઠીવાળી એક તરફનો ઘૂંડો ઊંચો કરી એના ઉપર લમણે લાથ મૂકી બેઠેલો આ કુબેર છે. ઓહોહો, મેં કહ્યું, ભગવાન મારે કુબેર નથી થવું હો...... આ કુબેર લમણે હાથ દઇને બેઠો છે અને પેલા ગૂણ ઊંચકનારા એના માણસો એની દુકાનમાં, એની પેઢીમાં અડધી અડધી બીડી ફૂંકનારા, એક બીડીમાંથી ત્રણ જણા પીનારા અને ગૂણો અને થેલા ઢકેલનારા, પરસ્પર ગાળો બોલનારા અને તમે જુઓ તો કિલકિલાટ કરતા હોય, કંઇ આનંદ કરતા હોય ત્યારે હું ગાદી પર બેઠેલા શેઠને જોઇને કહું, હસો જરા. તમારા નોકરો હસે છે, તમારા ચાકરો હસે છે, હસો તમે, જરા કંઇક હસો. આમ સ્ટેચ્યુ બનાવીને બેઠા હોય જાણે મંદિરમાં કંઇ મૂક્યું હોયને, મને કહે ના હસાય. અમે શેઠ મૂઆ છીએ, ના હસાય. શું કરીએ, અમે શેઠ થયા છીએ. એટલે જિંદગીમાં એવા ઘણા માણસો હોય છે જેમને ઘણુંબધું મળ્યું હોય છે.

હું તમને એક સામાન્ય વાત કહું. સવારનો પહોર છે અને તમે ઊઠ્યા છો. હવે ઊઠતાંની સાથે તમે ધારો તો ફરિયાદોનો ઢગલો કરી શકો. હજુ ચા તૈયાર નથી. નહાવાનું તૈયાર નથી, પાણી બરાબર ગરમ નથી, ફલાણું નથી, આ નથી, તે નથી. આવું પણ કરી શકો છો અને સાવરે ઊઠતાંની સાથે તમે એક નાના બાળકને રમાડી શકો છો, બચીઓ કરી શકો છો અને વખાણ કરી શકો છો કે ભઇ આજ તો ચા બહુ સરસ થઇ છે. અરે, સારી થઇ હોય અને સારી ન થઇ હોય અને સારી કહો ને સુખની ક્ષણ આવીને ઊભી રહી જશે. સારી ન થઇ હોય અને છતાંય સારી કહો ને અંતે તો પીનારી પીશે ત્યારે ખબર પડશે, સારી થઇ છે કે સારી નથી થઇ ...... અને એ જઇને પડોશણને કહેશે કે અમારા ઘરવાળા એટલા સારા છે કે ખાંડ વિનાની મોળી ચા આપીએ તો ય કહે છે કે સારી છે. તમારે કહેવું નહી પડે કે ખાંડ નાખ. પણ તમે આ ક્ષણો કેમ ગુમાવી દો છો ? તમે તમારી જાતને એટલા નાના, એટલા વામન, એટલા ટચૂકડા બનાવી દો છો. બીજી એક વાત યાદ રાખજો. હંમેશા સુખનું કેન્દ્ર નજીકના માણસો હોય છે અને દુઃખનું કેન્દ્ર પણ નજીકના માણસો હોય છે. દૂરના માણસો છે એ બહુ મહત્ત્વનો ભાગ નથી ભજવતા હોતા, જ્યારે નજીકના માણસના મન જે જીતી શકે,હું સમજું છું કે એનાથી મોટો કોઇ સફળ જીવન જીવનારો માણસ નથી અને નજીકના માણસોને જે જીતી ન શકે, એમના મન જે ન જીતી શકે એનાથી મોટી કોઇ નિષ્ફળતા નથી. એ માણસ થાકી જવાનો. હારી જવાનો. ભલે બહાર ગમે એટલું જીતતો હોય, બહાર ગમે એટલો જયજયકાર થતો હોય પણ ઘરમાં એ હારી ચૂક્યા છે. તમને ભેટ આપતાં આવડે છે ? એક ફૂલ કોઇ માણસ આપે છે. એ ફૂલ એક કે બે રૂપિયાનું હશે, ત્રણનું હશે પણ એક માણસનું મન જીતી શકાય છે. આપણી ચારે તરફ એટલું બધું છે. તમે પ્લેનમાં બેઠા છો, ટ્રેનમાં બેઠા હો અને ધીરે રહી તમારી ડબ્બી ખોલો અને તેમાંથી એક ચોકલેટ કાઢો, બાજુવાળાને આપો, બીજા માણસને આપો, ત્રીજા માણસને આપો. ઉદારતા કદી પણ નુકસાનમાં નથી રહેતી. ઉદારતા હંમેશા ફાયદામાં જ રહેતી હોય છે અને પછી જુઓ કે બાકીના માણસો તમારું કેવું કામ કરવા લાગે છે....... પણ શરત

એટલી છે કે સુખને અવસર આપી શકો તો. અવસર તો ઘણાય મળે છે, પણ આપણે અવસર ઝડપી શકતા નથી. બાકી બધું ઘણું કરી શકાય છે.

સુખનું મૂળ માનવતાવાદમાં છે, પરગજુપણામાં છે. બીજા માટે તમે શું કર્યું ? કેટલું કરી શકો છો ? બીજા માણસ માટે કાંઈક કરવાની તકો તમે કેમ જતી કરો છો ? એક માણસનું માથું ચડ્યું છે અને તમારા ઘરમાં બામની ૧૦ શીશીઓ પડી છે. એકેયનું સીલ તૂટ્યું નથી, એમને એમ પડી છે બધી ..... તમે જઈને દોડો, એક આંગળી બામ લઈને એના માથા પર લગાડી આવો. પરંતુ એનું માથું ઊતરી જાય પછી તમારી દસે દસ બાટલીઓ લઈ જાય એનો કોઈ અર્થ નથી. તમારી પાસે ઘણી વસ્તુઓ છે છતાંય સમય ઉપર તમે એનો ઉપયોગ નથી કરી શકતા એટલે સુખના અવસરો એક પછી એક બધા તમે ખોતા જાવ છો.

તમે અતિ નિગ્રહવાદી ન બનો, અતિ ભોગવાદી ન બનો, મધ્યમના સંયમવાદી બનો અને ભગવદ્ ગીતા એ જ સંયમવાદ કહે છે. તમે ખૂબ ખા ખા કરો એવું નહી કે તમારા ઘરમાં ખૂબ ઘી અને દૂધ છે. તમે આખો દિવસ ઘી પી પી કરો તો સંગ્રહણી થઈ જશે. ભોગ ભોગવવાનો સૌથો મોટામાં મોટો દુશ્મન અતિરેક છે. એ અતિરેકથી બચો, તો બીજી તરફ અતિ નિગ્રહ છે. અમારા એવા ઘણા ઓળખીતા માણસો છે, એમની પાસે ગાડી હોય ગાડી જુઓ તો ૧૨૦ થી ઓછી સ્પીડે ચલાવવાની નહી અને જ્યારે એ રસ્તામાં બગડીને ઊભી રહે ત્યારે જ ગેરેજમાં આપવાની. કોઈ દિવસ એને ઓઈલ નહી કરવાનું, એની સર્વિસ નહી કરાવવાની. કંઈ નહી કરવાનું, બગડે ત્યારે ગેરેજમાં, નહી તો ત્યાં સુધી ચલાવ ચલાવ કરવાની. બીજા એક ઓળખીતા સજ્જન એવા છે ગાડી રાખે પણ ગેરેજમાંથી કદી બહાર કાઢવાની નહી. મારાં પ્રવચનો ચાલે અને ગામડાંમાં દોઢ માઈલ દૂર બપોરે છૂટે. બધા લોકો ધૂમ તાપમાં ઉઘાડા પગે જતા હોય મેં કહ્યું તમારે ગાડી છે અને તમે કેમ તડકામાં દોઢ માઈલ સુધી ચાલતા જાવ છો ? તો મને કહે ગાડી તો લાવું પણ પછી તેમાં ગમે તેવા માણસો બેસવાની અપેક્ષા રાખે છે એટલે જેને તેને બેસાડવા એના કરતાં ગાડી ગેરેજમાં રહે એ જ સારું છે. નવાઈ એ છે, એક બીજા સજ્જન છે. એમણે મને કહ્યું બાપુજી, આ ગાડી પડી છે જેને પણ જ્યાં પણ આવવું જવું હોય તો મારી ગાડીને પહેલો ચાન્સ આપજો. આ એક બીજો માણસ છે. બેઉને પૂછ્યું કે વર્ષે ગાડીનો ખર્ચ કેટલો તો કે ૪૦ હજાર. આ વર્ષે ૪૫ હજાર આવ્યો. મે કહ્યું કે ગાડી તો ગેરેજમાંથી કાઢતા નથી, તો કહે જ્યારે કાઢું ત્યારે એક્સિડન્ટ જ થાય છે. આ રિયલ વાત કરું છું. એક વખત મારે ત્યાં આશ્રમમાં આવી ગયા. ૪૫ દિવસ સુધી ગુમસૂમ ગુમસૂમ રહ્યા. મેં કહ્યું આ માણસ કંઈ સાધના કરવા આવ્યા છે કે શું છે ? પછી ત્યાં ખબર પડી કે એક્સિડન્ટ કરીને આવ્યા છે અને પોલીસ પાછળ પડી છે એટલે સંતાવા માટે આશ્રમમાં આવ્યા છે. વળી પછી કડદો કરી પેલા માણસને ૨૫ હજાર આપ્યા. મે કહ્યું આ ૨૫ હજાર એક્સિડન્ટમાં આપો છો એના કરતાં માણસોને બેસાડો ને સુખને અવસર તો આપો. પણ કોણ આપે ? એ ગાડીએ ગઈ, એ શેઠ પણ ગયા. બધું ગયું અને વાતો રહી ગઈ.

કોઈની સાથે હળો, કોઈની સાથે મળો, કોઈની સાથે આત્મીયતા કેળવો, તોમાં ઠોકરો પણ ખાવ. એવું કદી ન બને કે તમે કોઈની સાથે પહેલી વખત આત્મીયતા કરી અને એ કાયમ માટે સફળ બની જાય તો તમે ભાગ્યશાળી બની જાવ. પણ માનો જિંદગીમાં તમે એક વખત ઠોકર ખાધી એટલે આખી જિંદગી રોદણાં જ રડ્યા કરવાના ? આખી જિંદગી સુધી નિસાસા જ નાખ્યા કરવાના ? જિંદગીમાં સારા માણસો વધારે છે, ખરાબ માણસો ઓછા છે. આ હું તમને એમનેમ નથી કહેતો. ખરાબ માણસો આપણને વધારે કેમ દેખાય છે ? આખું શરીર સાજું સારું છે, પરંતુ આખા શરીરમાં એક જગ્યાએ ફોલ્લી થઈ હોય તો તમારું ધ્યાન ત્યાં જ જાય છે. ફોલ્લી થઈ છે, ફોલ્લી થઈ છે. પણ જ્યાં નથી થઈ ત્યાં તો જુઓ. તમને જિંદગીમાં એક દુષ્ટ માણસ મળે છે એ જ તમને યાદ રહી જાય છે પણ હજાર સારા મળ્યા એ કેમ યાદ નથી રહેતું ?

હું તો તમને એક બીજી વાત કહું છું કે નિરાશાનો

ભાર હિમાલયના ભાર કરતાં પણ મોટો છે. કદાચ હિમાલય ઊંચકી શકાય પણ નિરાશાની અંદર દબાયેલો જે માણસ છે એ એટલો બધો કચડાયેલો હોય છે અને એ નિરાશાના ભારને જે હળવો કરી આપે, હું માનું છું કે એ હિમાલયને ઊંચકનારને કરતાં પણ વધારે મહાપુરુષ છે. તમારી આજુબાજુમાં એવા કેટલાય માણસો નિરાશામાં ડૂબેલા, દબાયેલા, કચડાયેલા માણસો હશે. કોઈ બંગલામાં, કોઈ ફ્લેટમાં હશે, કોઈ ઝૂંપડપટ્ટીમાં હશે, કઈ રોડ પર હશે. કોઈ ઉપરથી હસતો હશે પણ અંદરથી દબાયેલો હશે. તમને જો હૃદય વાંચતા આવડે, ચહેરો વાંચતા આવડે અને તમને થોડોક અણસાર આવી જાય કે માણસ નિરાશામાં દબાયેલો છે તે તમે એક કામ કરો, બસ તમે નિરાશાને ઉતારે આપો, એક નવી આશા આપો. જિંદગી એક આશા છે અને જિંદગીમાં ઘણું સારું સારું બનતું હોય છે. જિંદગીમાં ઘણી તકો છે, ક્ષણો છે. અને ત્રીજી વસ્તુ છે માનવીય સંબંધોની ઉદારતા. ધર્મ માનવ સંબંધોને સંકુચિત ન કરે. આધ્યાત્મ માનવ સંબંધોને સંકુચિત ન કરે. આધ્યાત્મ માનવ સંબંધોને સંકુચિત ન કરે. રામ એ કહેવાય જે શબરીના ઘરે પણ જાય વગર બોલાવે જાય, વગર આમંત્રણે જાય અને માગીને બોરાં ખાય. આ માનવીય સંબંધોની ઉદારતા છે. કૃષ્ણ એ કહેવાય કે ધારે તો દુર્યોધનના મેવા ખાઈ શકે અને છતાં વિદુરને ત્યાં જઈ ભાજી ખાય અને મોઢું બગાડીને નહી હસતાં હસતાં ખાય. એ ભાજીને કારણે વિદુરાણી અમર થાય, વિદુર અમર થાય અને કૃષ્ણ પોતે અમર થાય. કૃષ્ણે જો મેવા જ ખા ખા કર્યા હોત અને વિદુરની ભાજી ન ખાધી હોત તો કૃષ્ણને કોઈ યાદ ન કરત કારણ કે મેવામાંથી જ સંબંધો પેદા નથી થતા હોતા.

મારાં સુખ માટે મને જે ગમે એ જ હું કરીશ એવું માનીને ચાલનારા માણસો સુખી નથી થઈ શકતા હોતા. પણ તમને જે ગમતું હશે, ભલે મને ન ગમતું હોય, એ પણ હું કરીશ. તમને ગમતું હશે તો તમારા ગમા ખાતર મારા ગમાનો ત્યાગ કરીશ. આવા જ માણસો વધુ સુખી થતા હોય છે અને બીજાને સુખી કરતા હોય છે. પાનીમેં મીન પિયાસી મોંહે દેખત આવે હાંસી. અરે તમે સુખના દરિયામાં રહો છો અને છતાં દુઃખી છો ! ઘણા લોકોને રોદણાં જ રડવાના હોય છે. ગામડામાં રહેએ એટલે એ જ વાત યાદ આવે. મેં કહ્યું કે કેમ દુઃખ છે તો કહે આજે ભેંસે દોહવા ન દીધું. અરે ભાઈ, આજ દોહવા ન દીધું પણ ૩૦૦ દિવસ દોહવા દીધું એનું શું ? હવે રોજ દોહવા દે એની કોઈ કિંમત જ નથી અને જ્યારે દોહવા ન દે ત્યારે ચહેરો ઉતારી દે છે. હવે છેલ્લે એક વાત કહી દઉં કે સુખ ક્ષણિક છે. સુખ શાશ્વત નથી. અને ક્ષણિક છે એટલે જ આકર્ષક છે. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ તમારા શરીર સાથે શાશ્વત જોડી દેવામાં આવે તો કોડીની થઈ જશે. તમારે ગુલાબજાંબુ ખાવા છે તો એ ગુલાબજાંબુ ૧૫-૨૦ મિનિટ સુખ આપશે પણ કાયમ તમારા મોઢામાં ભરી દેવમાં આવે તો તમે કંટાળી જશો એવી જ રીતે સુખ અને આનંદના જીવનમાં છાંટણાં હોય છે. દુઃખનો પ્રસંગ હોય ત્યારે તમે દુઃખને પણ કેટલી ઉદારતાથી, કેટલી હિંમતથી સહન કરી શકો છો એનું મહત્વ છે. મહાવીરની પાસેથી શીખવાનું કે કોઈ કાનમાં ખીલા મારી જાય તો પણ શ્રાપ ના નીકળે કે તારું નખ્ખોદ જજો. એ ધારે તો એવું બોલી શકે અને બોલે તો ફળી શકે અને છતાં ય એની આંખમાંથી અમી વરસતાં હોય. જિસસે કહ્યું પ્રભુ, એના અજ્ઞાનને માફ કરજો. હું માફ કરું છું એમ નહી, પ્રભુ તું માફ કરજે એના અજ્ઞાનને .... તમારી પણ મહત્તા એ જ છે કે જ્યારે તમે દુઃખના ડુંગર પર ઊભા હો છતાંય તમારા મુખમાંથી સુખના આશીર્વાદ નીકળતા હોય. સુખી થાવ, સુખી થાવ, સુખી થાવ. સર્વે ભવન્તુ સુખિનઃ એક માણસને દુઃખી થતાં જોઈને તમને જે દુઃખ થાય છે એ દુઃખ નથી એ દુઃખમાંથી જ કરુણા પેદા થાય છે અને કરુણામાંથી કર્તવ્ય પેદા થાય છે. જો તમને કોઈના દુઃખ જોઈને લાગણી જ ન થાય તો તમે બિલકુલ નિષ્ઠુર બની જાવ. તમે કશું જ નહી કરી શકો.

*(રમેશ પુરોહિત અનુવાદિત સુખને એક અવસર આપો પુસ્તકના વિમોચન પ્રસંગે સ્વામી સચ્ચિદાનંદે આપેલા પ્રવચનમાંથી સંક્ષિપ્ત)*

**શબ્દાંકન : સરોજ પોપટ**
**મુ. દંતાલી, જિ. ખેડા**

# "તું"

**શ્રી ચિન્મય જાની :**

(શ્રી ચીનુપ્રસાદ જાની : વતન : ટીંટોદણ, તા. વિજાપુર)

*ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયાધીશ, સાહિત્ય, ધર્મ-ચિંતન સમાજ-અભિમુખ વિચાર-મનન સભર વ્યાપક દૃષ્ટિકોણ, લઘુનવલો, નવલકથાઓનું નોંધપાત્ર સર્જન શ્રી ઉપાસનાને એમની આત્મીયતાનો હૂંફાળો સહકાર પ્રાપ્ત થતો રહ્યો છે.*

અને તારા ધસમસતા અશ્રુપ્રવાહે રાધાકૃષ્ણનાં ચરણ પખાળ્યાં. આરસમાંથી કંડારેલા એ યુગની અમીવર્ષણ દૃષ્ટિમાં તું તારી જાતને ખોઈ નાખે એ પહેલાં માનવ દેહ સમી ઊંચી એ પ્રતિમાની આગળ તેં શિર ઢાળી દીધું અને હૈયામાં ખાળી ન રહેતી વેદનાને, ઝંખનાને અને પિપાસાને વાટ આપી.

કોઈ ધન્ય હાથોમાંથી રૂપે આકાર લીધો હતો. અંગેઅંગની સપ્રમાણતા દૃષ્ટિને જકડી રાખતી હતી. આરસની ગોરી ગોરી રાધાના સ્કંધ પરથી વીંટળાયેલો શ્યામનો કર સખીના ઉત્તુંગ હૃદયપ્રદેશ પર લટકી રહ્યો હતો. અને એની બંસીમાંથી વહી જતા માદક સૂર એ આરસની સૃષ્ટિમાં ફેલાઈ જતા હતા.

અને આ જુઓ ને મંદિરના સ્થંભ પર કે ઘુમટમાં નજર ખેંચવી પડે એટલે દૂર કોતરાયેલાં એ શિલ્પ-માનવદેહને વિધવિધ સ્વરૂપોમાં ચિરંતન કરવા અજાણ્યા હાથોએ વેરેલી કળા. અને અહીં ય એ આકૃતિઓમાં વિપુલપણે શૃંગાર અંકિત થયેલો જણાય છે. વિરહવ્યાકુળ યુવતીની દૃષ્ટિની ઝંખના જોતાં આગળ વધો ત્યાં દેખાય સમાગમસ્ત મિથુનની એકાગ્રતા અને દૃષ્ટિને સહેજ આગળ જવા દો ત્યાં તો દૃષ્ટિએ પડે છે એક સાથે ત્રણ ત્રણ ને ચાર ચાર કામવ્યાપ્ત આકૃતિમાં ફેલાયેલી ગુહ્યાંગ પરિલાલનક્રીડા જોનારની દૃષ્ટિથી જરાય શરમાયા વિના એ શિલ્પાકૃતિઓ પોતાના આવેગોમાં તું લીન થઈને મંદિરની મેખલારૂપ બની રહી છે.

એ સમાગમલીન સૃષ્ટિની વચ્ચે શીતળતા વેરી રહેલી રાધાકૃષ્ણની પ્રતિમા ઊભી છે, અને એ શીતળતામાં ડૂબી પરિતાપ ધોઈ નાખવા તું ઢળી પડયો છે. તારાં અશ્રુબંધ તૂટી ગયા છે. અનેક વખત જાતને વિસરવા મથતો તું સાચે જ જાતને વિસરી બેઠો છે. આ કાયાને તોડીફોડીને વિદીર્ણ કરવા મથીને થાકેલો તારો આત્મા વિસર્જન અનુભવતો પલભર મુંગો બની ગયો છે.

ન જાણે કયાથી આ ગર્ભાગારમાં શીતળ પવનલહરી આવી. એના પાલવમાં મલયપર્વતની સુગંધ લેતી આવી. એ લહરીમાં વિરામ આપતો સ્વર વહી આવ્યો. મંદિરની મેખલાઓમાં અને સ્થંભે સ્થંભે નર્તન્તી આકૃતિઓના કિંકિણીનાદને એ સ્વરે ઢાંકી દીધો. ઇન્દ્રિયો વિરામ પામી. કાયા પ્રવાહી બની વાયુથી ય હળવા બની પ્રતિમાનાં અશ્રુસિક્ત ચરણોમાં તારું હૈયું પોકારી ઊઠયું: હવે તો મને લઈ લે .... કયાં છો તું ? .... દૃષ્ટિ આપ .... આ હાથ સાહીને લઈ જા મને.

એ પોકાર શમે અને પહેલાં ફરી એક અશ્રુધોધ વહ્યો. વામનના પગલા હેઠળ પોતાની કાયાને પાતાળ ભેગી કરવાની રાહ જોતા બલિ રાજાની માફક તે શિર ઊંચુ ન કર્યુ.

અને મંદિર તૂટી પડયું....

સમગ્ર ધરતી ખળભળી ઊઠી હતી. મૂશળધાર વર્ષાના મારથી મંદિરના ખૂણેખૂણે અને ઘુમટમાં વસેલી મોહક આકૃતિઓ નીચે પછડાઈને ખંડિત થયેલી હતી, ભૂકો બની ગઈ હતી. ગગન ગાજતું હતું, તારા પર તૂટી પડવા થનગની રહ્યું હતું. વીજળી ઝીકાતી હતી અને અબોલ ઊભાં રહેલાં વૃક્ષોને ભસ્મીભૂત કરી મૂકતી હતી. એવા એક જ ઘાની રાહ જોતાં સમગ્ર સૃષ્ટિનો વિનાશ જોવાની અપેક્ષા સાથે તેં ઊંચું જોયું.

સર્વત્ર છવાયેલા તાંડવની વચ્ચે પેલી રાધાકૃષ્ણની પ્રતિમા હજી અખંડિત ઊભી ઊભી એ ગગનચુંબી બની હતી. તારા દેહ પર પડેલા અસહ્ય વજનને ઉથલાવી પાડવા તું મથ્યો; અને તારા હાથને ટેકો દઈ તને ઉભો કરવા આવેલી આંગળીને તેં પકડી લીધી. તને દોરી રહેલા

હાથની અપાર શક્તિથી તું ઊભો થયો. બધું અસ્તિત્વ ધૂંધળું બની બેઠું હતું. તને દોરી રહેલો આકાર પણ તને દેખાતો ન હતો અજબ ગતિથી તારા પગ ઊપડતા હતા. હૈયે થોડી નિરાંત થઈ હતી.

ઘનશ્યામ રાત્રિમાં માત્ર છૂટાછવાયા તારકો ચમકતા હતા. તેમની દરેકની એક એક સૃષ્ટિ હતી નક્ષત્રો પૂર્વ તરફ ધસી રહ્યાં હતાં. સમયની ગતિ અપારગણી વધી ગઈ. અનેક વિશ્વ દેખાઈ દેખાઈને વિલીન થતાં હતાં. તારકો ચમકીચમકીને બૂઝાઈ જતા હતા. કોઈ વિરાટ ઝંઝાવાતમાં આ વિશ્વ, અને આ વિશ્વમાંનાં અનેક વિશ્વો, અને એ વિશ્વોમાંનાં અસંખ્ય વિશ્વો, અને બધાં સપડાઈને ચકરચકર ફરીને સ્મૃતિશેષ બની જતાં હતાં. કોઈ વિરાટ જલાશયમાં અસંખ્ય બુદ્દબુદ એકાદ ક્ષણ ઉદ્દ્ભવીને ફૂટી જતાં હતાં.

જીવી રહ્યો હતો માત્ર તું પેલી સ્નેહભરી આંગળીના આધારે. સર્વત્ર વ્યાપેલી નિરંજન નિરાકાર ચેતનામાં મનમોહક રાધાકૃષ્ણના આકારને આંખોભરી પેખવા તું મથી રહ્યો હતો. પણ હતી માત્ર શાંત વર્ષા, ચકમકતા થતા ગ્રહતારકો, ઘૂઘવી રહેલો વિશાળ સાગર, ક્ષણક્ષણમાં પલટાતી ધરતી, અનેક રંગો ધારણ કરતું ગગન, ઘડીક મંદ અને ઘડીક સૂસવાટાબંધ વાતો વાયુ, ખળભળી રહેલું પાતાળ, શ્યામલ રાત્રિ.... ચરમ સૌંદર્ય તરફની ગતિ.

ફરી પાછા નથી વળવું. **यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम.** આ જ મૃત્યુ હોય તો ભલે એ દોરી જતું પરમ ધામમાં અને આ જ જીવન હોય તો ભલે મૃત્યુ સમાં જીવન જતાં.

પછી તું કયાં ગયો એ મને ખબર નથી. આવડો મોટો અફસર લેશ પણ નિશાની મૂક્યા વિના ગુમ થઈ જાય એની સૌની નવાઈ લાગે છે. હિમાલયની કઈ કંદરામાં તું બેઠી હોઈશ એ શી રીતે શોધી શકાય ? અને તું ઓળખાય પણ શાનો ? જાહનવી તીરે તને ગોતી રહેલી મારી નજરને કદાચ નું ઓળખી જઈશ. પણ તું મને નહિ બોલાવે.

**૪, તીર્થનગર સોસાયટી વિભાગ-૨,**
**ગુરુકુલ સામે, મેમનગર, અમદાવાદ**

## 'નિગ્રહ' - (લઘુકથા)

**શ્રી મોહનલાલ પટેલ :**

*વતન : પાટણ, કડીની સુપ્રસિદ્ધ સર્વવિદ્યાલયના ભૂતપૂર્વ આચાર્ય અને ગુ. રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા, તેમજ લઘુકથાના જનક, બારેક નવલકથાઓ, છ જેટલા વાર્તા સંગ્રહો, લઘુકથા, વિવેચન, પ્રવાસ વર્ણન, સંપાદન, અનુવાદનાં ઘણાં બધાં પુસ્તુકોના સર્જક, એમનાં પુસ્તકોને અનેક પારિતોષિકો પ્રાપ્ત થયેલ છે.*

ફાગણ મહિનાના સહેજ ચડતા પહોરે સમીરની એક સરખી લહેરમાં બે વસ્ત્રો એકબીજાને અડપલાં કરતાં હતાં. વૈશાખી લીંબુના રંગનો ગૃહિણીનો સાળુ તરલ બનીને વારંવાર સંન્યાસીના ભગવા વસ્ત્રની છેડછાડ કરતો હતો. એક વાર એનો મહદ્ અંશ વસ્ત્રની સોડમાં છુપાયો, અને બીજી જ પળે હાથતાળી દઈને એનો છેડલો ગગન તરફ સરકી ગયો. ભગવું ઉત્તરીય પળવાર તો સ્તબ્ધ બનીને સ્થિર થઈ ગયું, ત્યાં વળી સાળુએ એને આંતરીને ગૂંગળાવી દીધું. ઉત્તરીયે ઝડપ મારીને એને હઠાવી દીધો. પણ પછી તો એણે માનુની સ્ત્રીની પેઠે જાણે રૂસણું જ લીધું. એ ખંડિતાને મનાવવા ઉત્તરીયે બે કદમ આગળ બઢાવ્યાં, ત્યાં તો એકદમ માન ત્યજીને સાળુએ ગેરુઆ વસ્ત્ર ઉપર આક્રમણ જ કર્યું. એક ગાઢ આશ્લેષ સાધેને બંને સમીરને હીચોળે ઝૂલી રહ્યાં....

બગીચામાં બે વૃક્ષ વચ્ચે બાંધેલા તાર ઉપરનાં આ વસ્ત્રોની એકાંતલીલા યજમાનના મકાનની અગાશીમાંથી સ્વામીજી સ્થિર નયને નિહાળી રહ્યા હતા.

એમને સહેજ ક્ષોભ થયો : 'રીટા દેવી પોતાને આ સ્થિતિમાં જુએ તો ?' - એમને આ પ્રશ્ન ન જચ્યો. બદલ્યો : 'એ પોતે જ આ વસ્ત્રોને જુએ તો ?'

પાછળ કંઈ સંચાર થયો એટલે એમણે ડોક મરડી. પાળેલી એક બિલાડી પસાર થઈ. સ્વામીજીની નજર ફરીથી પેલાં વસ્ત્રોમાં ગૂંથાઈ ગઈ.

'સ્વામીજી ! ' - પાછળથી ટહૂક આવ્યો, એટલે એમણે

મુખ ફેરવ્યું.

યુવાન રીટા પ્રસન્ન મુખે એમને ભોજન લેવા આમંત્રી રહી હતી.

જવાબ આપ્યા વિના સ્વામીજી રીટા સામે જોઈ રહ્યા. 'આજે....'-સ્વામીજીએ ભારે લાચારીભર્યા અવાજે કહ્યું: "…. મારે ઉપવાસ છે, રીટા દેવી!"

**('ઝાકળમાં સૂરજ ઊગે'-માંથી સાભાર)**

**૫૦૧, લેન, ૨૧, સત્યાગ્રહ છાવણી,**
**સેટેલાઈટ રોડ, અમદાવાદ.**

★★★

## વિશ્રંભકથા

**રમેશ ત્રિવેદી:**

*વતનઃ કડી, વાર્તાકાર, લઘુકથાકાર, બાળ સાહિત્યકાર અને ગુ. રા.ના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકથી સન્માનિત. એમનાં પુસ્તકોને ઘણાં પારિતાષિકો પ્રાપ્ત થયેલ છે. પૂ. શ્રી દેવીબાનું જીવનચરિત્ર 'ગુરુગરિમા' પણ એમણે લખ્યું છે. તેઓ કડીની ખમાર/રાવલ ઉ. મા. સ્કૂલમાં છેલ્લાં પચ્ચીસ વરસથી સુપરવાઈઝર છે અને 'શ્રી ઉપાસના'ના સંપાદક પણ ખરા જ.*

શેઠ ગિરધરલાલની કાર ઊભી રહી. એ ધીમેથી નીચે ઊતર્યા. પોતાની સાથે આવેલા જૂના-પુરાણા મિત્ર, અને એક સમયના સહકાર્યકર બિહારીના ખભે હાથ મૂકયો. પોર્ચ, બંગલાનાં આરસપહાણનાં પગથિયાપર મૂકાતાં પગલાં, વિશાળ દિવાનખંડ, કિંમતી ઝુમ્મરો, મોંઘીદાટ કારપેટ, સોફાસેટ, એકવેરિયમ, માછલીઓની છટપટાહટ, પ્લાસ્ટર ઓફ પેરિસનાં કલાત્મ સ્ટેચ્યૂ. મોનાલીસાનું આદમકદનું પોર્ટ્રેટ... અને રોમેરોમમાં ઝીણી ઝણઝણાટી જન્માવતો એ.સી.નો ઠંડો શીતળ પવન.

બિહારી એકદમ મૂઢ બની ગયો હતો.

શેઠ બેઠા એટલે એ પણ સામેની ખુરશીમાં બેસી પડયો. એણે કયારે ય નહી કલ્પેલી દુનિયામાં એ કદાચ આવી પહોંચ્યો હતો.

ઘેરી ખામોશી.

નોકર હાથમાં ચાંદીની ટ્રે લઈને આવ્યો.

ગિરધરલાલે પાણીનો ગ્લાસ જાતે ઉઠાવીને બિહારી સામે ધર્યો : "તારી ભાભી થોડા દિવસો પહેલાં લંડન ... આપણી એક બ્રાન્ચ ત્યાં પણ છે ... મોટો દીકરો સંભાળે છે...."

બિહારી પાણી ગટગટાવી ગયો. એના સુક્કા ગળામાં ઠંડો હીમ જેવો એક લાંબો શેરડો પડયો. એ અનુત્તર બેસી રહ્યો.

"બિહારી, આપણે કેટલાં વરસે મળ્યા હોઈશું?..."

બિહારીએ શેઠની સોમ જોયું, ફિક્કું હસ્યો:

'દશ-બાર થયાં હશે..'

ફરી ભારઝલ્લી ખોમોશી.

નોકર ફરી આવ્યો. મોંઘાં કપ-રકાબી. ચા. વરાળનાં ગૂંછળાં. ચૂસકીઓ. નજરનું ઊંચકાવું. ઝૂકવું. વરાળ. ચૂસકી ...... માછલીઓનું છટપટવું. એકવેરિયમ અને.....

ગિરધરલાલની નજર બિહારીના જૂના-મેલા કોટ પરથી સરકીને તરત ઊંચે ઝળાંહળાં થઈ ઊઠેલા ઝુમ્મર તરફ વળી. એ ધીમેથી બોલ્યા:

"બિહારી, બીજું બધું તો ઠીક .... પણ શેઠ તને શું આપે છે?"

"બે હજાર...." -બિહારીએ ગળું ખંખેર્યું.

"બસ!?... ઑફિસની આટલી મોટી જવાબદારી .... ને ......." -આવું જ કંઈક કહેવું હતું છતાં ગિરધરલાલે મૌન સેવ્યું. ઊંડો શ્વાસ લીધો:

"એક કામ કરીશ બિહારી?...."

'શું !?" - સહેજ ભોંઠપ અનુભવતાં બિહારીએ ફરી ખખરી દૂર કરી.

"જો, આપણે ત્યાં શર્મા હતો એને સ્ટેટની બ્રાન્ચમાં ગોઠવી દીધો છે.. હવે તારા જેવા એક ઘરના માણસની શોધમાં છું. ... બોલ, તું આવી જઈશ!?..."

પૂતળું બનીને બેઠેલો બિહારી ચમક્યો. 'ઘરનો માણસ' - એ શબ્દોનું શલ્ય હૃદયમાં ઊંડે સુધી ભોંકાઇ ગયું હતું. ને આ સાથે જ સ્મરણોનું તીક્ષ્ણ હળ ક્ષણે ક્ષણે જાણે ભીતરમાં ઊંડા ચાસ પાડી રહ્યું.

"શું વિચારે છે બિહારી ! ?"

'હં ! ? - તંદ્રામાંથી જાગ્યો હોય તેમ બિહારી એ થોથવાતા સ્વરે કહ્યું :

"ગિરધર ભૈ, ... તમારો આટલો આગ્રહ છે . એટલું."

"પણ આપણે ત્યાં આવવામાં શો વાંધો છે તને ! ?"

: ગિરધરલાલનો ચહેરો ભાવોદ્રેકથી છલકાઇ રહ્યો હતો. ને નજરમાં આત્મીયતાનો ભરપૂર અહેસાસ .... સામે નતમસ્તકે ગુમસૂમ બનીને બેઠેલા બિહારી સામે એ મર્મભરી નજરે તાકી રહ્યા. એમને કદાચ કહેવું હતું.

"-બિહારી, દોસ્ત ! દશેક વરસ પહેલાં આપણે સાથે જ નોકરી કરતા હતા.... ને ત્યારે મારી જગા મેળવવા માટે તે આપણા સાવ કાચા કાનના શેઠને મારી વિરુદ્ધમાં કશુંક ઊંધુ-ચત્તું સમજાવી દીધું ...., હા, ને એટલે જ કદાચ મને કોઇ પણ કારણ બતાવ્યા વગર એકાએક જ છૂટે કરવામાં આવ્યો હતો ..... પણ ...... હવે આજે તો મારી પાસે પ્રભુકૃપાથી .... કદાચ તારો પણ આમાં પરોક્ષ ફાળો ....મને શ્રદ્ધા છે કે હા ગઇકાલનો બિહારી તો ...."

-ગિરધરલાલ શેઠની સામે એકટક તાકી રહેલા બિહારીની સાવ ફિક્કી ઉદાસ ઉદાસ આંખો કશાક ભારથી ઝૂકી પડી એકાએક.

બ્રહ્મપોળ, કડી - ૩૮૨૭૧૫. (૧૧)

★★★

## 'રામરાજ્ય'

**શ્રી રામજીભાઈ કડિયા :**

*વતન : ધીણોજ, હાલમાં કડીમાં સ્થાયી. વાર્તાકાર, લઘુકથાકાર, નવલકથાકાર અને 'સુંદરમ્ એટલે સુંદરમ્' મહાગ્રંથના સંપાદક, સાતેક નવલકથા અને બે વાર્તા સંગ્રહો, તેમજ 'આકાશવાણી' પરથી વાર્તાઓ, નાટકોનું પ્રસારણ થયેલ છે. કડીના 'શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ ટ્રસ્ટ'ના મંત્રી અને સંનિષ્ઠ નિવૃત્ત શિક્ષક.*

સીતાને વનમાં મૂકીને આવ્યા પછી કેટલાય દિવસો સુધી લક્ષ્મણને ચેન ન પડ્યું. એને વારે વારે સીતાનો ત્યાગ સતાવતો હતો. વાંક ગુનો બતાવ્યા વગર એક નિર્દોષ નારીને રામે કરેલો અન્યાય એના દિલને કોરી ખાતો હતો. એ કૃત્યમાં પોતે સહભાગી થયો છે એનો ડંખ વિશેષ દઝાડતો હતો. રાતને દિવસ સીતાની પવિત્ર મૂર્તિ એની નજરમાં તરવરતી હતી. લંકા વિજય પછી સીતાની અગ્નિ પરીક્ષાનો પોતે સાક્ષી હતો તોય સીતાનો ત્યાગ અટકાવવા રામને એ કશું કહી ન શકયો. રામની બીકે એ સીતાને વનમાં મૂકી આવ્યો હતો. એથી એને પોતાની જાત ઉપર ક્રોધ આવ્યો. ક્રોધના અગ્નિમાં કેટલાય દિવસો સુધી એ પ્રજવળતો રહ્યો.

એક દિવસ એ પેલા ધોબીને ત્યાં ગયો. ધોબીને જોતાં જ એની ક્રોધની માત્રા વધી ગઇ.

'તે રઘુકુળનું સત્યાનાશ વાળ્યું છે, તું પાપી છે, નરાધમ છે, તારા લીધે જ સીતાને વનમાં જવું પડ્યું છે, આવા રામરાજ્યમાં તને શું દુઃખ પડ્યું ? તને સીતાની નિંદા કરતાં અને રામની સામે પડતાં જરાકે બીક લાગી નહિ ? એક પ્રજાજન તરીકે બોલતાં તારે અદબ રાખવી હતી.

લક્ષ્મણ ગુસ્સામાં ઘણું ઘણું બોલી ગયો. બોલીને એ હાંફતો હતો ત્યારે ધોબી શાંત ઉભો હતો. એણે બે હાથ જોડી કહ્યું : - 'લક્ષ્મણજી, રામરાજ્યમાં રાજાએ પ્રજાથી ડરીને રહેવું જોઇએ, તમારા ભાઇ એ રીતને અનુસર્યા છે એમાં તમે આવા શાના કોપિત થાઓ છો ? પ્રજાની સેવા કરનારે પોતાની પ્રિય ચીજનો ત્યાગ તો કરવો જ પડેને !'

લક્ષ્મણ ધોબી સામે જોતો ઘડીક થંભી ગયો એનું હૃદય એક ધબકારો ચૂકી ગયું અને ક્ષણવારમાં એનો ક્રોધ ઓગળી ગયો.

તંબોળીવાળો, કડી

★★★

## નેકદિલી

**પ્રો. ભગવત્ સુથાર :**

*વતન : કડી, સ્થાનિક આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે દીર્ઘકાળ સંનિષ્ઠ સેવા આપ્યા પછી નિવૃત્ત, તેઓશ્રી નાટયલેખક, વાર્તા-લઘુકથાકાર, બાળ સાહિત્યકાર તરીકે જાણીતા છે. તેમનાં નાટકો 'આકાશવાણી' પરથી અવારનવાર પ્રગટ થાય છે. તેમના સર્જનમાં સમાજ જીવનનું તાદૃશ્ય ચિત્રણ, અને તેના પ્રશ્નોની ઝીણવટભરી સૂઝબૂઝભરી અભિવ્યક્તિ થતી જોઈ શકાય છે.*

પ્રાતઃ સ્મરણીય સદ્‌ગુરુના આદેશને માન આપીને માનવ-ઉરમાં રમી રહેલા અજ્ઞાનના અંધકારને ઉલેચવાનો તેણે નિર્ણય કર્યો. નિર્ણયને-મક્કમ સ્વરૂપના કાર્યક્રમમાં મૂકવાના શુભ પ્રયાસ તરીકે તેણે એક નાનકડી શાળા મહાદેવના મંદિરમાં બેસાડવાનો અમલ કર્યો. ગામમાંથી બાળકોને ઉઘરાવી ઉથરાવીને નિશાળમાં લાવતો. બાળકોને જ્ઞાન ગમ્મત સાથે પીરસતો, ધીરે ધીરે ગામમાં શાળાની આબરૂ જામવા લાગી. શાળામાં બાળકોની સંખ્યા કૂદકે ને ભૂસકે વધવા લાગી. શાળમાં ગયેલા બાળકના બોલવા-ચાલવાના સંસ્કારની રીતરસમથી, તેમની જ્ઞાન વિવેકપૂર્ણ વાતોથી, માનવતાભર્યા વર્તનથી ગ્રામલોકોનાં દિલ જિતાઇ ગયાં. બધાંને કેળવણીના નૂતન પ્રકાશની અગત્ય સમજાઈ. વસુ વિના નર પશુ નહી પણ વિદ્યા વિના નર પશુ એમ સૌના હૈયામાં કોતરાઇ ગયું. આસપાસનાં ગામડાંમાંથી પણ બાળકો વિનયભરી વિદ્યાના પાઠ લેવા આવવા માંડયા. મહાદેવની નાનકડી પડાળી નાની પંડવા લાગી. બીજે વર્ષે તો શાળા માટે નવા ઓરડાની જરૂરત પેદા થઇ ગામ આમે પણ પૈસે ટકે ઘસાઇ ગયેલું હતું, છતાંયે સંસ્કારની સુગંધ એ ગામમાં પૂર્ણ હતી. સૌએ મળીને નિર્ણય કર્યો કે બાર મહિને પોતાની ઉપજમાંથી બે દિવસની કમાણી શાળાનેઆપવી પણ એમ તે કેટલા પૈસા થાય?

અંતે તેણે વિચાર કર્યો. મુંબઇ, અમદાવાદ જેવાં અન્ય શહેરોમાં જો ટહેલ નાંખી હોય તો જરૂરથી સખીદિલ અમીરો મારો શબ્દ કાને ધરશે જ. આવી અનન્ય શ્રદ્ધાથી તેણે મુંબઇ ભણી ડગ ભર્યા. ગામે ઉમળકાથી તેને વિદાય આપી.

મુંબઈમાં તેને ખૂબ જ સારો સહકાર મળ્યો. એક મિત્રે તેને એક શેઠને ત્યાં જવા સૂચવ્યું. તેઓ ઉદારદિલ હોવાથી ધર્મ અને શિક્ષણમાં તો છૂટે હાથે પૈસા વાપરે છે. તેથી તે પેલા શેઠની ઓફિસે ગયો. શેઠ તો બેઠેલા હતા જ. તેમણે વાત ધ્યાનથી સાંભળી. પછી વિવેકથી કહ્યું:, "સારું રાત્રે આઠ વાગ્યે મારે ત્યાં આવજો, આ ઘરનું સરનામું."

શેઠના વર્તન પરથી મનમાં શ્રદ્ધા તો જાગી જ હતી. સાંજ ક્યારે પડે ને કયારે આઠ વાગે એમ તે વિચારી રહ્યો. તેણે ઘડિયાળમાં જોયું. સાડાસાત થવા આવ્યા હતા. તેણે પેલા શેઠના ઘરનો માર્ગ પકડ્યો. ઘર શોધી કાઢયું ને બરાબર આઠમાં એક મિનિટે તે શેઠને બારણે પહોંચી ગયો. શેઠે તેનું સ્વાગત કર્યુ. તે બેઠો. શેઠ પેઢીના ચોપડામાં નજર કરતા હતા. તેમણે કહ્યું:

"જરા બેસો, દસેક મિનિટ પછી આપણે વાત કરીએ. આ પેઢીનું કામ પતાવી દઉ"

તે દસ મિનિટ સુધી બેઠો. દરમ્યાન તેણે શેઠના દિવાનખાનામાં નજર કરી. તદ્દન સાદાઇ ત્યાં હતી. એક દીવાલ પર ભગવાન કૃષ્ણની છબી હતી કશો જ ભપકો ત્યાં નહોતો. તેને વારંવાર થતું કે શેઠ તો નામના શ્રીમંત લાગે છે. બાકી ઠીક છે. ત્યાં જ તે ચમકયો. શેઠે કેરોસીનથી બળતા ફાનસને હોલવી નાંખ્યું ને નાનકડો દીવડો કર્યો ! શેઠની આ કંજુસાઈ જોઈને તેને મનમાં હસવું આવી ગયું.... તેને થયું આ કંજુસ શેઠ મારો વખત નકામો બગાડે છે.... પણ તેનાથી રહેવાયું નહી. તેણે શેઠ ને પૂછયું :

"શેઠજી, ફાનસ ઓલવીને આપે દીવડો કેમ કર્યો ?

"ફાનસમાંનું કેરોસીન પેઢીનું છે. તેમાં ભાગીદારનો પણ હિસ્સો છે. પેઢીનું કામ પતી ગયા પછી પેઢીનું કેરોસીન હું કેવી રીતે વાપરી શકું? મારા ઘરકામ માટે તો મારે મારા ઘરનું જ કેરોસીન વાપરવું જોઈએ ને!"

તેના આશ્ચર્ય વચ્ચે તેમણે તેને તરત જ રૂપિયા હજારનો ચેક ફાડીને શાળાના ફંડમાં આપી દીધો.

કેવી વંદનીય છે આ નેકદિલી ! ઉદારદિલની ધૂપસળી નેકદિલીથી પ્રગટી રહી.

**સ્વામીનારાયણ મંદિર પાસે,**
**મનીપુર, કડી**

★★★

## મા ! તું ......

**શ્રી બાબુભાઈ નાયક - કડી :**

**(ભૂતપૂર્વ પ્રિન્સી. ઝવેરી હાઈસ્કૂલ, કડી.)**

*આજીવન કર્મઠ, સંનિષ્ઠ શિક્ષક અને ઝવેરી આર. ટી. હાઈ. કડીના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ, ભક્તિ પરાયણ, સદ્સેવા-પ્રવૃત્તિમય નિવૃત્તિકાળ વ્યતિત કરી રહ્યા છે.*

---

કવિ સુન્દરમ્‌ની એક કાવ્ય-પંક્તિ હજુ એ મારી સ્મૃતિમાં ગુંજી રહી છે. કવિ માને સંબોધે છે :

મા ! તું હૃદયે વસનારી,
ઘટ ઘટ ભીતર નરતનહારી ...... તું.......

કવિ કહે છે "હે મા ! તારું સ્થાન તો મારા હૃદયમાં છે. મારા દેહમાં વસી તું નરદેહના ભૌતિકપણાને દૂર કરી નરદેહને તનુનવત્વનું પ્રદાન કરનારી છે. ભૌતિક દેહની જન્મદાતા ભૌતિકમાતા છે. તે જ ભૌતિકદેહને આધિદૈવિક દેહનું પ્રદાન આધિદૈવિકી માતા-જગજનની જગદંબા કરે છે. આધિદૈવિક દેહ એટલે દિવ્ય દેહ. ચાલો, સૌ પ્રથમ આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક શબ્દો સમજી જગદંબાના આધિદૈવિક સ્વરૂપનાં દર્શન કરીએ.

શ્રીગંગાનદીનાં દૃષ્ટાંતથી ઉપરના ત્રણે સ્વરૂપને સમજીએ. શ્રીગંગાનદીને સામાન્ય રીતે લોકો ઉત્તર ભારતની એક નદી ગણે છે. આ ગંગાજીનું આધિભૌતિક સ્વરૂપ. પરંતુ ભાવિક હિન્દુઓ માટે તો શ્રીગંગાજી પાપ-વિમોચનની મા છે. ગંગા-સ્નાનનથી જીવનાં જન્મોજન્મનાં પાપ દૂર થાય છે. ગંગા-કિનારે ઊભો રહી ભાવિક-હિન્દુ બંને હાથ જોડી ગંગામાની પ્રાર્થના કરે છે. જે ભક્ત ગંગાનદીને પાપ-વિમોચની માની તેમની પ્રાર્થના કરે છે તેને માટે ગંગાનદીનું એ સ્વરૂપ આધ્યાત્મિક સ્વરૂપ ગણાય. પણ ભિષ્મ પિતામહને જ્યારે જ્યારે મુશ્કેલ સમસ્યા ઊભી થતી ત્યારે તેઓ ગંગામા પાસે જતા. ગંગાનદીમાંથી દેવીરૂપે શ્રીગંગામા પ્રગટ થઈ ભીષ્મ પિતામહને દર્શન આપતાં. શ્રીગંગામાનું દેવીસ્વરૂપે ભીષ્મ પિતામહને પ્રત્યક્ષ દર્શન આપવું તે શ્રી ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ.

તેમ યોગમાયા-મહામાયા એક દેવી છે તેઓ અર્થ કરનારને માટે યોગમાયાનું એ સ્વરૂપ તેમનું ભૌતિક સ્વરૂપ ગણાય. શ્રી અંબિકાના મંદિર પાસે થઈને નીકળતા કોઈ પણ ઇતર માણસને પૂછવામાં આવે કે આ કોનું મંદિર છે? તો તે કહેશે કે આ અંબાજીનું મંદિર છે. આવું બોલનાર માટે શ્રી અંબિકાનું સ્વરૂપ ભૌતિક સ્વરૂપ છે, કારણ કે તેને નથી તો શ્રી અંબિકાદેવી માટે ભાવ, માન કે શ્રદ્ધા. તેથી તેને માટે શ્રી અંબિકાદેવીનું સ્વરૂપ એક ભૌતિક સ્વરૂપ છે.

પણ પ્રત્યેક દેવી-ભક્ત સવાર-સાંજ શ્રી અંબિકાદેવીના સ્વરૂપનું પૂજન-અર્ચન કરે, તેમનાં નામના પાઠ-જપ કરે, તેમના સ્તોત્રો ગાય, તેમની આરતી ઉતારે, તેમનું ધ્યાન ધરે તો આ ભક્ત માટે શ્રી અંબિકાદેવીનું સ્વરૂપ એ આધ્યાત્મિક સ્વરૂપ છે.

તે જ રીતે શ્રી અંબિકાદેવીના અનન્ય ભક્તને ઐકાંતિક પૂજા અને સ્તુતિ કરતાં કરતાં શ્રીઅંબિકાદેવી ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપે ત્યારે તે ભક્તને શ્રી અંબિકાદેવીનાં તેજોમય સાક્ષાત્ દર્શન થાય તે શ્રીઅંબિકાદેવીનું આધિદૈવિક સ્વરૂપ કહેવાય.

આપણે સૌ માતાજીના ભાવપૂર્ણ જે દર્શન, પૂજા-અર્ચન વગેરે કરીએ છીએ તે માતાજીનું આધ્યાત્મિક સ્વરૂપ કહેવાય. જગતની પ્રત્યેક સ્ત્રી શક્તિનું આધિદૈવિક સ્વરૂપ જોગમાયા-જગદંબાનું આધિદૈવિક સ્વરૂપ જ છે.

જગતમાંજે સ્ત્રી સ્વરૂપો આપણે જોઇએ છીએ તે બધા શ્રી જગદંબાના ભૌતિક સ્વરૂપ છે. જગતની પ્રત્યેક નારી પ્રત્યે આપણે પૂજ્ય ભાવથી જોઇએ તો આપણે માટે તે નારીનું આધ્યાત્મિક સ્વરૂપ છે. પણ પ્રત્યેક નારીનું આધિદૈવિક સ્વરૂપ યોગમાયા છે. નારી અને દેવીના આ ત્રણ સ્વરૂપની સમજ જેને થાય તેનો નારી પ્રત્યેનો અને દેવી પ્રત્યેનો ભાવ ખૂબ જ વધી જાય, કારણ કે નારી એ શક્તિનું પ્રતીક છે. શક્તિ-વિશ્વજનની પણ બ્રહ્મમયી છે તે મધુર વાત્સલ્ય-રસની અમિત ખાણ છે. તેની કૃપા મેળવીને જીવમાત્ર કૃતાર્થ બની જાય છે. તે સ્નેહમયી જનની છે. સાધક તેનો બાલક છે. બાલક માટે તેની જનની પૂજ્ય હોઇ બાલકે જનનીની ભક્તિ કરવી જોઇએ.

શ્રુતિ પણ એ જ ભાવ વ્યકત કરે છે. પાંડિત્યં નિર્વિદ્ય બાલ્યેન તિષ્ઠાસેત્ । પંડિતાઈનું અભિમાન ત્યાગીને બાલક ભાવથી (માની આગળ) રહેવું. આ પ્રમાણે શિશુભાવથી રહેવું શક્તિમાર્ગનું પ્રધાન સાધન છે. જેમ જનનીનું વાત્સલ્ય જેમ શિશુ તરફ વહે છે તેમ શિશુનો અનુરાગ અને અનન્ય પ્રેમ પણ માતૃદર્શનને માટે સ્ફુરિત થાય છે. બાલક માને ન જુએ તો તરત જ રડી પડે છે. બાલકની મા પ્રત્યેના પ્રેમની સીમા નથી. તેથી સપ્તશતીના અર્ગલા-સ્તોત્રમાં લખ્યું છે કે :

દેહિ સૌભાગ્યમારોગ્યં દેહિ મે પરમં સુખમ્ ।
રૂપં દેહિ જયં દેહિ યશો દેહિ દ્વિષો જહિ ॥
(અર્ગલાસ્તોત્ર ૧૨)

મા ! તું મને સૌભાગ્ય આપ, આરોગ્ય આપ પરમ સુખ આપ, રૂપ આપ, જય આપ અને શત્રુઓનો નાશ કર. વિશ્વમાં બાલકને જે કંઇ જોઇએ તે બધું બાલક વિશ્વજનની પાસે માંગે છે.

અહી ભક્ત મા પાસે માગે છે. આવો ભક્ત સકામ ભક્ત ગણાય. જગતમાં સકામ સાધકોની સંખ્યા ઘણી છે. નિષ્કામ સાધકો ગણ્યા ગાંઠયા છે. માગનારા સાધકો કરતાં નિષ્કામ સાધકો ઉત્તમ ગણાય. જે સાધક એવું કહે કે " હે મા ! મારે જે કંઇ જોઇએ તે બધું તું જ આપ. બીજા કોઇની પાસે હું કોઇ વસ્તુ માગવા જઇશ નહિ. આવો ભક્ત ભલે માગનારો રહ્યો પણ તે સાચો અને સંયમી સાધક ગણાય.

જગતના લક્ષ્મીવાન લોકોના ઘરે ભટકીને પણ માગનારની કામના કોણ પૂરી કરી શકે છે ? એક ધનવાન કદાચ કામના પૂરી ન કરી શકે પણ અનેક ધનવાન લોકોના દ્વાર પર માથું પટકી પટકીને કોઇ ધનવાન કોઇની કામના પૂર્ણ નથી કરી શકતો. તેથી સાધક બધા બીજા લોકોની પાસે નહિ માગતા વિશ્વના કારણભૂતા સર્વ ઐશ્વર્યમયી માના દ્વારે જ હૃદય ખોલીને કામના માટે યાચના કરવી તેમાં શું ખોટું છે ? મા બ્રહ્માંડભાંડોદરી જગજ્જનની કલ્પલતારૂપા છે. તેમના ચરણમૂલમાં વિશ્વનું સમગ્ર ઐશ્વર્ય સંચિત થયેલું છે. કરોડો વર્ષો સુધી તેનાં કરોડો સંતાન તેમના ઐશ્વર્યનો ભોગ કરતા રહે તો પણ તેમાં જરા પણ ખૂટે તેમ નથી, કારણ કે માના ઐશ્વર્યનો ભંડાર અખૂટ અને શાશ્વત છે. સાધકની કામનારૂપિણી મધમાખી વિશ્વમાતાના મધપુડામાંથી મધ લેવા જતાં સ્વયં મરી જશે. સમજવા જેવી વાત છે. કામનાનો વિનાશ કેમ થાય તે અહી બતાવ્યું. કામના વસ્તુના અભાવમાંથી જાગે છે અને પૂર્ણતાના મહિમાથી તે જાતે જ નાશ પામે છે. જે સાધક એવું કહે કે, " હે મા ! મારે જે કંઇ જોઇએ તે બધું તમે જ આપો - હું બીજા કોઇની પાસે કશું નહિ માગું." આ સકામ સાધક પણ સંયમી સાધક ગણાય.

યથાર્થતા તો એ છે કે સાધક માની પાસે કંઇ જ માગતો નથી. તે જાણે છે કે મા અંતરની વાત જાણનારી છે. એટલે સાચો સાધક તો માના આધિદૈવિક સ્વરૂપના જ દર્શન ઇચ્છે છે. તે જ તેનું પરમ અને ચરમ લક્ષ્ય છે. પરંતુ જ્ઞાતવ્ય વસ્તુ સાધકને આપો આપ નથી મળતી. કેવળ માની કૃપાથી જ પ્રાપ્ત થાય છે. કઠોપનિષદની દ્વિતીય વલ્લીના મંત્ર ૨૩ માં જણાવ્યા પ્રમાણે :

નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેન લભ્યસ્તસ્યૈષ આત્મા વિવૃણુતે તનુંસ્વામ્ ॥

આ પરમાત્મા પ્રવચનથી, બુદ્ધિથી કે બહુ સાંભળવાથી પ્રાપ્ત કરી શકાતો નથી. એ પરમાત્મા જેને પસંદ કરે છે તેને જ એ મળે છે. તેની આગળ જ એ આત્મા

પોતાનું સ્વરૂપ પ્રગટ કરે છે. અર્થાત્ જે મનુષ્ય આત્માને પસંદ કરે છે તેને જ આત્મા પસંદ કરે છે. આમ પસંદગી એક બાજુની નથી પણ પરસ્પરની છે. તેથી સાધક 'દેહિ' કહીને માની પ્રાર્થના કરે છે એટલે મા તેની પ્રાર્થનાથી પ્રસન્ન થઇને તેની સામે પોતાનું આધિદૈવિક સ્વરૂપ પ્રગટ કરે છે. અર્થાત્ માના અનુગ્રહ (કૃપા) વિના સાધક તેમનો સાક્ષાત્કાર નથી કરી શકતો.

પ્રથમ તો મા આધ્યાત્મિક સ્વરૂપથી એટલે કે ઉપાસ્યરૂપથી અપ્રગટ રહે છે, પણ પછી દયાવશ થઇને સાધકનો સૌભાગ્યોદય થવાથી તે સ્વયં સાધકને આધિદૈવિક સ્વરૂપે દર્શન આપે છે. તો આવા બ્રહ્મરૂપા દુર્ગાની કૃપા પ્રાપ્ત કરવા માટે શું કરવું ? તો પહેલી શરત મૂકી : **શુચિર્ભૂત્વા મહાબાહો.** તમે શુચિ (પવિત્ર) થઇને દુર્ગાપાઠ કરો. ચિત્તમાં શુચિતા આવ્યા વિના માના દર્શન થઇ શકતાં નથી. ચિત્તની શુચિતા એટલે રાગ-દ્વેષ, કામ-ક્રોધ રહિત ચિત્ત. તેથી સાધક માને કહે છે 'દ્વિષો જહિ.' શત્રુઓનો નાશ કરો. કયા શત્રુ ? રાગ, દ્વેષ, કામ, ક્રોધ વગેરે અંતઃ શત્રુઓનો નાશ કરવાની સાધક પ્રાર્થના કરે છે. અંતઃશત્રુઓના નાશની ઉપયોગિતા નિષ્કામ સાધકને પણ સકામ સાધક જેટલી જ છે. મન અને હૃદયની શુદ્ધિ થતાં બંને પ્રકારના સાધકો માની કૃપા પાત્ર કરી શકે છે.

જગતમાં શક્તિની ભક્તિનો, પૂજાનો, ઉપાસનાનો જે કંઇ સાર થઇ રહ્યો છે તે બધો તે મહાશક્તિ-બ્રહ્મમયીથી જ થઇ રહ્યો છે. દેવીસૂક્ત (ઋ. ૧૦/૧૨૫)માં કહ્યું છે કે : **'મયા સો અન્નમત્તિ'** વગેરે મંત્રોમાં પણ આ વાત જ કહી છે કે "હું (શક્તિ) પ્રત્યેક જીવને ભોજનશક્તિ, દર્શનશક્તિ, શ્રવણશક્તિ, પ્રાણશક્તિ વગેરે શક્તિઓનું પ્રદાન કરું છું. હું જ વાયુની જેમ પ્રવાહિત બનીને જગતનિર્માણકારિણી, ભુવનગગનવ્યાપિની મહાશક્તિ છું. જીવ-શરીરમાં જેટલી શ્વેત, શ્યામ વગેરે વર્ણોની ભિન્નતા છે તે પણ મારી મહાશક્તિની રચના છે."

કેનોપનિષદમાં કહેવામાં આવ્યું છે કે તે શક્તિ 'બહુશોભમાના ઉમાહૈમવતી ના સ્વરૂપમાં આવિર્ભૂત થઇ હતી. તે શક્તિનું સ્વરૂપ સપ્તસતીના આરંભના સ્પષ્ટરૂપથી બતાવ્યું છે :

**યચ્ચ કિંચિત્ ક્વચિત્ વસ્તુ સદસદ્વાખિલાત્મિકે ।**
**તસ્ય સર્વસ્ય યા શક્તિઃ સા ત્વં કિં સ્તૂયસે તદા ॥**
(૧/૮૨, ૮૩)

ચિત્ અને અચિત્ - ચેતન અને જડ જે કાંઇ છે તે બધામાં શક્તિરૂપથી સદા પરમેશ્વરની પ્રાપ્તિ કરવી. આને ભક્તિયોગ પણ કહી શકાય. સપ્તશતીમાં પણ આ હકીકત જ જણાય છે કે જગજ્જનની પરમેશ્વરી વિષ્ણુમાયા ચેતના, બુદ્ધિ, નિંદ્રા, ક્ષુધા, છાયા, શક્તિ, તૃષ્ણા, શાંતિ, જાતિ, લજ્જા, શ્રદ્ધા, કાન્તિ, લક્ષ્મી, વૃત્તિ, સ્મૃતિ, દયા, તુષ્ટિ (સંતોષ), માતૃ, ભ્રાન્તિ વગેરે રૂપે જીવ અને જગતમાં અભિવ્યક્ત સર્વ ભાવોમાં વ્યાપ્ત છે. તેથી તે બધાની કેવળ 'નમો નમઃ' કહીને આરાધના કરવામાં આવી છે. જીવ તો કેવળ નમસ્કાર દ્વારા જ પ્રસન્નતા કે શરણાગતિ પ્રદર્શિત કરી શકે.

માને જીવ નમસ્કાર સિવાય કંઇ જ કરી શકતો નથી. માના અધિદૈવિક સ્વરૂપની પ્રાપ્તિ માટે 'નમો નમઃ' એક માત્ર સાધન છે. તેથી આપણે પણ શ્રી શક્તિદેવીને શ્રદ્ધાપૂર્વક, દૃઢતાપૂર્વક, પવિત્ર ચિત્તે પ્રાર્થના કરીએ. ગીતાંમાં શ્રીકૃષ્ણ સ્વમુખે શ્રદ્ધાનો મહિમા ગાય છે કે :

**મય્યાવેશ્ય મનો યે માં નિત્યયુક્તા ઉપાસતે ।**
**શ્રદ્ધયા પરયોપેતાસ્તે મે યુક્તતમા મતાઃ ॥**
(ગીતા ૧૨-૨)

મારામાં મન પરોવીને જેઓ સદા મારે માટે કર્મ કરે છે, તે મારામાં પરમ શ્રદ્ધાવાળા થઇને મારી આરાધના કરે છે તેઓને મેં ઉત્તમ યોગી માન્યા છે. તે ન્યાયે આપણે સૌ શ્રદ્ધાયુક્ત બની માને વંદન કરીએ કે :

હે મા ! તારા આધિદૈવિક સ્વરૂપના દર્શનાર્થે હું તને વંદન કરું છું. મારા બંને હાથ જોડીને તારાં ચરણકમળોમાં મારું મસ્તક નમાવું છું. મારાં સુખ-દુઃખ, રાગ-દ્વેષ, લાભ-હાનિ, માન-અપમાન, જય-પરાજય - સર્વને હું તારાં ચરણયુગલમાં સમર્પણ કરું છું. મારા અહંકારી મસ્તકને નીચું નમાવીને વિનમ્ર ભાવે તેને (અહંકારને) સદાને માટે

તારાં ચરણકમલોમાં અર્પણ કરું છું. હે જનનિ ! તને સંપૂર્ણ નમસ્કાર કરીને હું કૃતાર્થ થઇશ. હું સર્વ તો ભાવે તમારાં ચરણોમાં મારું મસ્તક નમાવી શકું એ છે મારી સર્વોત્તમ સાધના અને એ છે મારો મોટો પુરુષાર્થ.

તને નમસ્કાર વિના હું બીજું કરી પણ શું કરું ?

હે મા ! તું અમ ચરણોની ગતિ,
તું અમ નેત્ર તણી ધ્રુવ તારા,
તવ હૃદયે અમ વાસ સદા હો,
હે હરિની રસ ધારા !

હે મા ! અમે પ્રાર્થના કરીએ છીએ કે જ્યોતિ દેતી રહે, અમારામાં રહેલાં અજ્ઞાનને દૂર કર અને અમારા હૃદયાકાશને પ્રકાશિત કર. દરરોજ સવારે અને સાંજે ઊઠતાં અને સૂતાં આ પ્રાર્થના કરવી. તો જીવનું જીવન દિવ્ય, શુદ્ધ અને તેજોમય બનશે. અસ્તુ ! ! !

નવાપુરા, કડી - ૩૮ ૨૭ ૧૫

★★★



નવું વર્ષ આપ સૌને સુખમય અને સફળ નીવડો

## શ્રી ભાસ્કર રાય

**શ્રીચંદ્રશંકર પંડયા ઉર્ફે શ્રી ચરણ શાસ્ત્રી :**

*આજીવન સારસ્વત છે. વતન ડાકોર, સંસ્કૃત અધ્યાપન-જ્યોતિષ વિશારદ-શ્રી વિદ્યાના ઉપાસક, આરાધક અને અભ્યાસુ છે. શ્રી ઉપાસના સંપાદન મંડળના સક્રિય કાર્યકર છે. શ્રીરાજરાજેશ્વરી પીઠમ્, કડીના વિકાસમાં ખૂબ જ દિલચશ્પી છે. પૂ. શ્રીદેવીબા, પૂ. શિવગુરુજીના કૃપાપાત્ર શિષ્ય છે. શ્રી વિદ્યાનો ગહન અભ્યાસ કરી રહ્યા છે.*

સંસ્કૃત ભાષાના પ્રકાંડ પંડિત, યંત્ર-મંત્ર-તંત્ર શાસ્ત્રના અનન્ય વિદ્વાન, 'શ્રીલલિતા સહસ્રનામ'ની 'સૌભાગ્યભાસ્કર' નામની ટીકાના મહામનીષી કર્તા, શ્રી વિદ્યાના શ્રેષ્ઠ ઉપાસક, શ્રી લલિતા મ્બાના પરમ કૃપાળુ લાડકવાયા પુત્ર શ્રી ભાસ્કરરાય.

પોતાની સર્વતોમુખી પ્રતિભા દ્વારા ઇતિહાસમાં સુવર્ણાક્ષરે પોતાનું નામ નોધાવી જનારા શ્રી ભાસ્કરરાયનું જીવન પ્રચંડ પુરુષાર્થીનું તેમ અનન્ય સાધારણ મહાન ઉપાસકનું છે. આ મહાપુરુષની માતાનું નામ કોણાંબા હતું અને પિતાનું નામ ગંભીરરાય હતું. પિતા ગંભીરરાય પોતાની વિદ્વત્તા, જ્ઞાન, ચારિત્ર્ય તથા સંપત્તિ માટે પ્રખ્યાત હતા. તેઓ અનેક શાસ્ત્રોના પંડિત હતા, અગ્નિહોત્રી હતા તથા બીજાપુરના દિવાન હતા. વિજયનગરના રાજદરબારમાં તેઓએ મહાભારત સુંદર રીતે સમજાવ્યું હતું અને રાજાએ પ્રસન્ન થઇને 'ભારતીય' તેવું બિરૂદ સન્માન સાથે આપ્યું હતું. કારણ કે ભારતની સંસ્કૃતિ તેમણે સરસ રીતે સમજાવી હતી.

આવાં માતાપિતાને ત્યાં શ્રી ભાસ્કરરાયનો જન્મ ભાગા નામના ગામમાં (હૈદરાબાદ નજીક) થયો હતો. માતાપિતાએ જનોઇ દીધા બાદ તે સમયના અતિમહાન વિદ્વાન શ્રીનૃસિંહાધ્વરિને ભાસ્કરરાયની સોપણી કરી. તે નાનપણથી જ ઘણા તેજસ્વી હતા. કારણકે તેમની માતાએ અતિ તેજસ્વી પુત્ર મેળવવા ભાસ્કરની એટલે કે

સૂર્યનારાયણની તન્મયતાપૂર્વક ઉપાસના કરી હતી.

ભાસ્કરરાયે શ્રીનૃસિંહ ગુરુદેવ પાસેથી અઢારેય વિદ્યાઓ મેળવી હતી અને તેમની કૃપાથી જ તેઓ ઉપાસનામાં પ્રવેશ્યા હતા. આ સિવાય તેઓએ શ્રીરૂકમણણા પંડિતજી પાસેથી છંદ તથા અલંકારશાસ્ત્ર તથા શ્રી ગંગાધર વાજપેયી પાસેથી નવ્યન્યાય શાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો. ૧૮ વર્ષ થતાં થતાં તો તેમણે આયુર્વેદ, ધનુર્વેદ તથા ગણિતશાસ્ત્ર વગેરેમાં ઉત્તમ કોટિની લાયકાત મેળવી લીધી હતી. ભાસ્કરરાય સ્વનામ ધન્ય પુરુષ બન્યા હતા. ઈ. સ. ૧૬૭૦માં જન્મેલ આ મહાપુરુષે શ્રી શંકરાચાર્ય પરંપરાને અતિ સુંદર તથા શાસ્ત્રીય રીતે આગળ વધારી અને શક્તિ દર્શનને ગૌરવપૂર્ણ સ્થાને પ્રતિષ્ઠિત કરવામાં અજોડ પુરુષાર્થ કર્યો. શ્રી શંકરાચાર્યની પરંપરામાં સંન્યાસી તથા સંસારી એમ બે પ્રકારની શિષ્ટ પ્રણાલી હતી. તેમાંથી ગૃહસ્થોની શિષ્ય પરંપરામાં શાકત સંપ્રદાયની પૂર્ણ રક્ષા કરવા માટે જ ભાસ્કરરાયનો જન્મ થયો હતો.

શ્રી શિવદત્ત શુકલ પાસેથી તેમણે પૂર્ણાભિષેક દીક્ષા પ્રાપ્ત કરી હતી અને તેમના પત્ની પણ પૂર્ણાભિષિકત થયાં હતા. પત્નીનું મૂળનામ આનંદીબેન હતું. દીક્ષા બાદ તેમનું નામ પદ્માવતી અંબા રખાયું હતું.

ભાસ્કરરાયનો પૂર્ણ વિકાસ થઇ શકયો તેમાં એક અગત્યનું કારણ એ હતું કે તેમના પિતાશ્રીએ પોતાના પુત્રને અત્યંત સમર્થ બનાવવા માટે સરસ્વતી મંત્રથી પવિત્ર બનાવેલી-સંસ્કૃત કરેલી બ્રાહ્મી(વેલ)નું સેવન કરાવ્યું હતું. આ પછી તેમની શક્તિઓ દિનપ્રતિદિન ખીલતી ગઇ હતી અને તેઓ મૂર્ધન્ય પંડિત બની શકયા હતાં. અથર્વવેદને ધીરે ધીરે લુપ્ત થતો જોઇ તેઓએ તેનો ઊંડાણથી અભ્યાસ કર્યો અને અનેક બ્રાહ્મણોને તેનું અધ્યયન કરાવ્યું. દેવી ભાગવતને પણ તેમણે ખૂબ લોકપ્રિય બનાવ્યું.

શ્રી શિવદત્ત શુકલ સુરતમાં હતા. તેઓ અત્યંત વિદ્વાન નાગર બ્રાહ્મણ હતા. અને શ્રી વિદ્યાના મહાન ઉપાસક હતા. શ્રી નૃસિંહ ગુરુદેવે જ ભાસ્કરરાયને તેમની પાસે મોકલ્યા હતા. જ્યારે અભ્યાસ ચાલતો હતો ત્યારે વલ્લભ સંપ્રદાયના એક આચાર્ય શાંકરમતનું ખંડન કરતા હતા. બધાએ શુકલજીને આ વાત કરી. તેઓ અત્યંત જર્જર શરીરના-અશકત હતા તેથી ભાસ્કરરાયે વાદવિવાદમાં જવાની આજ્ઞા માગી અને વિજય મેળવ્યો. પ્રસન્ન થયેલા શિવદત્ત શુકલે આ પછીથી તેમને પૂર્ણાભિષિકત કર્યા હતા અને તંત્રશાસ્ત્રનાં ગંભીર રહસ્યો સમજાવ્યાં હતાં. તેઓ શિષ્યની લાયકાત બરાબર સમજી ચૂકયાં હતા.

આવી જ રીતે મધ્વ સંપ્રદાયના એક આચાર્ય સાથે પણ શાસ્ત્રાર્થ ગોઠવાયો હતો. ત્યારે ભાસ્કરરાયે શરત મૂકી હતી કે જે પક્ષની હાર થશે તે બીજા પક્ષની વ્યકિતને પોતાની પુત્રી પરણાવશે. ભાસ્કરરાય દેશસ્થ બ્રાહ્મણ હતા અને વિપક્ષીઓ કર્ણાટકી બ્રાહ્મણ હતા. બંને પક્ષ વચ્ચે કન્યાની આપ-લે થતી હતી. અંતે ભાસ્કરરાયની જીત થઇ અને મધ્વાચાર્ય પોતાના ભાઇની પુત્રી પાર્વતી શ્રી ભાસ્કરરાય સાથે પરણાવી - 'ભાસ્કર વિલાસ'માં આનો ઉલ્લેખ મળે છે .-

બીજો એક પ્રસંગ પણ તેમની શક્તિઓને સમજવા માટે નોંધ્યો છે. ભાસ્કરરાયનું પાછળનું જીવન મધ્યાર્જુન ક્ષેત્રમાં વીત્યું હતું. તે સમયે તેમની બધી શક્તિઓ સોળે કળાએ ખીલી ચૂકી હતી. સાંજના સમયે આખો દિવસ કામ કર્યા બાદ તેઓ ઓસરીમાં જરા આરામ લેવા સહેજ આડા પડતા. નજીકના થાંભલા ઉપર પગ રાખતા અને શિષ્યોને માર્ગદર્શન આપતા. તે સમયે ત્યાંથી એક સંન્યાસી પસાર થતા. ભાસ્કરરાય તો પોતાના કામમાં તલ્લીન રહેતા. તેઓ ઊભા થતા નહિ તે માન આપતા નહિ. આથી સંન્યાસી મહારાજ ખૂબ ખિજાતા.

એક દિવસ સંધ્યા સમયે શ્રી મહલિંગ સ્વામીના મંદિરમાં બંનેનો ભેટો થઇ ગયો. સંન્યાસીના મનમાં બદલો લેવાની ભાવના હતી. તેથી તેમણે બધાની વચ્ચે તેમને ઉતારી પાડવા પ્રયત્ન કર્યો અને કહ્યું કે તમારામાં ભારોભાર અભિમાન ભર્યું છે અને શિષ્ટાચારનો છાંટો પણ નથી.

પ્રશાંત દરિયા સમા ભાસ્કરરાયે કહ્યું કે હું તમને પ્રણામ નહિ કરીને તમારું જ ભલું કરી રહ્યો છું. કેમ કે હું પ્રણામ કરીશ તો તમારું જીવન મુશ્કેલીમાં મુકાઇ જશે.

ઘણી રકઝક થયા બાદ ભાસ્કરરાયને લાગ્યું કે હવે સચ્ચાઇ સાબિત કરવી જ પડશે ત્યારે તેમણે સંન્યાસી મહારાજને કહ્યું કે તમારા દંડ તથા કમંડલ ભોંય ઉપર અલગ મૂકી દો. પછી ભાસ્કરરાયે તેમને દંડવત પ્રણામ કર્યા તેથી બંનેના હજારો ટુકડા થઇ ગયા.

સંન્યાસી મહારાજ તો સ્તબ્ધ બની ગયા અને સમજી ગયા કે આ માત્ર મહાપંડિત નથી, મહાન ઉપાસક પણ છે. પછી તેમણે શાસ્ત્ર મર્યાદાની વાત કરતાં નમ્રતાપૂર્વક જણાવ્યું કે તમે જો સંન્યાસી પ્રત્યે આદર નહિ બતાવો તો મર્યાદા તૂટશે અને બીજાઓ પણ અયોગ્ય કરશે માટે કંઇક વિચારો તો સારું!

ભાસ્કરરાય સંન્યાસી મહારાજની વાતની ગંભીરતા સમજ્યા. તે પછી તેઓ જ્યારે સંન્યાસી મહારાજ સાંજે ત્યાંથી પસાર થતા ત્યારે પોતે ત્યાંથી અંદર જતા રહેતા હતા. અદ્‌ભુત અને અનન્ય શક્તિ હોવા છતાં તેમનામાં વ્યાવહારિક સૌજન્ય પણ ભરપૂર હતું.

ભાસ્કરરાય તથા તેમનાં પત્નીએ અનેક મંદિરો બંધાવ્યાનો ઉલ્લેખ મળે છે. કાશીમાં તેમણે ચક્રેશા મંદિર બંધાવ્યું હતું અને મૂલ હદમાં પાંડુરંગ મંદિર બંધાવ્યું હતું (તેમના દીકરાનું નામ પણ પાંડુરંગ હતું) કોંકણમાં પણ તેમણે પોતાના પિતા ગંભીરનાથની સ્મૃતિમાં મંદિર બનાવ્યું હતું. સામવતીમાં તેમણે પોતાનાં કુલદેવતાશ્રી ચંદ્રાલા બાનું સુંદર મંદિર બંધાવ્યું હતું. આ મંદિરની ખાસ વિશિષ્ટતા તો એ હતી કે તેની રચના શ્રી અંગની આકૃતિ જેવી જ હતી. કાવેરી નદી ઉપર આવેલા ભાસ્કરપુરમાં, તેમનાં પત્નીએ ભાસ્કરેશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો. આમ ભાસ્કરાચાર્યે પોતાના જીવનકાળ દરમ્યાન ભારતીય સંસ્કૃતિના પ્રચારાર્થે તથા સ્થિરતાર્થે મંદિર બનાવીને પોતાનો ફાળો આપ્યો હતો. (ક્રમશઃ)

બ્રહ્મરોડ, બાર ઓરડા જતાં,
ડાકોર-૩૮૮૨૨૫.

## શ્રૃંગેરી મઠ

**શ્રી યશવંત કડીકર :**

*બી. એ. બી. કોમ (ઓનર્સ) પત્રકાર કટાર લેખક છે. બસો ઉપરાંત પુસ્તકોના લેખક, દૈનિક અને સામયિકોમાં વીસ અઠવાડિક કોલોમો, રાજ્ય પારિતોષિક, પરરાજ્ય પારિતોષિક અને રાષ્ટ્રીય એવોર્ડના વિજેતા, ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના ચૂંટાયેલા સભ્ય, ગુજરાતની સાહિત્યિક સંસ્થા " કાવ્યગોષ્ઠિ" ના કન્વીનર, દૂરદર્શન અને આકાશવાણીના 'સ્ક્રિપ્ટરાઈટર છે.*

### "શારદાપીઠ શ્રૃંગેરી મઠની રખેવાળી ચાર દેવતાઓ કરે છે."

**યશવંત કડીકર**

આદિ શંકરાચાર્ય શંકર ભગવદ્‌પાદ થોડા સમયમાં જ વૈદિક, ધર્મના વિરોધીઓને શાસ્ત્રાર્થ દ્વારા પરાજિત કરી ચૂકયા હતા. એમના મનમાં આ વિચાર વારે - વારે આવી રહ્યો હતો કે વૈદિક ધર્મની ધારા અવિરત ગતિએ સતત વહેતી રહે. એ માટે દેશના ચાર ખૂણા, ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ માં ચાર એવી પીઠ બનાવવામાં આવે જ્યાંથી વૈદિક ધર્મની ધજા લહેરાતી રહે. અને જ્યાંના આચાર્ય ભારતિય જન-માનસને વખતો-વખત માર્ગદર્શન આપતા રહે. એનાથી બે લાભ થશે, એકતો દેશની એકતા જળવાઇ રહેશે અને બીજું ભારતિય વિચાર-ધારાને વિકસવાની તક મલશે.

આ હેતુ માટે તે બધે ફરી રહ્યા હતા. તે કર્ણાટક પ્રદેશ માં વહેતી નદી તુંગા નદીના કિનારે - કિનારે જઇ રહ્યા હતા. ત્યારે એમણે એક આશ્ચર્ય જનક દશ્ય જોયું. એક ઝેરી સાપ એની ફેણ ફેલાવીને એક ગર્ભવતી દેડકીનું તડકાથી રક્ષણ કરી રહ્યો હતો. આદિ શંકરાચાર્યે એક બીજાના કટ્ટર દુઃશમન ગણાતા આમની અદ્‌ભુત મૈત્રી જોઇને આ ભૂમિના મહત્વને સમજ્યા અને એમણે એ જ જગ્યાએ પહેલી પીઠની સ્થાપના કરવાનો નિર્ણય લીધો.

આજ જગ્યા આગળ જતાં શારદા પીઠ શ્રૃંગરી ના નામે જાણીતી થઇ અને એના પીઠાધીશ્વરને શંકરાચાર્ય કહેવામાં આવ્યા. હાલમાં અહીના શંકરાચાર્યના સ્થાનને ભારતી તીર્થજી મહાસ્વામી શોભાવી રહ્યા છે. તેઓ મઠના ૩૬ મા શંકરાચાર્ય છે. અને હાલમાં રાજધાની દિલ્હીમાં ચાતુર્માસ કરી રહ્યા છે.

શ્રૃંગેરી પશ્ચિમ ઘાટના વિસ્તારમાં આવેલ એક મનમોહક તીર્થ બની ગયું છે. આ કર્ણાટકના ચિકમગલુર જિલ્લામાં તુંગા નદીના કિનારે વસેલું છે. અને શિમોગા રેલ્વે સ્ટેશનથી ફક્ત ૧૬ કિલોમીટર દૂર છે. શ્રૃંગેરી પહોંચવા માટે યાત્રાળુઓને કોઇ મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી. બધી બાજુથી આ માર્ગ વાહનોથી સંકળાયેલો છે. યાત્રાળુઓ જ્યારે શ્રૃંગેરી પહોંચે છે. ત્યારે અહીં નું કુદરતી સૌંદર્ય જોઇને મંત્રમુગ્ધ થઇ જાય છે. અને મા શારદા દેવીનાં દર્શન કરીને તથા આચાર્યશ્રીના આશીર્વાદ મેળવીને પોતાને ભાગ્યશાળી સમજે છે. શ્રૃંગેરીમાં મઠ તરફથી યાત્રાળુઓની સગવડ માટે એક ભવ્ય ધર્મ શાળા છે.

શ્રૃંગેરી પીઠની અધિષ્ઠાત્રી દેવી શારદા છે. શારદા સરસ્વતી નું જ નામ છે. તે પરમ શક્તિનું પ્રતીક છે. એમના હાથમાં અમરત્વના અમૃતથી ભરેલ એક કળશ છે. તો બીજા હાથમાં જ્ઞાનનો પરિચય કરાવતું પુસ્તક, ત્રીજા હાથમાં માળા અને ચોથા હાથમાં ચિન્મુદ્રા છે. માળા બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરેછે. ત્યાં ચિન્મુદ્રા જીવ અને બ્રહ્માંડની એકાત્મકતાનું જ્ઞાન કરાવે છે.

પીઠમાં શંકર ભગવદપાદના સમયથી જ ચંદ્રમૌલિશ્વર અને ગણપતિની પૂજા સતત એક ધારી ગતિથી થતી આવી રહી છે. અને બધા આચાર્યના આરાધ્ય દેવ છે. એમ કહેવાય છે. કે કૈલાસનું આ લિંગ ભગવાન વિશ્વેશ્વર કાશીમાં આદિ શંકરને આપ્યું હતું.

શ્રૃંગેરીની વચ્ચો-વચ્ચ એક પહાડી પર આવેલું ભગવાન મલાહાનિકારેશ્વરનું પ્રાચીન મંદિર આકર્ષણનું કેન્દ્ર છે. ૧૭ મી સદીમાં જ્યારે પીઠના આચાર્યપદે બિરાજમાન મહારાજા અભિનવ નરસિંહ ભારતી પહેલીવાર આ મંદિરમાં ગયા તો, એમણે જોયું કે ત્યાં ગણપતિની મૂર્તિ નથી. એમણે થાંભલા પર હળદરના ગણપતિનું રેખા ચિત્ર બનાવીને પૂજા કરી ત્યારથી ધીમે ભધીમે ગણેશની મૂર્તિ ગ્રેનાઇટના એ થાંભલામાં ઉપસતી ગઇ અને થાંભલો અંદરથી પોલો થતો ગયો.

કહેવાય છે કે જ્યારે આદિશંકર ભગવદપાદે શ્રૃંગેરી મઠની સ્થાપના કરીતો એમણે અશુભ શક્તિઓથી ગામની રક્ષાને માટે આસપાસની પહાડીઓ પર ચાર અભિભાવક મંદિર બનાવ્યાં. પૂર્વની પહાડી પર કાળ ભૈરવજી બિરાજમાન છે, તો પશ્ચિમમાં આંજનેયકા, દક્ષિણમાં દુર્ગાજીનું અને ઉત્તરમાં કાલીનું મંદિર બનાવ્યું આ ચારે દેવતા શ્રૃંગેરી મઠની રક્ષા કરી રહ્યા છે. મઠમાં અનેક મંદિર છે. જે યાત્રાળુઓની શ્રદ્ધાને મજબુત બનાવે છે. મઠની પરંપરા પ્રમાણે જેટલા આચાર્ય અત્યાર સુધી થઇ ચૂકયા છે એમની સમાધિઓ અહીં આવનારા યાત્રાળુઓ માટે શ્રદ્ધાનું કેન્દ્ર બિંદુ છે.

શ્રૃંગેરી હાલના સમયમાં સંસ્કૃત અને વેદાતના અભ્યાસ માટેનું એક મહાન કેન્દ્ર બની ચૂકયું છે. અહી ગુરૂકુળ પદ્ધતિથી શિક્ષણ આપવામાં આવે છે. ગણેશ ચતુર્થના ઉત્સવ પર વિદ્વાનોની એક સભાનું આયોજન કરવામાં આવે છે. પરસ્પર વિચાર - વિમર્શ થાય છે. અને જો કોઇ પ્રકારનો વિવાદ ઊભો થાય તો સમાધાન પણ કરવામાં આવે છે.

શ્રૃંગેરી મઠનું સૌથી મહત્વનું પર્વ નવરાત્રી છે. નવ દિવસ સુધી માં શારદાની પૂજા-અર્ચના કરવામાં આવેછે. આમ તો શિવરાત્રી પર્વ પણ ખૂબજ ધામધૂમથી ઉજવવામાં આવે છે. સામાજિક કાર્યો પણ મઠ તરફથી કરવામાં આવે છે. શારદા ધન્વંતરી હોસ્પીટલ આધુનિક યંત્રોથી સુસજજ છે. જે આ પ્રદેશની પીડિત જનતાને રોગમુક્ત કરવાની દિશામાં સતત પ્રયત્નશીલ રહે છે.

**૧૨, જયસિદ્ધનગર સો.,**
**ધર્મનગર રોડ, સાબરમતી**

卐 卐 卐 卐 卐

## વેદોનું અમૃત

**વૈદ્યશ્રી મહેન્દ્રનાથ વેદાલંકાર :**

*વતન હાંસોટ, જિ. ભરૂચ હાલ અમદાવાદ ગુરુકુલ વિશ્વવિદ્યાલય, કાંગડી (હરદ્વાર)ના સ્નાતક, ચૌદ વર્ષ ગુરુકુલમાં રહીને વેદાલંકારની ઉપાધિ પ્રાપ્ત કરી. ૩૦ વર્ષ માધ્યમિક શાળામાં અધ્યાપન, છેલ્લા દશવર્ષમાં લગભગ પચાસ નાનાં મોટાં ધાર્મિક પુસ્તકોના અનુવાદ, અનુવાદ સેવા ચાલુ છે. 'સ્વસ્તિક પન્થા'ના સહસંપાદક આયુર્વેદ ભિષક થઈને રજી. વૈદ્ય થયેલા છે. ધાર્મિક અને આયુર્વેદ વિષયક લેખો લખે છે. ૭૯માં વર્ષે પણ પૂર્ણ સ્વસ્થ છે. અને યુવાનની જેમ કાર્યશીલ છે. "શ્રી ઉપાસના"ને એમનું વિદ્વતાપૂર્ણ માર્ગદર્શન મળતું રહે છે.*

**લે. સ્વ. સુરેશચંદ્ર વેદાલંકાર**
**અનુ. વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર**

**આનંદના ધામ-પ્રભુ...**

ઓમ્ સ નો બન્ધુર્જનિતા સ વિધાતા ધામાનિ વેદ ભુવનાનિ વિશ્વા । યત્ર દેવા અમૃતમાન શાના સ્તૃતીયે ધામ ન્નધ્યૈરયન્ત।। (યજુર્વેદ અ. ૩૨, મંત્ર ૧૦)

(યઃ) જે પરમાત્મા (નઃ) આપણો (બંધુઃ) બંધુ અને (જનિતા) ઉત્પન્ન કરનાર પિતા છે. (સઃ) તે પરમાત્મા (વિધાતા) આપણને ધારણ કરનાર અથવા કર્મોનું ફળ આપનાર છે. (વિશ્વ) બધા (ભુવનાનિ) લોકોને (ધામાનિ તે લોકોનાં) નામ, સ્થાન અને કેવી રીતે ઉત્પન્ન થયા તે (વેદ) જાણે છે. (યત્ર) જે (તૃતીયે ધામન્) ત્રીજા ધામમાં (મોક્ષમાં), (અમૃતમ્) મોક્ષના આનંદને (આનશાનાઃ) પ્રાપ્ત કરીને (દિવાઃ) જ્ઞાની લોકો (અધ્યૈરયન્ત) પોતાની ઈચ્છા પ્રમાણે વિચરણ કરે છે.

વેદમંત્રોનાં અને વૈદિક સંસ્કૃતિમાં મનુષ્યે વારંવાર એ બોધ કરાવવામાં આવે છે કે ઇશ્વર સર્વ વ્યાપક છે. જો મનુષ્ય ઇશ્વરની સર્વ વ્યાપકતામાં પૂરો વિશ્વાસ રાખે તો તે પાપમાંથી સરળતાથી બચી શકે છે. ખરી વાત એવી છે કે મનુષ્ય જ્યારે એકાન્તનો અનુભવ કરે છે ત્યારે જ પાપનાં પ્રવૃત્ત થાય છે. તે વિચાર કરે છે કે મને સંસારમાં જોનાર કોઈ નથી. બળવાન વ્યક્તિની પણ એક નાના બાળકના દેખતાં પાપ કરવાનીજીગર ચાલતી નથી. પરંતુ ધીમે ધીમે આ પાપની પ્રવૃત્તિ એવી થઇ જાય છે કે તેને મોટા મોટા માણસો આગળ પણ પાપ કરવામાં ડર લાગતો નથી. પરંતુ જ્યારે મનુષ્ય પરમાત્માને સર્વવ્યાપક માની લે છે તો તે પાપ કરતી વખતે વિચાર કરે છે કે મને કોઇ પ્રાણી જોતો નથી. પરંતુ તે હજાર આંખવાળો પ્રભુ તો જોઇ જ રહ્યો છે. તેથી તે પાપ કરતી વખતે ડરે છે.

પ્રભુથી ડરવાની જરૂર નથી. કેવળ ભયથી કરવામાં આવતું કામ યોગ્ય નથી તેથી આ મંત્રમાં પ્રભુને બંધુ અને પિતા પણ કહ્યો છે તેણે આપણને સુખ ભોગવવા માટે ઉત્પન્ન કર્યા છે. તેણે સંસારમાં બધા પદાર્થ આપ્યા છે. ફૂલની પાંખડીમાં પતંગીયાની પાંખોમાં, પક્ષીઓની પાંખોમાં, વાદળોમાં, ઇન્દ્ર ધનુષમાં , ઊષા માં, સંધ્યાની લાલિમામાં તે પ્રભુની શક્તિ જ પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારા અને ગ્રહ, ઉપગ્રહોમાં તે પ્રભુની શક્તિ જ કામ કરી રહી છે. આકાશના ચળકતા તારાઓની દીપમાળા તેનું જ સ્વાગત કરે છે. ઊંચા પહાડોની ગગનચુંબી ટોચ તે પ્રભુની ઊંચાઇ શોધે છે. સમુદ્રનું અગાધ ઊંડાણ તેની ગંભીરતા જ બતાવે છે. એક એક પાંદડાની જુદી રચના તે પ્રભુની ચતુરાઇ બતાવે છે. આવો છે પરમાત્માનો મહિમા ! તે આપણો પાલક છે, તે આપણો બંધુ છે. તે રક્ષક છે. તેના દરેક કાર્યમાં આપણા રક્ષણની ભાવના છે. મનુષ્ય ક્ષણિક સુખ માટે પોતાની આંખો પરમાત્મા તરફથી બંધ કરી દે છે અને ખરાબ કર્મ કરે છે અને પોતાની જાતને છેતરીને કહે છે.

**અબ તો આરામ સે ગુજરતી હૈ,**
**આકબતકી ખબર ખુદાજાને.**

પરંતુ પરમેશ્વર તો પિતા છે. તે પાપના ગુમડાને દૂર કરવા માટે સફળ વૈદ્ય બની ઓપરેશન કરે છે. રોગ, ગરીબી, નિર્બળતા પરમેશ્વર તરફથી આપેલ સજા છે. પરમાત્મા સજા માફ કરતો નથી. તેથી વિધાતાની સજામાંથી બચવા માટે તો પુરુષાર્થ કરવો પડે છે. તેથી જ કહ્યું છે કે પરમાત્મા ઉપર પૂર્ણ વિશ્વાસ રાખો, તેને

પોતાના પિતા અને માતા માનો પરમાત્મા જે કંઇ કરે છે તે આપણા ભલા માટે જ કરે છે. તે પાલન કરે છે તેથી તે આપણો પિતા છે.

મનુષ્યે બે વાત ધ્યાનમાં રાખવી જોઇએ. એક એ કે પ્રભુ આપણો પિતા અને બંધુ છે. તે આપણું બુરું કરતો નથી. તે જે પીડા કે કષ્ટ આપે છે તે આપણા લાભ માટે સુધારવા માટે આપે છે. બીજી વાત એ છે અને તે ઘણી જરૂરી છે. કે સંસારમાં પાપોથી બચવા માટે પરમેશ્વરના સર્વવ્યાપક રૂપનું સદા ધ્યાનમાં રાખવું જોઇએ. તે પ્રભુ પોતાની આંખો દ્વારા સંસારના દરેક પ્રાણીના હિતનું ધ્યાન રાખે છે.

આ મંત્રના બીજા ભાગમાં કહેવામાં આવ્યું છે કે તે પરમેશ્વર તે વ્યક્તિઓને જ પ્રાપ્ત થાય છે જે સત્ય અને અસત્યને સમજી લે છે, અને સત્યના પાલન અને અસત્યના ત્યાગ દ્વારા પરમેશ્વરની નિકટતા મેળવી લે છે. પ્રભુની નિકટતા જ નહિ પરંતુ પ્રભુમાં લીન થઇને સ્વેચ્છાપૂર્વક વિચરણ કરવા લાગે છે.

ઇશ્વર, જીવ અને પ્રકૃતિ આ ત્રણ અનાદિ (જે પ્રારંભ ન થાય) અને અનશ્વર (જેનો નાશ ન થાય) છે. આ ત્રણેના ગુણ જુદા જુદા છે. પ્રકૃતિ જડ છે, એને દુઃખ થતું નથી અને સુખ કે આનંદ પણ થતાં નથી. જીવ ચેતન છે. પરંતુ તે આનંદ સ્વરૂપ નથી, તે સુખ અને આનંદ ઇચ્છે છે. તે સુખ અને આનંદની ખોમાં કોઇ વખત પ્રકૃતિ તરફ પદાર્થોમાં, ભોગોમાં અને વિષય વાસનાઓમાં સુખ માને છે. આ રીતે જીવ પોતાના કરતાં ઉચ્ચ વસ્તુ તરફ ન જઇને પોતાના કરતાં નીચી કક્ષાની પ્રકૃતિ તરફ ઢળે છે. જીવ ચેતન હોવાથી પ્રકૃતિ કરતાં ઉચ્ચ છે. અને જ્યારે તે પોતાના કરતાં નીચી કક્ષાની વસ્તુને લક્ષ્ય-ઉદ્દેશ્ય બનાવે છે ત્યારે તેને સ્થિર શાંતિ મળતી નથી. આ વાતને આપણે બીજા શબ્દોમાં એમ કહી શકીએ છીએ કે તેને પશુયોનિ પ્રાપ્ત થઇ જાય છે.

એના કરતાં ઉચ્ચ સ્થિતિ ત્યારે થાય છે જ્યારે મનુષ્યને ઘણું જ સુખ પ્રાપ્ત થાય છે. તે પ્રકૃતિના ભોગોથી ઉપર ઊઠીને જીવાત્માની પ્રાપ્તિ કરી લે છે. આ સુખ ભૌતિક પદાર્થોના સુખ કરતાં વધારે સુખ હોય છે. એવું સુખ આપણે ત્યારે અનુભવીએ છીએ જ્યારે કોઇ બુદ્ધિના કાર્યમાં સફળતા મળે છે. અને સાંસારિક સુખ-દુઃખથી રહિત જીવાત્માની એક ત્રીજી સ્થિતિ પણ હોય છે. અને તે સ્થિતિ ત્યારે થાય છે કે જ્યારે આનંદના ધામ પ્રભુમાં વિચરણ કરે છે. તે જન્મ-મરણના બંધનથી મુક્ત થઇ જાય છે. ત્યાં મૃત્યુનો ભય નથી. એ જ છે તૃતીય ધામ અને ત્યાં જ્ઞાની મનુષ્યો જ પ્રવેશ કરી શકે છે.

**૧૫૭/૧૮૮૬, પ્રતીક્ષા એપા. સોલારોડ,**
**નારણપુરા, અમદાવાદ-૧૩.**

## સૌન્દર્ય લહરીનું સુધાપાન (શ્લોક ૧ અને ૨)

**પ્રા. ડૉ. નરેન્દ્રભાઇ પી. મહેતા**
**(M.A. Ph.D)**

*કડીની આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં અઢી દાયકાથી સંસ્કૃતનું અધ્યાપન કાર્ય, ધર્મશાસ્ત્ર, આયુર્વેદ, જ્યોતિષશાસ્ત્ર મનગમતા વિષયો, સંસ્કૃતમાં પી.એચ.ડી. તેમજ જર્નલો, પંચાંગો, મેગેઝીનોમાં સંસ્કૃત સાહિત્ય, જ્યોતિષ વિષયક લેખો પ્રગટ થાય છે. સંસ્કૃત, જ્યોતિષ વિષયક અધિવેશનોમાં સક્રિય ઉપસ્થિત, હળવદ-બ્રહ્મસમાજ દ્વારા બહુમાન પ્રાપ્ત થયું. શ્રી ઉપાસનાની સલાહકારસમિતિમાં સક્રિય પ્રવૃત્તિ.*

આદ્ય ગુરુશંકરાચાર્યે ભારત વર્ષમાં ગણપતિ, શિવ, શક્તિ, સૂર્ય અને વિષ્ણુ એ પંચદેવની સાકારમાર્ગની ઉપાસના તથા નિર્ગુણ બ્રહ્મની નિરાકાર ઉપાસનાએ ષણ (છ) માર્ગની સ્થાપના કરેલ છે. ભારત દેશની ચારે દિશાઓમાં હિન્દુધર્મના ચાર મઠોની સ્થાપના કરી હિન્દુ ધર્મનો દિગવિજય કરેલ છે તેમણે પ્રસ્થાનત્રયી એટલે કે ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભાગવદ્ગીતા ઉપર સંસ્કૃતમાં ભાષ્ય ગ્રંથો લખેલા છે. તેમજ સંસ્કૃતમાં અનેક સ્તોત્રો પણ રચેલ છે. તેમાં સૌન્દર્યલહરી એક વિશિષ્ટ સ્તોત્ર કાવ્ય છે. આ સ્તોત્રમાં ભગવતી રાજરાજેશ્વરી ત્રિપુરા સુંદરીની સ્તુતિ અને તેમના અપાર સૌદર્યનું ઉત્કૃષ્ટ

વર્ણન છે. એટલું જ નહી પરંતુ આ સ્તોત્ર કાવ્યમાં શ્રી વિદ્યા ઉપાસનાનું ગૂઢ રહસ્ય અને તત્ત્વદર્શન પણ વિલસી રહ્યું છે. સમગ્ર સૌંદર્ય લહરીમાં સ્તુતિ પ્રાર્થના છે. પરંતુ તેના પુર્વાઅર્ધના પ્રથમ ચાલીસેક શ્લોકોમાં શ્રી વિદ્યાઉપાસનાનું ગૂઢ રહસ્ય બતાવ્યા પ્રમાણે આ (સ્તોત્ર) એક સ્વતંત્ર તંત્ર શાસ્ત્ર પાંસઠમાં સ્વતંત્ર તંત્ર શાસ્ત્રમાં એક સાથે ચારે પુરુષાર્થોનું નિરૂપણ થયેલું છે. આ તંત્ર શાસ્ત્રમાં ભોગ અને મોક્ષ એ બન્ને એક સાથે નિરૂપાયેલ છે.

સૌન્દર્ય લહરીના પ્રથમ ચાલીસ (કયાંક એકતાલીસ) શ્લોકો આનંદ લહરી કહેવાય છે. અને સમગ્ર સ્તોત્રને સૌન્દર્ય લહરી કહેવામાં આવે છે. દિવ્યતાથી ભરપુર મા ભગવતીની આ સ્તુતિથી ઉપાસક બાળકોના હ્રદયમાં અપાર શાન્તિ તેમજ અપૂર્વ તેજ અને ઓજ નો દિવ્ય અનુભવ થાય છે. સૌન્દર્ય લહરી પર અનેક સંસ્કૃત ટીકાઓ લખાઇ છે. તેમાં લક્ષ્મીધર, વિશ્વંભર, અચ્યુતાનંદ પ્રવરસેન પાશ્ચાત્યવિધાન સરજોન વુડ કે પણ આનાપર અંગ્રેજી ટીકા લખી છે. આમ આ એક જ ગ્રંથપર અસંખ્ય ટીકાઓ સૌદર્ય લહરીનું વિશિષ્ટ મહત્ત્વ દર્શાવે છે.

સૌન્દર્ય લહરીનું સુધાપાન કરવાનો ક્રમ આપણે અહી શ્રી વિદ્યા ઉપાસના અંકમાં રાખેલ છે. આગામી દર અંકમાં સૌદર્ય લહરીના બે ત્રણ શ્લોકોનું તત્ત્વદર્શન, સુધા પાન આચમન રૂપે કરીશું. અહી આ અંકમાં આપણે સૌદર્ય લહરીના પ્રથમ બે શ્લોકોનું અનુવાદ, વિવરણ અને તત્ત્વાર્થ રૂપે આસ્વાદન કરીશું

शिवः शक्त्या युक्तो यदि भवति शक्तः प्रभवितुं
न चेदेवं देवो न खलु कुशलः स्पन्दितुमपि ।
अतस्त्वामाराध्यां हरिहर विरिञ्चयादिभिरपि
प्रणन्तुं स्तोतुं वा कथम कृतपुण्यः प्रभवति ।। १ ।।

શિવ શક્તિ સાથે રહીને જ સૃષ્ટિને ઉત્પન્ન કરવાને સમર્થ બને છે અને જો એમ ન થાય એટલે કે શિવની સાથે શક્તિ ન હોય તો તેઓ સ્પન્દન કરવાને પણ શક્તિમાન બનતા નથી. તેથી હરિહર બ્રહ્મા વગેરેના આરાધ્ય દેવીને પ્રણામ કરવા કે સ્તુતિ કરવાનું સામર્થ્ય કોઇ પુણ્ય હીન માણસમાં કેવી રીતે હોઇ શકે ?

Oh ! Universal Mother, Oh ! Parasakthi Swaroopini ! Sree Mahathripurasundari ! the everauspicious all mereciful Lord Siva becomes proficient for Jagat Nirmaan Srishti only if He is in innate union with you. if not, Lord Siva is incapable of even moving. You, our universal Goddess everworshipped by the trinity Brahma, Vishnu Rudra can be worshipped by ordinary human mortals only by acquiring the merit and privelege of countless births. Not otherwise.

શિવ શક્તિથી યુક્ત છે. શક્તિ વિના કશું જ શકય નથી. બ્રહ્મા વિષ્ણુ મહેશ વગેરેના આરાધ્ય દેવતા એવા મા ભગવતીને પ્રણામ કરવા માટે કે તેમનું સ્તવન કરવા માટે જન્મોજન્મના પુણ્યની જરૂર પડે છે. પુણ્ય વિના મા ભગવતીની ઉપાસના કે ભક્તિ થઇ શકતી નથી.

શિવ શક્તિથી યુક્ત થઇને સર્જન (પ્રભવ) કરે છે. શક્તિ વિના પરમેશ્વર સર્જન કરી શકતા નથી. એક મટકું પણ મારી શકતા નથી કે હલીડુલી (હલન ચલન પણ કરી) શકતા નથી.

આદ્ય ગુરુ શંકરાચાર્યે તેમના બ્રહ્મસૂત્ર (૧-૪-૩) ભાષ્યમાં આ વાત સમજાવી છે.

"नहि तया विना परमेश्वरस्य स्रष्टुत्वं सिद्ध्यति ।"
અર્થાત્ શક્તિ વિના પરમેશ્વરનું સૃષ્ટિ સર્જન સિદ્ધ થઇ શકતું નથી.

વામ કેશ્વર મહાતન્ત્રમાં પણ કહ્યું છે.કે શક્તિ રહિત પરમ શિવ (બ્રહ્મ) પણ સૃષ્ટિનું સર્જન સ્થિતિ કે લય કરી શકતા નથી અથવા શક્તિ યુક્ત થઇને સ્થિતિ કે લય કરી શકે છે.

परोऽपि शक्ति रहितः शक्त्या युक्तो भवेद्यदि ।

सृष्टि स्थितिलयान् कर्तुमशक्त इशक्त एव हि ।।

વાસ્તવમાં શિવ અને શક્તિ એક જ છે. ઉપાસક વાસના ભેદ થવાથી શિવ અને શક્તિની જુદી જુદી કલ્પના કરે છે. કુર્મ પુરાણમાં કહ્યું છે કે -

शक्ति शक्तिमतो भेदं वदन्त्य परमार्थतः ।
अभेद मनुपश्यन्ति योगिनस्तत्त्वचिन्तकाः ।।

અર્થાત્ અપરમાર્થ રીતે શિવ અને શક્તિમાં ભેદ જોવાય છે, પરંતુ તત્ત્વચિંતક યોગીઓ શિવ અને શક્તિમાં અભેદ્ય જુવે છે.

પરંતુ આ પ્રથમ શ્લોકની બીજી પંક્તિમાં કહ્યું છે કે શિવશક્તિથી યુક્ત ન હોય તો તે સ્પન્દિત પણ થઈ શકતા નથી આનો અર્થ કે તાત્પર્ય એ છે કે શક્તિથી યુક્ત બ્રહ્મ સ્પન્દિત થાય છે.

અહીં શિવને સ્રષ્ટા કહ્યા છે તેથી શિવ કે હર શબ્દને પરમ શિવ અર્થાત બ્રહ્મવાચક સમજવાનો છે.

માભગવતી હરિહર વિરિંચ્યાદિ (બ્રહ્માવગેરે)ના ઉપાસ્ય દેવતા છે તેમાં બ્રહ્મા વિષ્ણુ મહેશ આદિમાં આદિ શબ્દ વડે મનુ, ચંદ્ર, કુબેર, મન્મથ વગેરેનો અર્થ અપેક્ષિત છે અર્થાત્ જેમણે જેમણે મા ભગવતીની ઉપાસના કરી છે તે બધાનો તેમાં સમાવેશ થઇ જાય છે. જ્ઞાનાર્ણવમાં પણ કહ્યું છે કે - મનુ, ચંદ્ર, કુબેર, મન્મથ લોપામુદ્રા, અગસ્ત્ય, સ્કન્દ, વિષ્ણુ, શિવ દત્તાત્રેય, મુનિ, શક્ર (ઇન્દ્ર) અને દુર્વાસા એ તેર દેવો અને ઋષિ મુનિઓએ મહાવિદ્યાની ઉપાસના કરી હતી.

શ્લોકની અંતિમ પંક્તિમાં જણાવ્યું છે તે મજુબ જેમણે પૂર્વ જન્મમાં પુષ્કળ પુણ્યનું અર્જન કર્યુ હોય છે તે ઓજ અથવા તે મનુષ્ય જ મા ભગવતીની સ્તુતિ કરવાને માટે સમર્થ બની શકે છે અન્ય નહિ. આમ પુણ્યની લાયકાત હોય તો જ માની ઉપાસના કે ભક્તિ થઇ શકે છે, નહિ તો વિચાર સુદ્ધા પણ થતો નથી અને ભવાટવિમાં દુઃખનો માર્યો અથડાયા કરે છે.

पूर्वजन्मकृतैः पुण्यैज्ञात्वेमां परदेवताम् ।
पूजयेदाग मोक्तेन विधानेन समाहितेः ।।

એટલું તો ચોક્કસ છે કે આપણે બધા માતાજીના ઉપાસકો પુણ્યશાળી છીએ અને તેથી જ માનું, રાજરાજેશ્વરી ભગવતીનું નામ સ્મરણ, તેમની સ્તુતિ પ્રાર્થના કે ઉપાસના કરી શકીએ છીએ કે આ રાજમાર્ગમાં ટહેલવાનો આનંદ માણી શકીએ છીએ. અન્યથા અહીં આપણે કયાંથી મળીએ

तत्त्वार्थ :

શિવ हं વાચ્ય છે અને શક્તિ सः વાચ્ય છે તેથી हंसः મંત્ર સિદ્ધ થાય છે. આ અક્ષરોને ઉલટા કરવાથી सोऽहं બને છે.

सोऽहं માંથી स અને ह અક્ષરોને હટાવી લેવામાં આવે તો ॐ શેષ રહે છે. ॐ નિર્ગુણ અક્ષર બ્રહ્મવાચક છે.

सोऽहं બ્રહ્માત્મૈકય પદ છે અને हंसः જીવ વાચક છે.

ह અને स એ બેના યોગથી हसौ બીજમંત્ર બને છે, જેને પ્રેતબીજ કહેવામાં આવે છે. આ બીજમાં શિવ શક્તિ એ બન્નેને પ્રલય કાલીન મહાસુપ્તિ અવસ્થામાં બતાવામાં આવેલ છે.

પ્રત્યેક શ્વાસમાં हंसः અથવા सोऽहं જપ (નાદ) થતો રહે છે.

हंकारेण बहिर्याति सकारेण विशेत्पुनः ।
हंस हंसेत्यमुं मन्त्रं जीवो जपति सर्वदा ।।

અર્થાત હંકારથી શ્વાસ બહાર નીકળે છે અને સકારની ફરી અંદર પ્રવેશે છે. જીવ 'હંસ' 'હંસ' એવો મંત્ર હંમેશા જપ્યા કરે છે એટલે કે જીવ શ્વાસોચ્છવાસ દ્વારા हंसः મંત્રનો જપ સર્વદા જપ્યા કરે છે.

શિવ એટલે કકારાદિ ૩૬ વ્યંજનો અને શક્તિ એટલે અકારાદિ ૧૬ સ્વર છે. જ્યારે વ્યંજનમાં સ્વર મળે ત્યારે જ વ્યંજનનો ઉચ્ચાર થઇ શકે છે. જો એમ ન થાય તો એકલા વ્યંજનનો ઉચ્ચાર ન થાય અને શબ્દનો અર્થ પણ સમજી શકાય નહી એટલે બ્રહ્માદિ દેવતાઓ પણ સ્વરરૂપ શક્તિનું સેવન કરે છે.

શિવ શક્તિના સંયોગથી हसौः એવું શ્રી બાલા ભગવતીનું તૃતીય (પ્રાસાદ) બીજ થાય છે જેનાથી સાધકને સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

શિવ એટલે બિંદુ અને શક્તિ એટલે વિસર્ગ આ બન્નેના સંયોગથી અનુત્તમ નામનું બીજ સિદ્ધ થાય છે.

શ્રી ચક્રને પણ શિવ શકત્યાત્મક શિવનું શરીર માનવામાં આવે છે. બિંદુઓ ત્રિકોણથી શ્રીયંત્રની તેમજ સૃષ્ટિ અને શરીર રચના શકય બને છે.

तनीयांसं पांसुं तव चरणपङ्केरुहभवं
विरिञ्चिः सञ्चिन्वन्विरचयति लोकानविकलम् ।
वहत्येनं शौरिः कथमपि सहस्रेण शिरसां
हरः संक्षुधैनं भजति भसितोद्धुलनविधिम् ।। २ ।।

હે ભગવતિ, તમારા ચરણ કમળમાંથી ઉત્પન્ન થતાં નાનકડાં એક રજકણને પસંદ કરી બ્રહ્માજી સતત લોકલોકાન્તરોની રચના કરે છે. શેષનાગ તે રજકણને માંડ માંડ એટલે કે ખૂબ જ પરિશ્રમ પૂર્વક સહસ્ત્ર મસ્તકો ફણાઓ પર ધારણ કરે છે અને હર (મહાદેવ) તેની ભસ્મ બનાવીને પોતાના અંગો પર લગાવે છે.

Oh ! Universal Mother Lord Brahma has meticulously collected the fine dust from your lotus feet, and created the fourteen independent and vast worlds capable of existence up to pralaya. Lord Vishnu with His thousand heads, sustains these fourteen worlds. Seven worlds starting with this vast Earth, (Simsumara Roopi) and above, seven worlds below, with ulmost difficulty.

The fourteen worlds being.

Satyahloka - Seven

Tapahloka - Six

'Janahloka - Five

Mahaloka - Four

Suvahloka - Three

Bhuvaloka - Two

Bhooloka - (Earth) One (Upper Worlds)

Alhala - One

Vithala - Two

Suthala - Three

Rasathala - Four

Talathala - Five

Mahathala - Six

Paathaala- Seven (Nether Worlds)

Lord Rudra at dissolution time, during Pralaya phase, converts these fourteen worlds into ashes to smear on His forehead as Bhasma. As such, the fine dust from your lotus feet is the Basis for the fourteen worlds, its Creation - Sustenance and Destruction.

સૌન્દર્ય લહરીના આ બીજા શ્લોકમાં શક્તિની અનંતતા બતાવવામાં આવી છે. તેની સાપેક્ષતાથી બ્રહ્મતા, શૌરિ (શેષનારાયણ વિષ્ણુ) અને હરની શક્તિઓ તુચ્છ છે કારણ કે મા ભગવતી અનંત બ્રહ્માંડોની સ્વામિની છે અને આ બધા (દેવો) એક બ્રહ્માંડના જ અધિદેવ છે. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એકેક લોકના (અનુક્રમે બ્રહ્મ વૈકુંઠ અને કૈલાસ લોકના ) દેવ છે.

અહીં આ શ્લોકમાં બ્રહ્માજી માટે વિરિંચ, વિષ્ણુ ભગવાન માટે શૌરિ અને મહાદેવ માટે હર શબ્દો વપરાયેલ છે. આમાં શૌરિ શબ્દ શાથી શય્યીનારાયણની શય્યા બનાવવાવાળા શેષનાગ પણ નારાયણની જ એક શક્તિનું રૂપ છે તેમ સૂચવે છે. શેષનાગ સકળ સંસારને સહસ્રમસ્તકો (ફણાઓ) પર ઉપાડીને ધારણ કરે છે. "सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्र पात" થી વિષ્ણુનું સહસ્રશીર્ષત્વ વેદ પ્રસિદ્ધ છે. વિષ્ણુની સાથે રામકૃષ્ણ બન્ને અવતારોમાં લક્ષ્મણ અને બલભદ્રને શેષના અવતાર

માનવામાં આવે છે. આમ અહીં શેષને વિષ્ણુનું એક નામ આપવામાં આવેલ છે.

મા ભગવતીના ચરણો ચાર પ્રકારના છે. પ્રથમ ચરણ શુકલ (ધવલ) છે. જે સત્ત્વ પ્રધાન છે. બીજું ચરણ રક્ત (લાલ) છે અને તે રજોગુણ પ્રધાન છે. ત્રીજું ચરણ મિશ્ર છે અને તે તમોગુણ પ્રધાન છે. તથા ચોથું નિર્વાણ ચરણ છે અને તે ગુણાતીત છે. શુક્લ અને રક્ત ચરણ આજ્ઞાચક્રમાં આવેલ દ્વિદલ છે. મિશ્રચરણ હૃત્કમલ પર છે અને નિવાર્ણ ચરણ સહસ્રદલમાં રહેલ છે.

મા ભગવતીના શુક્લ અને રક્ત ચરણમાં બ્રહ્મા અને વિષ્ણુનું ધ્યાન ધરવું જોઈએ. મિશ્ર ચરણમાં રુદ્રનું અને ચિંતન કરવું જોઈએ.

મહાયોગી દત્તાત્રેયે પણ કહ્યું છે કે હે માં ભૂમધ્ય આજ્ઞાચક્રમાં રહેલ બ્રહ્મા અને વિષ્ણુ તારા લાલ અને શુભ્ર એવા બે ચરણો છે જે રજોગુણ પ્રધાન અને સત્વગુણ પ્રધાન છે તેમનું પૂજન અર્ચનાદિ દ્વારા સેવન કરવું જોઈએ. એક સૃષ્ટિનું સર્જન કરે છે. અને બીજા તેનું પાલન કરે છે. ત્રીજા ચરણરૂપ હરનું હૃદયકમળમાં સ્મરણ કરવું જોઈએ.હર સમયાનુસાર વિશ્વનો વિનાશ કે પ્રલય કરે છે. હે માં તારુ ચોથું નિવાર્ણ ચરણ નિરૂપાધિબાધ છે જે શિવપથમાં સાન્દ્ર અમૃત સમાન છે. સતત અમૃતને વરસાવે છે. આવા તારા ચરણ કમળ ને વારંવાર નમસ્કાર કરું છું.

આપણા ભારતીય ષડદર્શનોમાં ગૌતમ મુનિનું સાંખ્ય દર્શન તથા પતંજલિનું યોગ દર્શન પ્રધાન કારણ વાદમાં માને છે કણાદમુનિનું વૈશેષિક દર્શન તથા ઉલુકાચાર્યનું ન્યાય દર્શન અણુવાદમાં માને છે તથા પૂર્વમીમાંસા (ક્રિયાકાન્ડ) અને ઉત્તર મીમાંસા (વેદાન્ત) ઈચ્છા શક્તિ વાદમાં માને છે આમ સાંખ્ય અને યોગ એ બન્ને પ્રધાન કારણવાદી છે, વૈશેષિક અને ન્યાય અણુવાદના સમર્થક છે તથા વેદાંત સૃષ્ટિનું આદિકારણ ઈશ્વરની ઈચ્છા શક્તિને માને છે પરંતુ આશ્લોકમાં ભગવાન શંકરાચાર્યે ત્રણેવાદોનો સમન્વય કરીને અંતે વેદાન્તના ઈચ્છા શક્તિવાદનું જ સમર્થન કર્યુ છે. આ સૃષ્ટિનું આદિકારણ મા ભગવતીની ઈચ્છા શક્તિ જ છે. પાંસુ શબ્દ અણુવાદની તરફ સંકેત કરે છે, 'चरणपङ्केरुह જડપ્રધાન કારણવાદ તરફ અને 'तव' શબ્દ મહાત્રિપુર સુંદરીની ઈચ્છા શક્તિ તરફ સંકેત કરે છે.

અહીં ભગવતીના ચરણોને કમળની ઉપમા આપવામાં આવી છે. જેમ કમળોની પરાગરૂપી રજ કમળમાંથી જ ઉત્પન્ન થાય છે તેમ આ પાંસુ રજકણ ભગવતીના ચરણોમાંથી ઉત્પન્ન થયેલી છે અને ઉત્પન્ન થઈને અણુઓનું રૂપ ધારણ કરી લે છે.

लोकान् શબ્દ સ્થાવર અને જંગમ એમ બન્નેનું સૂચન કરે છે. भूः, भूवः, स्वः, महः, जनः तपः અને सत्यम् એ માત ઉર્ધ્વલોક અને अतलः वितलः सुतलः વગેરે સાત અધોલોક એમ કુલ ૧૪ લોક માનવામાં આવે છે. एनं પાંસું શબ્દોમાં એક વચનનું રૂપ હોવાથી પ્રત્યેક અણુમાં ભગવતીના ચરણ છે તેમ સૂચિત થાય છે તથા પ્રત્યેક પરમાણુ અનંત શક્તિથી પરિપૂર્ણ છે. (ક્રમશઃ)

**હાંસા શેરી, કડી-૩૮૨૭૧૫.**

## દિનતા

**શ્રી કિરણબેન એન. શાહ :**

*કડીની ખમાર/રાવલ ઉ.મા. સ્કૂલમાં અધ્યાપિકા તરીકે લાંબાગાળાથી સેવા આપી રહ્યા છે. ધર્મચિંતન, શિક્ષણ, સેવાની પ્રવૃત્તિઓમાં સ્વાભાવિક, સહજ અભિરૂચિ ધરાવે છે.*

માનવ જીવનનું મુખ્ય લક્ષ્ય છે પ્રભુ પ્રાપ્તિ. જો પ્રભુ પ્રાપ્તિ કરવી હોય તો માનવીય ગુણો માનવમાં હોવા જરૂરી છે. જેવાં કે દીનતા, સહનશીલતા, ઉદારતા, કરુણા, દયા, સત્ય વગેરે.

આ બધા માનવીય ગુણોમાં દીનતાના ગુણ વિશે આપણે વિચારીશું.

नहि साधनसम्पत्या हरिस्तुष्यति कस्य चित् ।
भक्तानाम् दैन्यमेवैकं हरि तोषण साधनम् ।।

શ્રી હરિ જીવના કોઈ સાધનથી કે સંપત્તિથી સંતોષ પામતા નથી. કેવલ ભક્તની દીનતા જ હરિને સંતોષી શકે છે. દીનતા એ ભગવદદર્શનનું બીજ છે. હૃદયમાં દીનતા પ્રગટ થાય, ત્યારે માનવું કે હવે ભગવદ દર્શન માટેનું બીજ મારા હૃદયમાં રોપાયું. દીનતા એ અંતઃકરણનો ગુણ છે. ભગવદ્ સેવા અને સ્મરણમાં આપણા દોષોનો જ વિચાર કરીને, પ્રભુના બની રહેવા માટે અહંતા મમતાનો ત્યાગ કરવો એ દીનતા જ છે. દીનતાથી ગર્વ મદ વા અભિમાન જ કહો તે નાશ પામી અંતઃકરણ શુદ્ધ બને છે.

દીનતા વિના દાસ્ય ધર્મ સ્ફુરતો જ નથી. અહંકાર અને અભિમાન દીનતાના પરમ દુશ્મન છે અને દાસ્યધર્મનો નાશ કરનારા છે. कृष्णः कृपापराधीनो दीनानाम् अनुपेक्षकः શ્રીકૃષ્ણ પોતાની કૃપાને લીધે પરાધીન હોઈ દીનજનોની કદી ઉપેક્ષા કરતા નથી. શ્રીકૃષ્ણે અર્જુનનો રથ હાંકયો, પાંડવોને ડગલે ને પગલે મદદ કરી, રક્ષા કરી, વ્રજભક્તોથી એક ક્ષણ અળગા ન થયા.

સૂરદાસજી કહે છે કે,

**મન રે ! તું વૃક્ષ ન કો મત લે,**

**કાટે તા પર ક્રોધ નહીં, સિંચે નાહી સનેહ,**

**જો કોઉ વાપે પથ્થર ચલાવે, તાહી કો ફલ દે.**

અપને સિર પર ધુપ સહત હે, ઓરન છાયા દે, ધન્ય ધન્ય જડ પરમ પરમારથ, વૃથા મનુષ્ય કી દેહ, 'સૂરદાસ' મન-કર્મ વચન કરી, ભક્તન કો મત યેહ.

બંસી બોલના ભક્ત કવિ દયારામભાઈ પણ કહે છે કે : "દીનતાના પાત્રમાં મન-મણિ મૂકી, ભેટ ભગવંતજીને કરજો હો જી રે.

નિઃસાધનતા દ્વારા દૈન્ય પ્રાપ્તિ થશે. રાસપંચા ધ્યાયીના પ્રસંગનો વિચાર કરીએ. લઘુરાસ સમયે પ્રભુએ ગોપીજનોને આનંદનો અનુભવ કરાવ્યો. આ આનંદથી ગોપીજનોમાં મદ અને માન ઉત્પન્ન થયાં. તેથી પ્રભુ અંતર્ધાન થયા અને ગોપીજનોને વિરહનું દાન કર્યું. આ વખતે ગોપીજનોએ ગોપીગીત ગાયું જેમાંથી દૈન્ય પ્રગટયું. આનું નામ નિઃસાધનતા પ્રભુ તેમની દીનતા જોઈ પ્રગટ થયા.

દીનતા જીવનમાં કેવી રીતે આચરવી તે એક પ્રસંગ દ્વારા જોઈએ.

એક મહાન સંત પાસે તેમના શિષ્યો દૂરદૂરના દેશોમાં ધર્મના પ્રચાર માટે જઈ રહ્યા હતા તેથી સલાહ લેવા આવ્યા. એક શિષ્યે પૂછયુંઃ "ગુરુદેવ, અમારે વિદેશમાં કઈ રીતે વર્તવું તેનું માર્ગદર્શન આપ અમને આપો. સંતે કહ્યુંઃ બત્રીસ દાંત વચ્ચે જીભ રહે છે. એવી રીતે તમે રહેજો. સબ ભૂમિ ગોપાલકી એમ સમજી સર્વ સાથે સહોદર જેવો જ સ્નેહભાવ રાખજો"

સંતે શિષ્યોને સમજાવ્યું કે બાળક જન્મે ત્યારે પહેલી જીભ આવે છે ને પછી દાંત આવે છે અને માનવીના જીવનકાળ દરમ્યાન એ બંનેમાં પહેલી વિદાય દાંત લે છે. બંનેમાં નરમ જીભ છે. દાંત કઠણ છે. દાંત કઠણ છે તેથી વહેલા ચાલ્યા જાય છે. જીભ નરમ છે. એટલે જીવનના અંતિમ સમય સુધી માનવીને સાથ આપે છે. દાંતની માફક અક્કડ રહેશો તો મૂળથી ઉખડી જશો. જીભની માફક નરમ રહેશો તો છેક સુધી ટકી રહેશો. સમાજમાં જ્યાં તમો જશો ત્યાં દાંતના ખીલા જેવા લોકો તમને પરેશાન કરવાના પ્રયત્ન કરશે. પણ તમો દીનતા રાખશો, જીવ જેવા નરમ બની તેમની સાથે સ્નહભર્યુ વર્તન રાખશો. દાંત કોઈવાર જીભને કચરી નાંખે છે ત્યારે જીભ કેવી વેદના અનુભવે છે ! છતાં જીભ કદીયે દાંત સાથે વેરભાવ રાખે છે ખરી ?

જીભને તમે શક્તિહીન ન સમજતા એ ધારે ત્યારે આડી ફાટે ત્યારે બત્રીસે બત્રીસ દાંત પડી જાય. છતાં જીભ સંયમ રાખે છે. તમે પણ સમાજની વચ્ચે જીભની જેમ સંયમી રહેશો તો તમારા ધર્મકાર્યમાં છેક સુધી અનુકૂળતા રહેશે. સંસારમાં નમ્ર માણસ જ શાંતિભર્યુ સરળ જીવન આનંદથી જીવી શકે છે. દાંત જેવા અક્કડ અભિમાની માનવીઓ સમાજમાંથી દૂર ફેંકાઈ જાય છે. જીભ સહન કરે છે તો સ્વાદ પણ માણી શકે છે. તમે સહન કરશો તો ધર્મના પ્રચાર સેવાનો આનંદ માણી શકશો. જે દાંત કોઈવાર જીભને દબાવે છે. કચરે છે એ જ દાંતમાં

કોઈ ખાદ્ય પદાર્થ ભરાઈ બેસે છે. તો જીભ જ એને દૂર કરે છે. ચંદન ઘસાઈ ને શીતળતા અને સૌરભ અર્પે છે. જીભ પણ કષ્ટ સહન કરીને ય મીઠાશ વહેંચે છે.

ઉપરોક્ત દૃષ્ટાંત માનવમાત્રે નજર સમક્ષ રાખીને જીવન વ્યવહાર ચલાવવો, જોઈએ જેથી તે પોતાનું જીવન આનંદથી પસાર કરી શકે.

દીનતા જીવનમાં કયારે પ્રવેશે જ્યારે મનુષ્યમાંથી અભિમાન વિદાય લે ત્યારે એક રાજાને પોતાના જ્ઞાનનો મદ ચઢયો હતો. તે બધા સંતોનું અપમાન કર્યા કરતો. એકવાર તેમને ત્યાં એક સંત આવી ચડયા. અને રાજાના અપમાનની દરકાર કર્યા વિના જ સીધા રાજ મહેલમાં ઘૂસી ગયા. રાજમહેલનો ઠાઠ-માઠ જોઈ સંતને આશ્ચર્ય થયું. રાજાનું અભિમાન ઉતારવા માટે તેઓ રાજમહેલમાં આમતેમ કંઈક શોધતા હોય તેમ ફરવા લાગ્યા.

એટલામાં રાજા આવ્યો. સંતને પૂછયું, 'અહી રાજમહેલમાં તમે શું શોધો છો ?" સંતે કહ્યું "મારી એક ચીજ ખોવાઈ ગઈ છે, તેને શોધું છું." રાજાએ પૂછયું "આપની કઈ ચીજ ખોવાઈ ગઈ છે તે મને બતાવો તો હું સેવકો દ્વારા શોધાવી આપું! સંતે કહ્યું, "બહુ જ મોટી ચીજ ખોવાઈ ગઈ છે." મારું ઊંટ ખોવાયું છે. રાજા હસી પડયા અને બોલ્યા : "અરે મહાત્મા ! ભાંગનો નશો તો નથી કર્યો ને ? ઊંટ તો જંગલમાં ખોવાય; અહી રાજમહેલમાં તે કંઈ ખોવાતું હશે ?"

સંતે કહ્યું : "ત્યારે તો સાચો નશો તો આપે જ કર્યો છે, રાજાજી.! જો રાજમહેલમાં આવડું મોટું ઊંટ ન મળે, તો પછી આવા ઠાઠમાઠમાં અને ભભકામાં સૂક્ષ્મ ભગવાન તો મળે જ કયાંથી ?"

સંતનાં વચન સાંભળી રાજાની આંખ ખુલી ગઈ તે દિવસથી તેમણે રાજસી ઠાઠમાઠનો ત્યાગ કર્યો અને નમ્રતાથી પ્રભુ ભજન શરૂ કર્યું. સંતના વચન માનવ તેના હૃદયમાં કોતરી રાખે તો તેના જીવનમાંથી મદ જતો રહે ને દીનતા આવે. દીનતાથી ચોક્કસ પ્રભુ પ્રાપ્તિ જે તેના જીવનનું પરમ ધ્યેય છે તે પ્રાપ્ત કરી શકે.

માંડવીની પોળ, કડી-૩૮૨૭૧૫

## ભારતીય સંસ્કૃતિનું પ્રતીક : દીપક

**શ્રી મધુબેન આર. પટેલ :**

*વિરમગામ તાલુકાના જીવાપુરા ગામે હાઈસ્કૂલમાં અધ્યાપિકા તરીકે લાંબા સમયથી સંનિષ્ઠ સેવા, ગુજરાતી વિષય સાથે સ્નાતક કડીમાં આનંદપાર્ક સોસાયટીમાં પૂ. શ્રીદેવીબાનાં સાંનિધ્યમાં વસવાનો અમૂલો લ્હાવો લઈ શકયાં છે.*

ધરતીના આંગણે-સંસ્કૃતિનું પ્રથમ પરોઢ પાંગર્યું ત્યારથી રાત્રીના ગાઢ અંધકારને ઉલેચતો દીપ શુભ, કલ્યાણકારી અને શુકનનું પ્રતીક બની રહ્યો છે. આદિકાળમાં માનવ શિકાર માટે દી આખો રખડતો, સંધ્યાટાણે સૂર્યાસ્ત થતાં ધરતી પર અંધકારના ઓળા ઉતરી આવતા, આદિમાનવ અંધકારથી ખૂબ ડરતો. અંધકાર એને મન દૈત્ય હતો. આ અંધકારને મારી હટાવી પ્રકાશનો પુંજ પાથરનાર સૂર્ય એને મન દેવ હતો, અને જેમ જેમ માણસ પોતાના વિચારોને અને બુદ્ધિને વિકસાવતો જતો તેમ તેમ તેણે જુદી જુદી શોધ કરી. તેમાં સૌ પ્રથમ અગ્નિની શોધ કરી, આદિમાનવે અંધકાર ઉપર વિજય પ્રાપ્ત કર્યો; અંધકાર ઉપરનો વિજય એને મન કલ્પનાતીત પરાક્રમ હતું. ઠંડીની સામે હૂંફ અને અંધકારની સામે પ્રકાશ આપનાર અગ્નિ માનવીને મન આરાધ્ય દેવ અને ગૃહ દેવતા બની રહ્યો. પરિણામે યજ્ઞવેદીમાં અગ્નિને ગાયના પવિત્ર ઘીની આહુતિઓ આપવાનું શરૂ થયું અને એમાંથી "દીપજ્યોત"નું સૌ પ્રથમ પ્રાગટય થયું. એમ માનવામાં આવે છે.

"દીપજ્યોત"ના પ્રાગટયની સાથે ભારતીય સંસ્કૃતિનું એક સોપાન આરંભાયું અને એમાંથી વેદયુગની 'પ્રાર્થના' પ્રગટી :

'તમસો મા જ્યોતિર્ગમય'

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા. ઋગ્વેદમાં અગ્નિનું સ્થાન ઈન્દ્ર પછીનું યા ઈન્દ્રની બરોબરનું લેખવામાં આવ્યું છે. અંધકારનો નાશ કરી દૈત્યોને

નસાડનાર અને પ્રકાશ ફેલાવનાર અગ્નિ કાલવૃદ્ધ હોવા છતાં ચિરયુવાન છે. એ દેવતા છે. ગૃહ ગામ અને બલિનો એ રાજા છે. સૂર્ય એ અગ્નિનું દેવસ્વરૂપ છે. ભૃગુઋષિએ અગ્નિની આસપાસ વેદી રચી. ઋષિઓનું કેન્દ્ર સ્થાન હતું. ભારતીય સાંસ્કૃતિક પરંપરા આ યજ્ઞવેદી પાસેથી જ પ્રસરતી રહી છે. એની અગ્નિ શિખાઓનું સૂક્ષ્મ સ્વરૂપ તે દીપશિખા, અગ્નિ જ્યોત, સૂર્ય જ્યોત ચંદ્રજ્યોત, આ બધામાં દીપ જ્યોત ઉત્તમ માનવામાં આવે છે.

સૂર્ય અને અગ્નિના પ્રતીકરૂપ દીપકની હાજરી શુભ અને મંગલમય માનવામાં આવી છે. પવિત્ર દીપમાં દેવોનો વાસ છે. આથી પૂજા આરતી ટાણે દેવસ્થાનમાં દીપ અનિવાર્ય ગણવામાં આવ્યો છે. ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિ સૂર્ય, અગ્નિ અને એના અંશરૂપ દીવડાની આસપાસ ગૂંથાયેલાં છે પાર્થિવ જીવનમાં માણસના પ્રવેશથી માંડીને અંતિમ વિદાય સુધીના જીવન કાળમાં ડગલે ને પગલે દીવો હાજર રહ્યો છે. પ્રત્યેક પ્રસંગે એની હાજરી ગાંભીર્ય અને ગૌરવ વધારે છે 'દીપ જ્યોત' જ્ઞાન જ્યોત માનવામાં આવે છે.

દીવો પોતે બળીને માનવ જીવનપર ઉપકાર કરતો આવ્યો હોવાથી તેને સમર્પણનું પ્રતીક માનવામાં આવે છે. ભારતમાં હજારો વર્ષથી ઉજવાતા દિવાળીના ઉત્સવ અને મહાલક્ષ્મીની ભાવના સાથે દીપક જોડાયેલો છે.

પ્રાચીન ભારતમાં માટીના દીવા હાથ વડે બનાવવામાં આવતા ચકની શોધ પછી જ વાસણોની જેમ દીવાઓ માટેનાં કોડિયાં પણ ચાકડા પર બનાવવા માંડયાં આ પરંપરાને આપણા કુંભારોએ યથાવત ચાલુ રાખી છે. દીપજ્યોતની પવિત્રતાનો પૂર્ણ શ્રદ્ધાથી સ્વીકાર કર્યા પછી એના શિવસ્વરૂપને સુંદર રૂપ આપવાનો પ્રયત્ન પણ કલા પ્રેમીઓ કરે છે અને એથી અનેક આકારો અસ્તિત્વમાં આવ્યા. છીપ કે પથ્થરના દીપ, માટી કે ધાતુના દીપ, સ્તંભદીપ, સુવર્ણદીપ, ગુપ્તદીપ અને કલ્હણની રાજતરંગિણીમાં હીરા ઝવેરાત જડેલા 'મણિદીપ'નો ઉલ્લેખ જોવા મળે છે.

ધાર્મિક વિધિઓ સાથે દીપક જોડાયેલા હોવાથી મંદિરના પ્રવેશદ્વાર નજીક ઉભા કરેલા દીપ સ્તંભો કે દીપમાળો આજેય જોવા મળે છે. ઈંટ કે પથ્થરની કોતરણીવાળી દીપમાળામાં હજાર હજાર દીવડાઓ ઝળહળે છે. અને પ્રકાશપુંજ પાથરે છે. ત્યારે મંદિરને ઓર ભવ્યતા મળે છે અને વાતાવરણમાં દિવ્યતા અનુભવાય છે. મંદિરના આવા દીપસ્થંભોની ઉંચાઈ ૪૦ થી ૧૫૦ ફૂટ સુધીની જોવા મળે છે. આ સંદર્ભમાં ઈલોરાના કૈલાસ મંદિરનો એક જ પથ્થરમાંથી બનેલો દીપસ્તંભ વિશેષ ઉલ્લેખનીય છે.

**આનંદપાર્ક, કડી-૩૮૨૭૧૫**

★★★

## શક્તિ સાધના

**સંકલન : ડૉ. અશોક પી. નાયક :**

*અભ્યાસ : BAMS, METC, (ગુ.આયુ.યુ. જામનગર) સંસ્કૃત વિશારદ.*

*લેખન : "શ્રી ઉપાસના" દ્વિ માસિકમાં આરોગ્ય અને આધ્યાત્મ વિષયક લેખો. "જય રાજ સાપ્તાહિકમાં આરોગ્ય વિષયક સવાલ જવાબની કોલમ. શ્રી વિદ્યા ઉપાસક ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી. વતન : કડીમાં આયુર્વેદ ચિકિત્સા વ્યવસાય.*

શ્રી વિવેકાનંદ મહારાજે ત્યાગી સંન્યાસી જનોમાં જે નવી જાગૃતિ અને નવી ચેતના આપી; તે પછી ભારતને એક નવાજ પ્રકારના સંન્યાસીઓના દર્શન થાય છે, તેમણે ભારતની જૂની ભાવનાને નવીન સ્વરૂપ આપ્યું છે. સ્વામીજીએ તે રીને Hinduism at a glance(હિંદુ એક નજરે) નામનો ગ્રંથ લખ્યો છે. તેમાથી આ લેખ સાભાર લેવામાં આવ્યો છે.

વૈષ્ણવો જેમ ભક્તિયોગ સાધે છે તેવી જ રીતે શાકતો શાકત ઉપાસના માટે તાંત્રિક સાધના કરે છે. આત્માની શક્તિને જગાડવા માટે તંત્ર સાધના એક ઉત્તમ ઉપાય છે, આ તંત્રની સાધનામાં કર્મ, ભક્તિ, જ્ઞાન અને યોગનો સુંદર સમન્વય જોવાને મળે છે. આત્માના

વિકાસને ક્રમે આગળ વધનાર દરેક માટે તે ઉપયોગી છે. તે જીવાત્મા અને પરમાત્માની એકતાના સિદ્ધાન્તનો સ્વીકાર કરે છે. સ્થૂલમૂર્તિથી આરંભી સૂક્ષ્મ પ્રતિમા અને પ્રતીકની ભાવના સેવતાં તે સાધકને આગળ લઈ જાય છે અને તે મોક્ષનો અધિકારી બને છે.

આત્માના વિકાસ માર્ગે જુદાં જુદા તંત્રોમાં અનેક પ્રકારો બતાવવામાં આવ્યા છે. આત્માની બાબતમાં જે માણસો અત્યંત પ્રાથમિક કક્ષામાં છે; જેમને આત્મા વિષેનો કોઈ ખ્યાલ નથી. તે લોકો તમોગુણને લીધે આળસ અને પ્રમાદમાં પડેલો છે. તે સ્વભાવે પશુ જેવા છે. તેમની અંદર પશુભાવ છે. તે પશુભાવ ઢીલો પડે, ઓછો થાય તેટલા માટે પશ્વાચાર અર્થાત્ પશુભાવને વશ થયેલા માણસોના વિકાસ માટે બતાવેલ આચાર માર્ગ છે. જેની માણસ પોતાની પ્રથમ કક્ષામાંથી આગળ વધે છે. જેની અંદર રજોગુણ વધારે છે. તે લોકો રાજસિક છે. તે સ્વભાવે શૌર્ય સાહસ, વીરતાના પોષક હોય છે, માટે તેમાં વીરભાવ જાગેલો હોય છે. તેમના ઉદ્ધારને માટે વીરાચાર બનાવવામાં આવ્યો છે.

રાજસ કે તામસ સ્વભાવના પુરૂષો પ્રેરણા, બળ, સમૃદ્ધિ કામનાઓ વગેરે મેળવવા માટે જ તંત્રની ક્રિયાઓ કરતા હોય છે. તાંત્રિક પદ્ધતિ તેમને પ્રવૃત્તિને માર્ગે જ દોરી જાય છે. વેદોમાં જે યજ્ઞયાગાદિ ક્રિયાઓ જોવામાં આવે છે; તેમજ પુરાણોમાં જે કર્મકાંડની યોજનાઓ છે, તે બધી જ તંત્ર પૂજાની અંદર આવી જાય છે. તે સાથે રાજયોગની જેમ તંત્રની પદ્ધતિએ યોગ કરનારને અનેક સિદ્ધિઓ મળે છે. આ કામનાઓ અને સિદ્ધિઓની પાછળ જે સાધકો પડેલા છે, તે સકામ છે અને તે દિવ્ય ભાવ કેળવી શકતા નથી. તે કેવળ ભૌતિક સાધનોની પ્રાપ્તિમાં જ પોતાની શક્તિઓ ખર્ચે છે.

આત્મવિકાસને માર્ગે આગળ વધેલા એવા થોડા સાત્વિક જનો પણ છે. તપ, ત્યાગ અને નિષ્કામની ભાવના તેમનો અંદર પ્રબળ હોય છે, તે સ્વભાવે સાત્વિક, સૌમ્ય, શાંત, સંતોષી અને વિવેકીજન છે. આ લોક કે પરલોકમાં મળનારાં સુખભોગના સાધનો તેમને મન તુચ્છ છે અને તેઓ પરમાત્માનાં દર્શન કરીને પોતાના જીવનને પૂર્ણ કરવા ઇચ્છતા હોય છે. આવા અપનાવવામાં આવ્યો છે. જેને દિવ્યાચાર કહે છે. દેવ જેવા સાત્વિક સ્વભાવના જનોને આગળ વધવાનો કે સર્વોત્તમ માર્ગે છે. આ માર્ગની ખાસ વિશેષતા એ છે કે સાધકે પોતે જે કાંઇ કરવાનું છે. તે કોઇ લૌકિક સિદ્ધિ માટે કરવાનું નથી. પરંતુ પ્રેમ અને ભાવનાને માર્ગે આગળ વધીને તેણે પરમાત્માનાં દર્શન કરવાનાં છે. આ ઉત્તમ પ્રકારની સાધનાનો ભક્તિયોગમાં સમાવેશ થાય છે.

તંત્રશાસ્ત્ર ઉપાસના માટે પરમાત્માની દિવ્યશક્તિનો આશ્રય લે છે. દુર્ગા, ચંડી, કાલી, તારા, ભુવનેશ્વરી, જગદ્ધાત્રી વગેરે શક્તિ-દેવનાં અનેક નામ છે. જેમ વિષ્ણુની ભક્તિ કરનારા વૈષ્ણવો છે તેમ શક્તિની ભક્તિ કરનારા શાકત ગણાય છે. શાકત ભક્તજનો પોતાની પૂજનીય ઇષ્ટદેવતાને દિવ્ય માતા ગણે છે.

દિવ્ય સ્વરૂપે પગટ થયેલ જગદંબા પોતે જ જગતનાં સર્જન કરનાર, પાલન કરનાર અને સંહાર કરનાર ગણાય છે. તે પોતે સનાતન છે, માટે તેને આદિ કે અંત નથી. દેશ કે કાલ તેને માણી શકે એમ નથી. માટે અનંત અને સર્વ વ્યાપક છે. તે પોતે સર્વતાનમયી સર્વચેતના મયી છે. સર્જન અને પ્રલય એ તો તેની લીલાઓ છે; માટે જ તેને 'લીલામયી' કહે છે.

તે પોતે દિવ્યશક્તિને અનુરૂપ સાત્વિક, રાજસિક અને તામસિક પ્રકારોને ધારણ કરે છે અને તેજ કારણે તેને 'ત્રિગુણમયી' કે 'ત્રિપુરા' કહે છે. તામસિક ગુણને અનુસરીને તે પાર્થિવ ભૂતભાવને પકડે છે. રાજસિક ગુણ પ્રમાણે તે માનવીની પ્રાણ ચેતના અને શરીર ચેતાનો જગાડે છે. અને તે જુદા જુદા ગુણો અને ધર્મોને પ્રગટ કરે છે. તેમજ સાત્ત્વિકભાવો તે માનવીની મનોમયી સૃષ્ટિના વિવિધ ભાવો અને અનુભવોને જગાડે છે. જેને આપણે જગત કહીએ છીએ અને તેમાં જ અનેક નામો અને સ્વરૂપો જણાય છે. તે બધામાં તે જગદંબા પોતે રહેલાં છે. તે પોતેજ સર્વ કાર્યોની આદિ કારણ છે અને તેજ મૂલ પ્રકૃતિ નિરાકાર, નિર્ગુણ બ્રહ્મ છે.

ખરી રીતે તો ભગવાન કે ભગવતીને કોઈ બહારનાં રૂપ, લિંગ, જાતિ વગેરે કાંઇ નથી; છતાં પણ સાધકની મર્યાદા અને ભાવનાને અનુસરીને તે ભગવાન કે ભગવતી સ્વરૂપે દર્શન આપે છે. વિષ્ણુ, સૂર્ય કે ગણપતિની ઉપાસના કરનાર ભક્તજનો પોતાના ઈષ્ટદેવને ભગવાન તરીકે પૂજે છે અને શક્તિના ઉપાસકો પોતાના ઈષ્ટદેવને ભગવતી તરીકે પૂજે છે, 'ભગવાનને માતૃસ્વરૂપે ભજવાં; એ ભાવના સાધક અને ઈષ્ટદેવ વચ્ચે મીઠા સંબંધને બાંધી આપે છે. એક નાના બાળકની જેમ સાધક કરૂણામયી મા જગદંબા પર પૂરો ભરોસો રાખે છે. અને તેની પૂરી સંભાળ નીચે રહેવાનું કબૂલે છે.

તંત્ર શાસ્ત્રની યોગ પદ્ધતિમાં એક ખાસ વિશેષતા એ છે કે 'તે પરમાત્મા અને જીવાત્માની એકતાને સંપૂર્ણ રીતે સ્વીકારે છે. તે ઉપરાંત આ જગતપર વિવિધ આકૃતિઓ, નામો અને સ્વરૂપોમાં પ્રગટ થતી મા જગદંબા સાથે પણ સાધક ભક્તજનની એકતાનો યોગ સાધે છે. મા જગદંબાની પૂજા કરતાં પહેલાં સાધકજને એ વાત સ્વીકારવાની હોય છે કે પોતાનાં જીવાત્મા પરમાત્માની સાથે એકરૂપ બની ગયો છે. તેમજ જેક ઇ દશ્ય જગત છે, તે તેની સામેથી વિલીન બની ગયું છે, આ એકતાની ભાવના કેળવ્યા પછી, તેણે જે બીજો નિશ્ચય કરવાનો છે, તે એકે; નિર્ગુણ નિરાકાર શક્તિ સ્વરૂપમાંથી એક પૂજા કરનાર સાધક તરીકે તેમજ પોતે જેની પૂજા કરવા ઈચ્છે છે, તે દેવી જગદંબાના સ્વરૂપે પોતાનો જ એક નવો અવતાર નવું સ્વરૂપ પ્રગટ થયું છે." એક માટીની જગદંબાની મૂર્તિમાં તેણે પ્રાણ પૂરવાના છે અને પ્રાણ પ્રતિષ્ઠા કરીને તેણે પોતાના દિવ્ય આત્માભાવની તે પ્રતિમા સાથે એકતા કરવાની છે, આ ભાવના કેળવાયા પછી જ પ્રતિમામાં દેવીની જીવંત મૂર્તિ બને છે અને તેનાંજ સાધન ભજન કરવાનાં છે.

વેદાન્તના માર્ગે જે અકેતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે; તેનું જ સ્પષ્ટ દર્શન આ રીતે તંત્રની ક્રિયા પદ્ધતિમાં છે અનેતે રીતે તંત્રમાર્ગ આત્મજ્ઞાનને મદદરૂપ બને છે. મુક્તિને માર્ગે વેદાન્તમાં જે કઠિન ઉપાયો છે, તેના કરતા તંત્રની આ પૂજા પદ્ધતિ તો સરલ છે અને બાળકને સમજાવવા માટે સ્વીકારેલી કુદરતી વિકાસની પદ્ધતિ છે; જે મુક્તિને માર્ગે સરળતાથી લઈ જાય છે. જ્ઞાનયોગી વિવેક અને શુષ્ક વૈરાગ્યને માર્ગે આગળ ધપવાને પ્રયત્ન કરે છે; તેમજ સહજ સિદ્ધ કરવા માટે સાધકજન તંત્રમાર્ગની આ પૂજા પદ્ધતિને સ્વીકારે છે.


તંત્રમાર્ગે બીજી એક સામાન્ય બાબત જોવાની મળે છે; તે એ છે કે ह्रीं क्लीं જેવા શબ્દ-પ્રતીકો કે બીજામંત્રોનાં જપ અને અભ્યાસ તરફ વિશેષ ધ્યાન ખેંચવામાં આવ્યું છે. આ બીજમંત્રોદ્વારા પરમેશ્વર પરમાત્માની શક્તિને જાગૃત કરવામાં આવે છે. જો કે કર્તા હર્તા અને પાલન તરીકે પરમેશ્વરની સર્વ શક્તિમત્તા બધાં શાસ્ત્રોમાં સરખી છે, તો પણ જુદાં જુદાં સ્વરૂપોમાં રહેલી પરમેશ્વરની શક્તિઓ અમુક ખાસ વિશેષતાઓ ધરાવે છે.

તે દૃષ્ટિએ વિચારતાં કાલી, તારા, ષોડશી, ચંડી, દુર્ગા, જગદધાત્રી ભુવનેશ્વરી એ રીતે દરેક શક્તિ વિશિષ્ટ પ્રકારની છે અને દરેક શક્તિ અમુક પ્રકારના વિશેષગુણો ધારણ કરે છે. તે ઉપરાંત તે શક્તિના નામકરણમાં અને શબ્દ ગુણમાં પણ અમુક ખાસ વિશેષતા રહેલી છે. તંત્રએ બતાવેલ ક્રિયા પદ્ધતિને અનુસરી, સાધકજન પ્રતીકો બીજમંત્ર વગેરેનો અભ્યાસ કરીને પોતાના મનને વિશેષ શુદ્ધ બનાવે છે. અને તે પોતાનાં ઈષ્ટદેવની નજીક આવતો જાય છે. આ પ્રકારના મંત્રોને પ્રતીકરૂપે રાખવાથી સાધકજન ધ્યાન ધારણામામાં જલ્દી આગળ વધે છે. અને તેની ભાવના વિશેષ સ્પષ્ટ બને છે.

તાંત્રિક સાધનાના માર્ગ એક ખાસ વિશેષતા તરી આવે છે, જ્ઞાનયોગ સાથે આ સાધનાનો સુમેળ સધાતો નથી. જ્ઞાનમાર્ગના અનુયાયીઓને કામ ક્રોધ વગેરેની લાગણીઓ દુર કરવાનો આદેશ આપવામાં આવે છે. પરંતુ તંત્રના માર્ગે તો લાગણીઓને સ્વતંત્ર કેળવીને લાગણીઓ દૃઢ રીતે પોતાની કરી લેવાનો માર્ગ બતાવવામાં આવ્યો છે. તંત્ર સાધનાની અમુક પદ્ધતિઓ એવી જોવાને મળે છે કે સાધકને પોતાને ખેંચી જનારી એવી લાગણીઓનો સંપર્ક સાધવાનો હોય છે. અને તે સાથે સાથે તેણે તે

લાગણીઓને ઉશ્કેરનારા ચીજોમાંથી પોતાના મનને ઉઠાવી લઇને, તેણે જગદંબાના ધ્યાન પૂજનમાં પોતાનું મન જોડવાનું હોય છે આ રીતની પદ્ધતિથી તેણે પોતાની અંદર રહેલ ઇંદ્રિયોના આકર્ષણને ઇંદ્રિયોના વિષયમાંથી ખેચી લઇને દેવી જગદંબાની ભક્તિમાં જોડવાનું છે. દા. ત. કેટલાક તંત્રોના વામાચારમાં સૂરા અને કામિનીનો સબંધ વિધિ તરીકે જોડવામાં આવ્યો છે. પરંતુ અહિ સુરાનું સેવન સાધકની માદકતા વધારવા માટે કેક ામિનીનું સેવન સ્થૂલ સુખ માટે બતાવવામાં આવ્યું જનથી. જે સામાન્ય રીતે સાહસિક વૃત્તિનો માનવી છે; કે જે સુરા કે કામિનીમાં ફસાયેલો છે તેનાં તે કાર્યો પર સંયમ લાવીને તેની લાગણીઓને ધીરે ધીરે વ્રત જપના નિયમોમાં લાવીને, તે સાધકે પોતાના મનને જગદંબાની પૂજામાં દોરી જવાનું છે. વામાચારની આ પદ્ધતિ હિમ્મતથી ભરેલી છે. પણ જો સાધકજન તેમાં સફળતા મેળવે; તો તેને એક કાંકરે બે પક્ષીઓ વીધ્યા જેવી સિદ્ધિ મળે તેમ છે.

પરંતુ તંત્ર માર્ગના આ વામાચારને લીધે જ તંત્રોની પ્રતિષ્ઠા ઘટી છે. તંત્રોએ સ્વીકારેલી આ પદ્ધતિ ખોટે માર્ગે વળી ગઇ હોવાથી, તે મોક્ષના માર્ગે આગળ વધી શકી નથી. આપણા સર્વ ધર્મોએ અને સર્વ શાસ્ત્રોએ એકજ વાતનો સ્વીકાર કર્યો છે કે મુક્તિનું એક માત્ર ધ્યેય એ છે કે જેને પરમેશ્વરના દર્શન થયાં હોય તે જ મોક્ષ માર્ગે જઇ શકે છે. પરમેશ્વરનાં દર્શન કરવા માટે સાધકજનનું મન સંપૂર્ણ પણે પરમાત્માની સાથે એકરૂપતા કેળવે તે આવશ્યક છે. આ રીતનાં મનના ધ્યાન અને સંયમ પર જ યોગના બધા માર્ગે એક સંમત થયેલા છે. મનને આત્માની સાથે એક રૂપ બતાવવા માટે જેમ બીજા માર્ગોએ આત્મસંયમનો માર્ગ લીધો છે; તેજ રીતે તંત્રમાર્ગે પણ પોતાની વિશેષ પદ્ધતિને અપનાવવીને આત્મસંયમનો માર્ગ જ સ્વીકારેલા છે. (ક્રમશઃ)




## ..આરોગ્ય..
## "દીર્ઘાયુષ્ય" / આયુષ્ય રસાયન

**અશોક નાયક**

આકાશ, વાયુ, તેજ; જળ અને પૃથ્વી આ પંચ મહાભૂતોથી સૃષ્ટિનું નિર્માણ થયેલ છે અને એ પંચભુતાત્મક મહાભૂતોના અંશો સાથે વિશેષ રીતે ચેતનાધાતુ મળે છે. ત્યારે ધાત્વાત્મક પુરુષ કહેવાય છે.

શરીર, ઇન્દ્રિય, મન અને આત્માના સંયોગને આયુ કહેવામાં આવે છે. ગર્ભથી માંડી મૃત્યુ સુધી ચૈતન્ય તું સત રહેવું તેને આયુ કહેવામાં આવે છે.

પહેલાંના વખતમાં લોકો સ્વભાવથી જ દીર્ઘ આયુ થતા હતા. પરંતુ ધીમે ધીમે પ્રમાદ અને આલસ્યની વૃદ્ધિ થતાં આયુનો ઘટાડો થતો ગયો.

સતયુગમાં મનુષ્યમાં લોભ ઉત્પન્ન થયો અને ત્રેતાયુગમાં લોભથી અભિદ્રોહથી અસત્યભાષણ, અસત્ય ભાષણથી કામ, ક્રોધ, દ્વેષ કઠોરતા અભિધાન, ભય, શોક, ચિંતા, ગ્લાનિ વગેરે ઉત્પન્ન થઇ ચુકયા હતા તથા ધર્મનો એક પાદ લુપ્ત થઇ ચુકયો હતો એવું માનવામાં આવે છે આના કારણે પૃથ્વી આદિના ગુણોમાં પણ એક ચર્તુર્થાંશ નો હ્રાસ થયો અને પરિણામે પ્રાણીઓમાં પણ ચતુર્થાંસ ગુણનો હ્રાસ થયો. રોગ થવા લાગ્યા અને આયુનો સતત હ્રાસ થવા લાગ્યો, કહેવાનું એજ કે છેક યુગમા ધર્મનું એક ચરણ ઘરેલ અને તેજ પ્રમાણમાં આય હાસ થયેલ આના લીધે આજના માનવીની સરેરાશ આયુ ૯૯ વર્ષ માનવામાં આવે છે.

આયુનું આ પ્રમાણ યુગની સરેરાશ આયુનું છે. પરંતુ એના પર દૈવ અને પુરુષાર્થ પણ પ્રભાવ પાડે છે. એટલે કે આ આયુષ્યના બલાબલ દૈવ (પૂર્વ ) તથા પુરુષાર્થ (ઐહિક કર્મ) ઉપર નિર્ભર કરે છે આથી આયુ યુક્તિની અપેક્ષા રાખે છે. દૈવ અથવા પૌરુષનું આયુના પ્રમાણને ઓછું અથવા વધારે કરી શકે છે. દૈવ અને પૌરુષ બંને જો હીન હોય તો આખુ દુઃખ યુકત અને અનિશ્ચિત એમણે જો તે બંને ઉત્તમ હોય તો ઉત્તમ આયુ હોય છે અને મધ્યમ હોય

તો મધ્યમ આયુ હોય છે. આમ દીર્ઘસુખ એ નિશ્ચિત આયુના કારણ જ દૈવ અને પુરુષાર્થ છે.

**આયુષ્યનું રક્ષણ કેમ કરશો ?**

રથની ધરી સ્વભાવથી જ ધરીના ગુણોથી યુક્ત હોય છે. આ ગુણોયુક્ત થઈ વપરાતાં વપરાતાં સમય અને પ્રમાણ વિલીન થઈ જતાં ઘસાતાં રહેવાથી નષ્ટ થઈ જાય છે, કે તુટી જાય છે એમ શરીર સ્વભાવથી જ બળ, આયુને યથાવત ધારણ કરતાં કરતાં તેના પ્રમાણને ક્ષીણ થતાં નષ્ટ પામે છે આને કાળમૃત્યુ કહેવાય છે.

આ રથની ધરી જેમ વધારે પડતાં ભારને કારણે ઊંચો-નીચો માર્ગ હોવાથી કે નહી ચાલવાથી તેના ચક્ર તૂટી જવાથી, અંદરના કે બહારના કોષોથી, ખીલા ના નીકળી જવાથી ઉજાણ તેલ નહી પુરવાથી જેમ કાળ ક્રમે ક્રમે નષ્ટ થાય છે તેમ આયુ પણ સાહસથી પોતાના અગ્નિ પ્રમાણે ભોજન નહી કરવાથી, વિષમ આહાર-વિહારથી, અત્યંત મૈથુનથી, દુષ્ટ પુરુષોના સંગથી કે દુરાચારથી અધારણ્ય વેગોને ધારણ કરવાથી, આહાર નહી કરવાથી, ચિકિત્સા નહી કરવાથી, ભૂત-પ્રેત, વાયુ, અગ્નિના સંતાપથી, આઘાતથી, અધવચ્ચે જ આયુ જ્યારે ટૂંકાઈ જાય છે ત્યારે તેને અકાળ મૃત્યુ કહેવાય છે.

જન્મ લેનાર દરેકના મૃત્યુનો કાળ પૂર્વ નિશ્ચિત હોય છે. કાલ- રાગ-દ્વેષથી મારવાની ક્રિયા કરે છે એવું નથી તેતો બધાને કર્માનુસાર જ મારે છે.

હવે સમજી શકાય છે કે આ યુગ માનવીનું સરેરાશ આયુ ૯૯ વર્ષ છે. છતાં વહેલા મૃત્યુ જોવા મળે છે. આવા અકાળ મૃત્યુનુ પ્રમાણ વધવાનું કારણ આપણું આધાર બીજ છે. જો આપણે શરીરની રક્ષા કરીએ, પથ્યનું પાલન કરીએ સદાચરણ કરીએ અને સતકર્મો કરીએ તો દીર્ઘાયુષ્ય પ્રાપ્ત કરવા કંઈક અંશે સફળ થઈશું.

જીવનને ટકાવવાનાં ઉપસ્થંભો છે :

(૧) આહાર (૨) નિદ્રા અને (૩) બ્રહ્મચર્ય

(૧) આહાર : આપણા આયુષ્યને ટકાવી રાખવા આહારની જરૂર છે. આહાર પણ પંચમહાભુતોના અંશરૂપ કાળ છે. જે શરીરમાં થતા ઘસારાનું પુરણ કરે છે. યોગ્ય માત્રા, કામ, પ્રકૃતિ વગેરેનો વિચાર કરીને ગ્રહણ કરાયેલ આહાર આયુષ્યને ટકાવનાર બને છે. કાળ આયુ અગ્નિ ઉપર આશ્રિત છે. આહાર કેમ લેવો વગેરેની વિસ્તૃત માહિતી અન્ય લેખોમાં આપીશું.

(૨) નિદ્રા : દૈનિક કાર્યોથી શરીર અને મન થાકનો અનુભવ કરે છે. શ્રમિત અવયવોને વિશ્રામની આવશ્યકતા રહે છે. શરીરને વિશ્રામ આપનાર નિદ્રાપણ દીર્ઘાયુ માટે આવશ્યક છે. આયુષ્ય અને આરોગ્યનો ઈચ્છા સમાન પ્રત્યેક મનુષ્યે દીનચર્યામાં બતાવ્યા મુજબ યોગ્ય આહાર-વિહાર, ચાલવાનું અને નિંદ્રા લેવી જોઈએ.

(૩) બ્રહ્મચર્ય : આયુને દીર્ઘ બનાવવા માટે બ્રહ્મચર્ય ખૂબ જ અગત્યનો ઘટક છે. બ્રહ્મચર્યથી શુક્રધાતુનું રક્ષણ થાય છે. જે શરીરના દૈનિક કાર્યોથી થતા ઘસારા સામે રક્ષણ આપે છે. જીવનને ટકાવી રાખવા મહત્વનો ભાગ ભજવે છે. ખોરાકના ઘટકોનો અન્ય ધાતુઓમાં યોગ્ય શોષણ થયા બાદ એટલે કે છેલ્લે શુક્ર ધાતુ બને છે. જે આયુષ્યનું રક્ષણ કરે છે. આ રીતે ઉત્પન્ન થયેલ આ ધાતુનું રક્ષણ કરવું જ રહ્યું.

"धर्मार्थकाममोक्षाणां शरीरं साधनं यतः ।
सर्वकार्येष्यंतरंगं शरीरस्य हि रक्षणम् ।।"

આચાર્યોએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-એ ચારને પુરુષાર્થ કહ્યા છે. તે સર્વનું સાધન શરીર છે. માટે શરીરની રક્ષા અવશ્ય કરવી જોઈએ.

ભાઉપુરા, નાયકવાસ,
કડી-૩૮૨૭૧૫

## ..ખૂબ કમાવ-ખૂબ દાન કરો..

શત હસ્ત સમાહર સહસ્રહસ્ત સંકિર
(અથર્વવેદ ૩/૨૪/૫)

**અનુવાદ**

હે સેંકડો હાથોવાળા ! મનુષ્ય - અનાજ વગેરેને એકત્ર કરી લાવ અને હે હજાર હાથવાળા ! સારી રીતે વિખેરી નાખ.

ભાષ્ય

ખૂબ કમાલ જેનાથી વધારે દાન કરી શકાય.

જો કમાવનાર સો હાથ હોય, તો દાન કરનાર હજાર હાથ તૈયાર રહે.

ભોગવેલું નાશ પામે છે; દાન કરેલું ધન નાશ પામતું નથી. માટે ધનનો નાશ ન થાય એવી ઈચ્છા રાખતા હોઈએ તો દાન કરતાં શીખવું પડશે.

વેદ મનુષ્યને કહે છે કે માનવ ! કમાવવામાં કોઈ પુરુષાર્થની ઉણપ રાખશો નહિ; પણ હજાર હાથથી દાન કરવા તૈયાર રહેવું એવી શરત છે.

★★★

**..વીણેલાં મોતી..**

કંજર મુખસે કણ ગીરો,
કંજર ભૂખા ન રહે જાય
કીડી ઉસે લે ચલી,
પોષલીયો પરિવાર

હાથીના મુખમાંથી થોડોભાગ પડી જાય તો હાથી ભૂખ્યો રહેતો નથી.

હાથીના મુખમાંથી પડેલો કણ લઈને પોતાના પરિવારને સુખ પૂર્વક ખવડાવીને પોષે છે.

ધનવાનોને દાન કરવાથી કશુંય ઘટતું નથી. ઊલટું પુણ્યના પ્રતાપે ધનની વૃદ્ધિ થાય છે. માટે આવી લાભ પ્રદાયિની દાન પ્રદાનની પ્રવૃત્તિ શાણા માણસો છોડતા નથી.

મળે છે દેહ માટીમાં
પણ માનવીનું નામ જીવે છે.
નથી હોતો માનવી પોતે
પણ માનવીનાં કામ જીવે છે.

ભીતરથી આર્દ્ર (દયાળુ માણસ અને પાણીને ધારણ કરનાર મેઘ)- બની જગતનો ઉદ્ધાર કરવો ચાહે છે એવા મનુષ્ય અને મેઘ બને દુર્લભ છે.

પ્રેમનો પ્રવાહ તારો અસ્ખલિત વહ્યા કરે, માગું મુખે મુસ્કાન, કદિ ખિન્ન થાયના.

શંકા કુશંકા કદિ સદ્કાર્ય થાયના, શ્રદ્ધા પ્રભુકાર્યની કદિ વિછિન્ન થાયના.

★★★

## અનેરો આંતર સંતોષ વૈભવ

**શ્રી રજનીકાન્ત ભટ્ટ :**

*વતન : કડી, સરકારી નોકરીમાંથી સેવા નિવૃત્તિ, ધર્મચિંતન, વાચન, મનનમાં વિશેષ અભિરૂચિ, 'શ્રી ઉપાસના' સાથે સંનિષ્ઠરીતે સંકળાયેલા એમના લેખો, પ્રવચનોની અનેરી લહાણ સદાય લૂંટાવતા રહેતા વિચારક મહાનુભાવ*

"સુખાવસાને ઈદમેવસારં દુઃખાવસાને ઈદમેવ જ્ઞેયમ્
દેહાવસાને ઈદમેવ જાપ્યં ગોવિંદ દામોદર માધવેતિ"

પ્રત્યેક પ્રાણી પર દયા કરવાથી પ્રભુએ આપેલી પરિસ્થિતિમાં જે મળે તેથી સંતોષમાની પ્રસન્ન રહેવાથી ને ઈન્દ્રયોને વિષય લાલસાથી પાછી વાળી શાંત રાખવાથી પરમાત્મા જલ્દી પ્રસન્ન થાય છે. પ્રાણીમાત્ર પ્રત્યે કરૂણા, મૈત્રિ, ક્ષમા અને સમન્વયની ભાવના રાખવાથી સર્વાત્મા ભગવાન સુપ્રસન્ન થાય છે. ને પરિણામે મનુષ્ય પરમાનંદ સ્વરૂપને પામે છે.

સાચો આનંદ કે સાચુ સૌંદર્ય મેળવવા બહાર ફાંફાં ન મારશો એ અંદરથી જ મળશે. સંસારના વિષયોમાં આનંદ શોધનારા છેવટે દુઃખી થઈ જાય છે. કારણકે તેની પાછળ ભોગની ભૂખ હોય છે. અને ભોગની ભૂખજ મોટુ દુઃખ છે. આનંદ મેળવવા માટે બહારના સાધનોમાં ફાંફાં મારનારને તો સુખદુઃખ જ મળે છે. નિર્ભેળ આનંદ મેળવવા માટે તો ભીતરમાં ડોકિયું કરવું પડે છે. ઈન્દ્રયો અંતર્મુખ થાય તો આનંદ મળે અને એ જો બર્હિમુખ થાય તો સુખદુઃખમાં પડે.

ઘરમાંથી બિલાડી કોઈ ઉંદરને પકડી જાય તો માનવીને દુઃખ થતું નથી. પરંતુ તેજ બિલાડી જો પાળેલા પોપટને લઈ જાય તો માનવીને ખાવાનું પણ ભાવતું નથી. કારણ કે પોપટમાં તેની મમતા બેઠી છે. આ મન મમતા ઊભી કરી સુખદુઃખ અનુભવે છે એટલે મનને અંતર્મુખ કરો અને ચૈતન્ય પરમાત્માનો અનુભવ કરી આનંદ મેળવો.

સાચો સંતોષ, સાચો વૈભવ જો આપણે આપણા મનને અંતર્મુખ કરીએ તે જ મેળવી શકીએ અને એ આંતર સંતોષ અને અંગાર વૈભવ જ કાયમનો આનંદ છે.

આવા આંતર સંતોષી અને આંતર વૈભવ એક સંતે શ્રી લક્ષ્મીજીને પણ આંજી દીધાં હતાં. એ સંત હતા. રાજા ભર્તૃહરિ બહિર્મુખ સામ્રાજ્ય, રાજાશાહી વૈભવ બધાનો ત્યાગ કરીં અને જે આંતર સંતોષ અને આંતર વૈભવ એમણે પ્રાપ્ત કર્યો હતો તે અવર્ણનીય હતો.

એ ભારતનો ભર્તૃહરિ એક દિવસ એની ફાટી ગએલી ગોદડી સાંધવા માટે મથી રહ્યો હતો. એની આંખ સોયમાં દોરો પરોવવા મથી રહી હતી.

આ દૃશ્ય જોઇ મા લક્ષ્મીને અનુકંપા જાગી અને તેથી રેશમી રજાઇ લઇ ભારતના ભિક્ષુકને આપવા ચાલ્યા સ્વાશ્રયજીવી ભર્તૃહરિએ લક્ષ્મીજીની ઉદારતાને નકારી કાઢી.

લક્ષ્મીજી પ્રસન્ન થયાં અને જરાપણ મનદુઃખ ન અનુભવ્યું. પરંતુ તે સંતને સહાય કરવાની ભાવના જાગી. સંત ભર્તૃહરિ સોયમાં દોરો પરોવવા મથી રહ્યા હતા અને એમણે પાછું વાળી ને જોયું પણ નહિ કે એમને રેશમી રજાઈ આપવા કોણ આવ્યું છે. આથી લક્ષ્મીજીએ કહ્યું:, હું સાક્ષાત્ લક્ષ્મી તમારી ઉપર પ્રસન્ન થઇ છું. તમે નવનિધિને અષ્ટ સિદ્ધિમાંથી જોઇએ તે માગી લો. પાછળ જોયા વિના ભર્તૃહરિ બોલ્યા. મા, સાચેજ પ્રસન્ન થયા છો ? તો મારૂ એક કામ કરશો ?

(લક્ષ્મીજીને સંતોષની લાગણી જન્મી અને વિચાર્યું કે હમણાં કંઇક સુખ, સગવડ કે સિદ્ધિ સંપત્તિની માગણી કરશે અને લક્ષ્મીજી બોલ્યા, જરૂર તમારે જે માગવું હોય તે માગો હું એટલા માટે જ આવી છું તમે ખુશીથી માગી લો.

સંતભર્તૃહરિએ સોયમાં દોરો પરોવવા મથતા હાથ ઊંચા કરી લક્ષ્મીજી ભણી વાળ્યા અને બોલ્યા મા કૃપા કરીને આપની સારી આંખ વડે મને આ સોયમાં દોરો પરોવી આપો તો પછી હું મારી આ ગોદડી સાંધી દઉં.

સંતની આ સંતોષની આ અનેરી આભ લક્ષ્મીજીને આંજી રહી. લક્ષ્મીજીએ ફરીથી પૂછયું ભર્તૃહરિ માગી માગીને તે આજ માગ્યું હું તને સુખ-સગવડ અને વૈભવ આપું તે લઇ તું સુખ ચેનથી રહીને આત્મ કલ્યાણ સાધી લેજે.

સંતે જવાબ આપ્યો કે હે મા મારા હાથની સાંધેલી ગોદડી મને જે સુખ અને શાંતિ આપી શકશે તે તમારી આપેલી રેશમી રજાઇ નહિ આપી શકે. આજે મારૂ મન અંતર્યામી ભણી વળ્યું છે પરંતુ સુખનો સ્વાદ ચાખતા કાલે એ વધુ વધુ સુખની ઇચ્છા કરશે. મા મારો આંતર-વૈભવ આપની કૃપાથી સંસારના સઘળા વૈભવ કરતાંય અદકો છે. એવા અંતરના સંતોષ વૈભવને વેચી ને સાંસારિક વૈભવ મેળવવાની મારી ઇચ્છા નથી.

આવા અનેરા સંતના આંતર સંતોષ વૈભવને નિહાળીને લક્ષ્મીજીનું અંતર પણ ઝૂકી પડયું.

કહેવાનો મતલબ એટલો જ છે કે સાચું સુખ સાચી શાંતિ સાચો સંતોષ અને સાચો વૈભવ ઇન્દ્રયોને અંતમુખી કરવાથી જ પ્રાપ્ત થઇ શકે છે.

જય ગુરૂદેવ

૧૩, રણછોડરાય સો., પુષ્પકુંજ સામે,
કાંકરિયા, અમદાવાદ.

★★★

ૐ

## શ્રી વિદ્યાનો સંક્ષિપ્ત ઈતિહાસ

આ સંસારમાં સમસ્ત જનમાનસમાં સુખ પ્રાપ્ત કરવાની એકમાત્ર ઈચ્છા રહે છે. આ સુખ બે પ્રકારનાં છે. એક કૃત્રિમ અને બીજું અકૃત્રિમ. કૃત્રિમ સુખ કામભોગ દ્વારા પ્રાપ્ત થાય છે. અકૃત્રિમ સુખ મોક્ષ પ્રાપ્તિ છે. આ બંને માટે ધર્મ આવશ્યક છે. અને ધર્મ સાધન માટે અર્થની અપેક્ષા રહે છે. તેથી ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચતુર્વિધ પુરુષાર્થ કહ્યા છે. આથી જ શક્તિ ઉપાસનાના માર્ગને ભક્તિ મુક્તિ પ્રદાયિનીનો માર્ગ કહ્યો છે. ભારતીય સનાતન ધર્મે આ ચતુર્વિધ પુરુષાર્થને માન્ય કર્યો છે. એકની પણ ઉપેક્ષા કરી શકાય નહિ. કારણ કે મોક્ષના મજલે પહોંચવાના ધર્મ, અર્થ કામ એ પગથિયાં છે. એને છોડીને મોક્ષ મેળવવાની વાત વ્યાજબી નથી.

આ ચાર પુરુષાર્થ ખરા પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન જ પરમ પુરુષાર્થ છે. અને આ સ્વસ્વરૂપનું જ્ઞાનનો પરમ પુરુષાર્થ જ મોક્ષપદ વાચ્ય સુખ છે.

આ સુખ પ્રાપ્ત કરવા આપણા પૂર્વ જ ઋષિ, મહર્ષિ, મહામનીષિઓએ પોતાના તપઃપૂત અન્તઃકરણથી સમાધિજન્ય અતીન્દ્રિય જ્ઞાન દ્વારા સાધના સંબંધી સમૃદ્ધ વાંગ્મય કોષોનું સર્જન કર્યું.

એમની વિભિન્ન સાધન પદ્ધતિઓમાં ચિત્તશુદ્ધિના અધિકારી ભેદથી સાધન પદ્ધતિઓના પ્રકારો દર્શાવ્યા છે.

પરમ કારુણિક ભૂત ભાવન ભગવાન વિશ્વનાથે સાધારણ જનના ઉદ્ધાર માટે પરમ પુરુષાર્થરૂપ અકૃત્રિમ સુખની પ્રાપ્તિ માટે શ્રીવિદ્યા સાધના પદ્ધતિનું પ્રાકટ્ય કર્યું.

સ્વર્ગલોક નિવાસી દેવતા એવં બ્રહ્મર્ષિ, રાજર્ષિ, મહર્ષિઓ એ આ શ્રી વિદ્યાની પદ્ધતિનુ સમાશ્રયણ કરી અનુમોદન આપ્યું. દત્તાત્રેય, પરશુરામ, હયગ્રીવ, શંકરાચાર્ય આદિ ભગવાનના અનેક અવતારોએ એને સર્વજન સુલભ બનાવવા માટે ઉત્તરોત્તર સરલતમ વિધાનો કર્યાં.

તદનન્તર મહામનીષિ સાધકોએ અભ્યાસ, બોધ, આચરણ એવં પ્રચાર દ્વારા શ્રી વિદ્યા પદ્ધતિની ગરિમા અને મહિમાનું સંસ્તુત્ય પ્રખ્યાપન કર્યું.

**શ્રી વિદ્યાનો સમગ્ર ભારતમાં પ્રચાર અને પ્રસ્થાપના**

ભગવાન આદ્યશંકરાચાર્યે તો કાલક્રમથી વિલુપ્ત આ સાધના પદ્ધતિનો પુનરુદ્ધાર કરી જનકલ્યાણનું પરમ મહત્ત્વપૂર્ણ કાર્ય કર્યું. અને આ સાધનાને સંપૂર્ણ ભારતવર્ષમાં પ્રચારિત અને પ્રસારિત કરવા ભારતની ચારે દિશાઓમાં ચાર મઠ બાંધી ચાર આચાર્યો પ્રસ્થાપિત કર્યા. આજે ગુરુપરંપરાના શંકરાચાર્યો ચારે મઠોમાં શ્રી વિદ્યાની ઉપાસના કરે છે.

કહેવાય છે કે "सम्प्रदायोहि नान्योऽस्ति' लोके श्री शंकराद्बहिः । ભગવાન શંકરાચાર્ય દ્વારા પ્રવર્તિત સમ્પ્રદાય સિવાય આ લોકમાં આજ શ્રીવિદ્યાનો બીજો કોઈ સંપ્રદાય જ નથી.

અનેક સાહિત્ય સૃષ્ટા, લોકદૃષ્ટા સાધક શિરોમણિ મહાત્માઓએ આ શ્રી વિદ્યા સાધનાનું સમાશ્રયણ કરીને સર્વજનહિતાય, સર્વજનસુખાય શ્રી વિદ્યાના સાહિત્ય નિધિને સુસમૃદ્ધ કર્યો છે.

**ઉત્તર ભારતમાં પ્રચાર પ્રસ્થાપના**

લોક કલ્યાણકારી ભાવનાઓથી ઓતપ્રોત અંતઃકરણથી પોતાના જીવનની પ્રતિક્ષણને લોકકલ્યાણ માટે સમર્પિત કરનાર પ્રાતઃસ્મરણીય શ્રી ગુરુચરણસ્વામી કરપાત્રીજી મહારાજ જે પણ પોતાની લોકોત્તર પ્રતિમાના દિવ્ય આલોકથી આલોક્તિ કરીને શ્રી વિદ્યા સાધના સમ્પ્રદાયને દિવ્યજ્યોત્સનાથી મંડિત કર્યો છે.

પૂર્ણ વિધિ વિધાનથી શ્રીયન્ત્રાધિષ્ઠાત્રી ભગવતી રાજરાજેશ્વરી શ્રી લલિતા મહાત્રિપુર સુંદરીનો ઉત્તમ ઉપાસના ક્રમ અનુષ્ઠિત કરી ઉત્તર ભારતમાં વિલુપ્ત પ્રાય શ્રીવિદ્યા સમ્પ્રદાયને પ્રચાર દ્વારા પ્રતિષ્ઠાપિત કર્યો. એવં શ્રી વિદ્યા સાહિત્ય ભંડારને "શ્રી વિદ્યા રત્નાકર", શ્રી વિદ્યા વરિવસ્યા" જેવાં દિવ્ય રત્નો પ્રદાન કરી અભિવૃદ્ધિ એવં વિભૂષિત કર્યો. એમણે "શ્રી વિદ્યામંત્ર" ઉપર ભાષ્ય પણ લખ્યું છે.

## 'ચિંતન' / ડોંગરે મહારાજ :

જો તમે સતત આત્મચિંતન ન કરી શકતા હો તો ઓછામાં ઓછું દિવસમાં એકાદવાર તો જરૂર કરો, કાં તો સવારે, કાં તો પછી રાતે સૂતી વેળાએ, સાવરે તમે તમારું ધ્યેય નિશ્ચિત કરી લો અને સૂતી વખતે પોતાની પરીક્ષા કરી લો કે તમે શું શું કર્યું છે ? મન-વચન અને કર્મથી તમે કેવો વ્યવહાર કર્યો છે ?

**પ્રાપ્તિ અને દાન :**

સો હાથથી એટલે કે ખૂબ જ મહેનત કરીને કમાણી કર, અને આ કમાણીને હજાર હાથથી સમાજ અને સંસારના ભલા માટે વેરી નાખ. જે કામ કર્યું છે ને જે કામ કરવાનું છે તેને તું વધારે સારી રીતે કર. જરાય આળસુ બનીશ નહી. તારી સંપૂર્ણ શક્તિથી અને સંપૂર્ણ બુદ્ધિથી ધન પ્રાપ્ત કર, અને આ ધનનો પોતાના તથા બીજાના માટે ઉપયોગ કર. હંમેશા ધ્યાન રાખ કે તે કેટલું ઐશ્વર્ય મેળવ્યું છે અને પૂરેપૂરી શક્તિથી કામ કર્યું હોત તો કેટલું વધારે મેળવી શકયો હોત.

-અથર્વવેદ

## 'ભક્તિ એન સત્ય ' / રવીન્દ્રનાથ ટાગોર

આપણાં દેશમાં આપણે કેમ કહીએ છીએ કે મહાત્માઓનાં નામ પ્રાતઃ સ્મરણીય છે, એ કંઇ કૃતજ્ઞતાનું ઋણ ફોડવા માટે નથી. ભક્તિ-ભજનને દિવસના પ્રારંભે જ વ્યક્તિ ભાવથી સ્મરે છે. તેનું મંગળ, કલ્યાણ થાય છે. મહાપુરુષોના ઉત્સાહમાં તેથી વધારો થતો નથી. જે ભક્તિ કરે છે તે સારો થાય છે. ભક્તિ કરવી એ દરેક માનવનું કર્તવ્ય છે.

માણસનો આર્વિભાવ સત્યમાં થાય છે. આ સત્ય શું છે ? - એ વિશે ઉપનિષદમાં કહેલું છે : જે બધા જીવોને પોતાના જેવા જાણે છે તે જ સત્યને જાણે છે, જેણે પોતાના સત્યને આ રીતે જાણ્યું છે તેનામાં મનુષ્યત્વ પ્રગટ થતું હોય છે.

## વિચાર - અમૃત

**શ્રી જીવણલાલ માધવલાલ પટેલ :**

*ઉમર વર્ષ ૬૩, અભ્યાસ બી. એસ. સી. સુધી, વ્યવસાય - વેપાર વતન ગોરીયાવડ તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર, હાલ કડી જિ. મહેસાણા 'શ્રી ઉપાસના' ના તંત્રી, શ્રી વિદ્યા ઉપાસક ચેરીટેબલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી છે. પરિશ્રમ, પુરુષાર્થ અને મૌલિક સૂઝ સમજ ના ઉમદા ગુણોથી ગૂંચો ઉકેલવાની અનોખી આવડત હસ્તગત છે.*

---

**॥ શ્રી : ॥**

**મનુષ્ય પશુ, પક્ષી અને જળચર**

જેવા અવનિ પર અસંખ્ય અગણિત જીવાત્માઓ છે. બુદ્ધિમત્તામાં માણસ અગ્રેસર છે. બુદ્ધિ-પ્રાધાન્યતાથી માનવે અવનવી પ્રગતિનાં સોપાન સિદ્ધ કર્યાં છે. જરૂરી આત એ શોધની જનેતા છે એ ન્યાયે શોધોની પરંપરા એ માનવને ચંદ્ર સુધીની યાત્રા કરાવી. પણ આવી, પ્રતિભાઓવાળો માણસ 'મનુષ્ય અવતાર દુર્લભ છે. એવું સાચા અર્થમાં સમજે તો કેટલા અનર્થોમાંથી બચી જાય ! કેટલું પરોપકાર મય જીવન જીવી શકાય ! અહો -! અરે ! અબજો માનવો પૃથ્વી પર અવતર્યા અને દિવંગત થયા તેમાંથી પુણ્યસ્મરણીય માણસો કેટલા ! જેમની મધુર સ્મૃતિ મનમાં રમમાણ થાય છે એમના જીવનમાં એવું તે શું છે ? શું હતું ? કે જેમને યાદ કરવામાં આપણને અહો ભાવ ઉત્પન્ન થાય છે.

ધનપતિઓ કે જે કોઇના ઉપયોગમાં આવ્યા નથી. બુદ્ધિશાળીઓ કે જેમણે બુદ્ધિનો ઉપયોગ સર્જનાત્મક કાર્યોમાં કર્યા નથી એમનું કયાંય નામ નિશાન છે ? ઇતિહાસમાં કેટલાયે નૃપતિઓ ગઇ ગયા પણ સ્મરણ પટ પરતો એટલા જ વિરાજે છે કે જેમણે તેમની જીવનયાત્રા કલ્યાણકાર્યોમાં પસાર કરી છે. મસ્તક સાચેજ ત્યાં ઝૂકે છે જ્યાં માનવ સાધના - ઉપાસના કરી દેવત્વને પ્રાપ્ત કર્યું છે. વંદનીય વિભૂતિઓ કેવળ સંતો, મહાત્માઓ અને

મહિર્ષિઓ છે કે જેમણે સતત પોતાની જાત જન સેવા માટે ઘસી, જીવમાત્રના કલ્યાણાર્થે જીવ્યા છે.

દરેક એ વિચારવાનું છે કે આપણે હાલ કયાં છીએ ? કયા સ્ટેજે છીએ ?

સુખ અને દુઃખની વચ્ચે રહી જોઇએ કે આપણા કરતાં (આપણા માપથી) કેટલા સુખી દેખાય છે. કેટલા દુઃખી દેખાય છે. જેનું માપદંડ આર્થિક થી જ નક્કી કરીએ છીએ. કોઇએ તેઓને પૂછયું કે તમારે કોઇ વિટંબણાઓ છે ? તો તેવો જવાબ હશે કે દુઃખ દુઃખી છું. માનસિક અને શારીરિક જે જોઇ શકાતું નથી તે જ દુઃખ હોય છે. આર્થિક સદ્ધરતાનો ઉપભોગ સ્વયં કરી શકતો નથી. તેવી પરિસ્થિતિ મહદ અંશે હોય છે. આર્થિક રીતે પછાતને તમો દુઃખી કલ્પો છો ? જે વાસ્તવિક નથી. તેમાં કેટલાય સુખી છે. કારણ સંતોષી છે. તો સાચું સુખ સંતોષમાં છે. જીવન એ રીતે જીવવું જોઇએ કે જે આવક છે તેને સમજી ખર્ચનું આયોજન કરવું જોઇએ દેવું નહિ થાય તો કોઇ ચિંતા પ્રવેશતી નથી. આવકનો સોળમો ભાગ સારા રસ્તે વાપરવાથી તે આપણને ફળદાયી નવીડશે. પ્રયોગ કરી જોવા જેવો છે.

સાત્વિક ખોરાકથી સદભાવો સદ્‌વર્તન અને સંપત્તિ પ્રાપ્ત કરી મનુષ્ય પોતાના કુટુંબનું અને સમાજનું હીત કરી શકે છે. સાત્વિક ખોરાકથી તંદુરસ્તી પ્રાપ્ત થાય છે.

પહેલું સુખ તે જાતે નર્યા.
બીજું સુખતે દેવું ન કરવું પડે તેવી આર્થિક સદ્ધરતા
ત્રીજું સુખ તે આધ્યાત્મિક પરિવાર.

પ્રત્યેક પરિવારમાં જો આવી પરિસ્થિતિ નિર્માણ થાય તો સમાજ સ્વસ્થ, સમૃદ્ધ થાય.

ચાલો આપણે ઉપાસના અને આરાધનાથી
સ્વસ્થતા પ્રાપ્ત કરી સ્વસ્થ સમાજ નિર્માણ કરીએ.

**આનંદપાર્ક સો., કડી-૩૮૨૭૧૫.**

★★★

## સત્સંગ સુધા

**શ્રી રસિકભાઇ મ. નાયક :**

*વતન : કડી, કડી પ્રાથમિક શાળા નં. ૩ના આચાર્ય, શિક્ષણ સંસ્કૃતિ ધર્મનું ચિંતન મનન, સમાજ સેવા લક્ષી કાર્ય પ્રવૃત્તિ , શ્રી ઉપાસનાના 'સત્સંગ સુધા' વિભાગનું સુંદર સંક્ષેપ સભર સંકલન, સંપાદક મંડળમાં સક્રિય સેવા.*

આગામી દીપોત્સવી આપણા સર્વના જીવનમાં જીવનદીપને ચિરકાલ પર્યત પ્રગટતો રાખે. તેના પ્રકાશની ગતિ સાથે આપણા આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે પ્રગતિ થાય એ માટે પૂ. ગુરૂદેવ પ. પૂ. બા અને પૂ. બાપુજીનાં સાલભરનાં વચના મૃતોને સ્મરતાં સ્મરતાં તેઓના આશીર્વાદ સહ આગળ વધીએ એ અભ્યર્થના સહ સર્વ વાચક અને ઉપાસક મિત્રોને નૂતનવર્ષના વર્ષાભિનંદન.

**સ્મરણિકાઓ- સુધા બિંદુ**

★ કારતક માસ -૨૦૫૦

(૧) માને શું ગમે છે ? તે જાણી તેને ગમે તેવું જીવન બનાવવા સદા પ્રયત્ન શીલ રહો.

(૨) સમય સતત ગતિશીલ છે તે તમારી રાહ નહિ જુએ તે તાળી આપી વહી જાય તે પહેલાં જાગો, અને સાધના કરી લો.

★ માગશર ૨૦૫૦

(૧) માનવને મૃત્યુની બીક છે. મૃત્યુ અનિવાર્ય છે. છતાં મનુષ્ય તેમાંથી ઉગરવા ફાંફા મારે છે.

(૨) ગુરુવચનમાં શ્રદ્ધા, આપણી ટેવ, સત્ય અને વિશ્વાસ જ આપણને મૃત્યુથી પર બનાવે છે.

★ પોષ : ૨૦૫૦

(૧) યોગની કસોટીમાંથી પાર ઉતરાય ત્યારે સાધક થવાય છે. સાધક થાય ને સદ્‌ગુરૂ સાંપડે તો કસોટીનાં કાળમાં પાર ઉતરાવે છે. મનુષ્યે જીવન સદ્‌ગુરૂને ચરણે ધરી દેવું જોઇએ.

★ ફાગણ : ૨૦૫૦

(૧) સ્તુતિ કરવાથી પ્રગતિ અને પ્રીતિ થાય છે. લગની લગાડવાથી સ્તુતિ સરળતાથી થાય છે.

(૨) સ્તુતિ, અને સાધના કરતો સાધક શુભથાઓ આ સકલ વિશ્વનું એવી ભાવનામાં વિશ્વરૂપ બની જાય તે સાધકની ચરમસીમા છે.

★ ચૈત્ર - ૨૦૫૦

(૧) ભક્તિ માટે કંઇ કરવાની જરૂર નથી. સીધા સાદા, સરળ બની જઇએ તો આપો આપ પ્રગટે છે.

(૨) પરમાર્થનું જીવન જીવવાનું શીખો. તેવા જીવનમાં પમરાટ પ્રગટે છે. પરમાર્થ માનવને મહામાનવ બનાવે છે.

★ વૈશાખ ૨૦૫૦

(૧) સારા દેખાવા માટે જેવા છો, તેવું સ્વરૂપ છુપાવશો નહિ. પાપ છાપરે ચઢી પોકારે છે.

(૨) સત્સંગ એ જ્ઞાન, ભક્તિ અને સાધુ વચનોનો ત્રિવેણી સંગમ છે. તેમાં ડૂબકી મારતાં જ વિવિધ તાપ અને પાપ હરી લે છે.

★ જેઠ - ૨૦૫૦

(૧) ભક્તિ કરતાં થાક લાગે તો જરા થોભીને વિચારજો. ઉમળકો નહિ હોય તો જ થાક લાગશે. મન જ આપણને ડગાવે છે તેજ આપણને મોક્ષ અને બંધન કરાવે છે.

(૨) જપ કરવાથી મન શુદ્ધ થાય છે. શુદ્ધ મન સારાં કાર્યો કરવા દે છે. સ્વાર્થ આવતાં મનુષ્ય મનના વશમાં આવી જાય છે. સદ્ગુરૂ તેમાંથી છોડાવે છે.

★ અષાઢ-૨૦૫૦

(૧) મનની મજબુતાઇ વધશે તો માની પ્રતીતિ થશે. આનંદની ઊર્મિઓ ઉછળશે.

(૨) રોજ તમે તમારી જાતનું પરીક્ષણ કરતા રહો. તેમાં પ્રગતિ જણાશે તો માની પ્રતીત થશે.

★ શ્રાવણ - ૨૦૫૦

(૧) સંતોના શબ્દોજ અંતરના દરવાજા ખોલે છે.

(૨) અનેક કિંમતી મૂલ્ય ચૂકવી આ કાયારૂપી નાવડી મેળવી છે તો વાર કર્યા વિના ભવપાર થવા સાવધાન બની જાઓ.

★ ભાદરવો - ૨૦૫૦

(૧) સત્કર્મના પ્રારંભથી જ શત્રુઓ ઊભા થાય છે. તેથી મક્કમતાથી સામનો કરશો તો તે શાંત થઇ જશે.

(૨) સારાં કાર્યોની શરૂઆત ગુરૂદેવ, ઇષ્ટદેવનું સ્મરણ કરો તેથી બધું શુભ અને મંગલમય બને.

★ આસો ૨૦૫૦

(૧) સારા કુટુંબના સારા માણસો પૈસા માટે ઝઘડે છે, તે બંધનનું કારણ છે. તેમાંથી ઉગરવા બહાર જોવાને બદલે અંતરમુખ થવાની જરૂર છે.

(૨) આત્માના પ્રકાશને ફેલાવવા તેની આગળના અવરોધોને દૂર કરો. સુખ દુઃખાદિ દ્વંદ્વોમાંથી મુક્ત થવા સંતોષ જરૂરી છે. બીજાનું સુખ આપણું સુખ અને બીજાનું દુઃખ આપણું દુઃખ એમ વિચારવાથી સર્વે ત્ર સુખિનઃ સન્તુ ... ની ભાવના સિદ્ધ થશે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

★★★

## सूक्तानि

(દિનચર્યા (બાપાલાલ ડૉ. વૈદ્ય) પુસ્તકમાંથી સાભાર)

સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરતા નથી. પરિણામે સમ્યક્ વ્યવહારમાં મુશ્કેલી રહે છે. જાણીને અમલમાં મુકાય તેનું જ મહત્ત્વ છે.

पठकाः पाठकाश्चैव ये चान्ये शास्त्रचिन्तकाः,<br>सर्वे व्यसनिनो मूर्खाः यः क्रियावान् स पण्डितः ।।

(મહી. વન. ૩૧૩ - ૧૧૦)

ભણનારા, ભણાવનારા, શાસ્ત્રનું ચિંતન કરનારા એ બધા જ વ્યસની માણસો જેવા - મૂર્ખાઓ છે. જે ક્રિયાવાન છે - જાણેલું બરાબર અમલમાં મૂકે છે તે જ સાચો પંડિત છે.

મનથી વિશુદ્ધ થયેલ બુદ્ધિ એ દૈવવ્રત છે. સમાજ વિવેક અને કર્તવ્યની આશા રાખે છે. ચર્ચામાં અને ભાષણોમાં આપણે શૂરા છીએ, કર્તવ્યમાં આપણે પછાત છીએ.

वृत्तन हि भवत्यार्यो न धनेन न विद्यया ।
ધન અને વિદ્યાથી નહી પણ સાચી વર્તણૂકથી જ આર્ય થવાય છે. આર્ય એટલે કર્તવ્ય કાર્યોનો કરનાર અને અકર્તવ્ય કાર્યોનો પરિહરનાર. આપણે ક્રિપારત બનીએ.

सुखार्थी सर्वभूतानां मताः सर्वः प्रवृत्तयः
ज्ञानाज्ञानविशेषातु मार्ग मार्ग प्रवृत्तयः ।।

સર્વ પ્રાણીઓની સર્વે પ્રવૃત્તિઓ સુખને માટે જ હોય છે. પરંતુ જે મનુષ્ય જ્ઞાનપૂર્વક કાર્ય કરે છે તે સુખકર માર્ગમાં રહે છે જ્યારે જે અજ્ઞાનપૂર્વક કામ કરે છે તે મનુષ્ય અકાર્ય (દુઃખ)નો ભાગીદાર બને છે.

हितमेवानुरु ध्यन्ते प्रसमीक्ष्य परीक्षका ।
रजोमोहावृतात्मनः प्रियमेव तु लौकिकाः ।।

પરીક્ષકો હિત-અહિતનો વિચાર કરી જે હિત હોય છે તેને જ વળગે છે. ત્યારે જે લૌકિકોનો આત્મા રજોગુણ તથા મોહથી આવૃત હોય છે તે તત્કાલ પ્રિય લાગે તે જ કાર્ય કરે છે.

(ચરક સૂત્ર-૨૮)

## Shree Sooktam

*Reciting Shree Sooktam everday in conjunction with Shree Yantraraj puja is considered to be the most devour everyday practice of worship. It brings peace, tranquility as well as luck and money in ones life. More important is the inner peace and happiness experienced through reciting whilst performing Shree Yantraraj puja.*

**...Shree Sooktam...**

Hiranyavarnaam Harineem Suyvarnarajatasrajaam
Chandraam Hiranmayeenm Laxmeem Jaatvedo Ma Aavaha
Taam Ma Aavaha Jaatavedo Laxmeemana Pagaamineem
Yasyaam Hiranyam Vindeyam Gaamashvam Purushaanam
Ashvapoorvaam Rathamadhyaam Hastinaadapr abodhineem
Shreeyam Deveemupahvaye Shreemaadeve Jushataam
Kaam Sosmitam Hiranyapraakaar aamaardram Jwalanatee Truptaamtarpayanteem
Padme Sithitamm Padmavarmnaam Tamihopahavayeshiryam
Chandraam Prabhaasaam Yashasaam Jwalanteem shriyamlokedevjushtaamudaaram
Tamm Padmineemeem Sharanamaham Parpadye Alakshmeerme Nashyataam Twam Vrune
Aadiyavarne Tapasodhijaato Vanaspatistava Vrukshothabilvah
Tasya Falaani Tapasaa Nudantu Maayaantaraayaashcha Baahyaa Alakshmeeh
Upaitu Maam Devasakhaakeeritshcha Maninaa Saha
Praadurbhootah Suraashtresminkeertimrudhdhim Dadaatu Me
Kshutpipaasaamalaam jyeshthaamalakshmeem Naashayaamyaham
Abhootimaasamrudhdhim Cha Sarvaam Nirnuda Me Gruhaat
Gandhadwaaraan Duraadharshaam Nityapushtaam Kareeshineem

Ishwareem Sarvabhootaanaam Taamihopahavaye Shriyam
Mansaha Kaamamaakootim Vaachah Satamasheemahi
Pashmoonaam Roopamannasaya Mayi Shreeh Shrayataam Yashah
Kardamena Prajaa BNhootaa Mayi Sambhava Kardama
Shriyam Vassaya Me Kule Maataram Padmamaalineem
Aapah Srujantu Snigdhaani Chikleeta Vasa Me Gruhe
Vaacham Deveem Maataram Shriyam Vaasaya Me Kule
Aardraam Pushkarineem Pushitim Pingalaam Padmamaalineem
Chandraam Hiranmayeem Lakshmeem Jaatavedo Ma Aavaha
Aardraam Yah Karineem Yashtim Suvarnaam Hemamaalineem
Sooryaam Hiranmayeem Lakshmeem Jaatavedo Ma Aavaha
Taam Ma Aavaha Jaatavedo Lakshmeemanapagamineem
Yasyaam Hiranyam Prabhootam Gaavo Daasyoshwaan Vindeyam Purushaanaham
Yah Shuchih Prayato Bhootwa Juhuyadaajayamanvaham
Shriyam Panchadasgar cham Cha Shree Kaamah Satatam Japet

**Harshad Rami**
**London UK**

## મનુષ્ય જીવનનો ઉદ્દેશ

અંદરની અપૂર્ણતાને દૂર કરવી અને પૂર્ણ જીવન બનાવવું એ મનુષ્ય જીવનનો ઉદ્દેશ છે. ઉત્તમ પુરુષ બનવું અથવા પુરુષોત્તમ બનવું.

અથર્વવેદના એક મંત્રમાં આ પ્રમાણે બતાવ્યું છે.

सहस्रायुः सुकृतश्चरेयम् । (અથર્વ. ૧૭/૧/૨૭)

હું હજારો વર્ષના આયુ સુધી ઉત્તમ કર્મ કરતો રહું.

મનુષ્યને પુરુષમાંથી પુરુષોત્તમ બનાવવા માટે વેદ એક માર્ગ બતાવે છે. દેવતાઓનું અનુકરણ કરવું.

यत् देवा अकुर्वंस्तत्करणाणि । (શતપથ બ્રાહ્મણ)

જે કંઇ દેવોએ કર્યું એવું હું પણ કરું. મનુષ્ય દેવતાઓનો આદર્શ સામે રાખીને એમના જેવો વર્તાવ કરીને પ્રગતિના માર્ગ પર ચાલે. દેવતાઓના ગુણ પોતાના જીવનમાં ઢાળવા.

જીવાત્મા પરમાત્માની અત્યંત સમીપ છે. પરમાત્મા અને જીવાત્માનો સંબંધ શાસ્ત્રોમાં અગ્નિ અને ચિન્ગારીનો બતાવ્યો છે. આવશ્યકતા કેવળ એ વાતની છે કે ચિનગારી વધીને દાવાનલનું રૂપ ધારણ કરી લે. આર્થાત્ અપૂર્ણ જીવાત્મા પરમાત્માના સંસર્ગથી પૂર્ણતા પ્રાપ્ત કરી લે. મનુષ્ય આ સ્થિતિ સુધી અર્થાત્ ઉત્તમ કાર્યો કરીને જ પહોંચી શકે છે. જેવી રીતે દેવતા સદા ઉત્તમ કર્મ કરે છે એ પ્રકારે મનુષ્યે પણ ઉત્તમ કર્મો જ કરવાં જોઇએ.

વેદનો આદેશ છે.

कुर्वन्नेवेह कर्माणि जिजीविषेत् शतं समाः । (યજુ. ૪૦/૨)

મનુષ્ય (ઉત્તમ) કર્મ કરતાં કરતાં જ આ સંસારમાં સો વર્ષ જીવવાની ઇચ્છા કરે.

★★★

## દીર્ઘ જીવનની પ્રાપ્તિ

છાન્દોગ્ય ઉપનિષદમાં મનુષ્યનું આયુ ૧૧૬ વર્ષનું નક્કી કર્યું છે. ૧૧૬ વર્ષ સુધી કામ કરવાની યોજના પણ બનાવીને પ્રસ્તુત કરી છે. દીર્ઘ જીવનની પ્રાપ્તિ-ભૂયશ્ચ શરદઃ શતાત્ । સો વર્ષથી અધિક આયુ પ્રાપ્ત થાય પરંતુ જીવનની રૂપરેખા કેવી હોવી જોઇએ!

કેવળ ઇશ્વરનું નામ લેવા માત્રથી દીર્ઘ જીવન પ્રાપ્ત કરી શકાતું નથી, જ્યાં સુધી પ્રભુની આજ્ઞાઓનું તથા આદેશોનું પાલન ન કરીએ.

વાતાવરણની શુદ્ધિ-માનસિક ભાવનાઓને સાચી દિશા આપવી જેનાથી મનની શુદ્ધિ એવં શાંતિ અભિલાષિત છે. જ્ઞાન તેમજ જીવન યજ્ઞને જ્યારે વિકસિત કરીએ છીએ ત્યારે દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે.

પદાર્થોનો ઉપયોગ યોગ્ય ન થવાથી હૃદયને શાંતિ મળતી નથી .જ્યારે હૃદય પવિત્ર ન હોય ત્યારે ભોગ્ય વસ્તુ સુખ ન આપીને જીવનને નષ્ટ કરે છે. ભક્ષ્ય પદાર્થ શુદ્ધ તથા પવિત્ર હોય ત્યારે જ મનમાં દ્વેષભાવ પણ થશે નહિ. જેવું અન્ન ખાઇએ તેવું મન બને છે. જ્યારે શરીરમાં દૂષિત વાસનાઓ છે, મનમાં દ્વેષભાવ છે. બુદ્ધિમાં પાપ વિચાર છે ત્યાં સુધી દીર્ઘ આયુ પ્રાપ્ત થતું નથી. જ્યારે મનમાં આનંદ છે ત્યારે દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે.

વેદમાં આદેશ છે પારિવારિક જીવન સુખમય બનો. સામાજિક જીવન પણ અનુકૂળ બનો.

पुमान् – पुमान्सं परिपातु विश्वतः ।।

પ્રત્યેક વ્યકિત પરસ્પર દુઃખોનું - કષ્ટોનું નિવારણ કરે સંકટોથી બચાવે. ચિન્તાજ જીવનને ઘટાડે છે.

માનવ - સમાજમાં સમાન જ્ઞાન, સમાન વિચારવાળા બનીશું ત્યારે તેજસ્વી જીવન પ્રાપ્ત થશે. મનુષ્ય વીર્યવાન બનીને આયુને વધારે. દુષ્ચરિત્રતા જીવનને નાશ કરે છે. માટે આચરણ શુદ્ધિ જરૂરી છે. શરીરને સાધનાથી શુદ્ધ કરવું. નૈતિકતા જીવનનો આધાર છે. એનાથી જીવન ઉન્નત અને વિકસિત બને છે. ત્યાગમય જીવન અભ્યુદયનું લક્ષણ છે. સદાચાર, સંયમ અને નૈતિક જીવનનાં મૂલ્યોને અપનાવવાથી મનુષ્ય દીઘાયુને પ્રાપ્ત કરે છે. પાપ ભાવના અને દુષ્પ્રવૃત્તિઓથી સદા દૂર રહેવું.

જીવનને અધિક ઉપયોગી વ ઉત્તમ જીવન બનાવવું.

★★★

## મનુષ્યનું આયુષ્ય

છાન્દોગ્ય ઉપનિષદમાં મનુષ્યનું આયુષ્ય ૧૧૬ વર્ષનું નિશ્ચિત કર્યું છે. અને એમાં ૧૧૬ વર્ષ સુધી કામ કરવાની યોજના પણ બનાવીને પ્રસ્તુત કરી છે તે આ પ્રમાણે છે.

पुरुषोवाव यज्ञस्तस्य यानि
चतुर्विंशति वर्षाणि तत्प्रातः सवनम् ।
अथ यानि चतुश्चत्वारिंशद्वर्षाणि
तन्माध्यान्दिनं सवनम् ।
अथ यान्यष्टाचत्वारिंगद्वर्षाणि
तत् तृतीयं सवनम् ।

(छां. उ. ३ / १६ / १–३)

પુરુષ એક યજ્ઞ છે. એનાં જે પ્રથમ ૨૪ વર્ષ છે તે આ યજ્ઞનું 'પ્રાતઃ સવન' છે.

જે ૪૪ વર્ષ છે તે આ યજ્ઞના 'માધ્યન્દિન' સવન છે.

જે ૪૮ વર્ષ છે તે એનું તૃતીય સવન યા સાયંસવન છે. આ રીતે ૨૪+૪૪+૪૮ = ૧૧૬ વર્ષ સુધીનો કાર્યક્રમ છાન્દોગ્ય ઉપનિષદે બનાવી રાખ્યો છે. આટલું કામ કરવું મનુષ્ય માટે આવશ્યક છે જ. પણ ત્યાર પછી પણ માણસનું કર્તવ્ય છે કે તે આમ તેમ ભ્રમણ કરીને લોકોમાં જ્ઞાન ફેલાવે.

भूयश्च शरदः शतात् । સો વર્ષથી અધિક આયુ પ્રાપ્ત થાય એનો અર્થ આ છે. મનષ્યે ૧૦૦ વર્ષતો જીવવું જ જોઇએ. માણસ પોતાનાં કર્મોથી આ આયુષ્યને વધારી પણ શકે છે. પોતાના કર્મોથી ૧૦૦ વર્ષને ૧૪૦ યા ૨૦૦ કરી શકે છે. એવી રીતે ૧૦૦ વર્ષને ૭૫ યા ૮૦ પણ કરી શકે છે. તાત્પર્ય એ છે કે મનુષ્યનું આયુષ્ય એનાં કર્મો પર નિર્ભર હોય છે.


દીર્ઘાયુનાં સાધનો બતાવ્યાં છે. એ પ્રમાણે કરવાથી મનુષ્યનું આયુષ્ય લાંબુ થઇ શકે છે.

ઋષિઓ દીર્ઘ સંન્ધ્યાથી દીર્ઘાયુ પ્રાપ્ત કરે છે. દીર્ઘ આયુષ્યની કામના કરનાર ઐશ્વર્યવાન પરમાત્માની પૂજા કરે છે. દેવોની મૈત્રી આયુષ્યને વધારે છે. ઇશ્વરની સ્તુતિ કરનારનું આયુષ્ય વધે છે. આ રીતે ઇશ્વરની ભક્તિ કરવાથી દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે. **દાનથી દીર્ઘાયુની પ્રાપ્તિ થાય છે.** સ્વાર્થ માટે વિષયોના ઉપભોગ કરવો એથી આયુ ઘટે છે. સ્વાર્થથી ખાધેલું અન્ન વિષરૂપ જ છે. ઉત્તમ માર્ગ પર જવાથી આયુષ્ય વધે છે. યજ્ઞથી દીર્ઘાયુ થવાય છે. મન અશાંત રહેવાથી ઇન્દ્રિયોમાં પણ અશાંતિ રહે છે. પરિણામ સ્વરૂપ મનુષ્ય પણ અસ્વસ્થ રહે છે. મનમાં ચિન્તા હોય તો મનુષ્ય શીઘ્ર જ નષ્ટ થઇ જાય છે.

હૃદયની શાંતિ આયુને વધારે છે. નિરાશાના વિચારો દૂર કરવા.

આ રીતે મનમાં આશા, આનંદ અને શાંતિ રહેવાથી આયુ દીર્ઘ થાય છે.

★★★




# બાળ વિભાગ

(બટુકદેવ એટલે ભગવાન શિવજીનું બાળરૂપ. આ બટુકદેવનું દર્શન આપણને પ્રત્યેક બાળકમાં થવું જોઇએ. તારા, મારાના સંકુચિત વાડાથી પર એવું બાળક જ આપણા સૌની આવતીકાલ છે. ભાવિની આશા છે.આ દેવતુલ્ય બાળકોને સુરુચિપૂર્ણ સાત્વિક પ્રસાદી પિરસવાના હેતુથી હવેથી પ્રત્યેક અંકોમાં, આ વિભાગમાં-બાળકથા, બોધકથા, બાળકાવ્યો વગેરે અપાશે -(સંપાદક/તંત્રી)

## નારદ

**લેખક : પ્રા. રતિલાલ સાં. નાયક**

*ભવન્સ કોલેજ (અમદાવાદ)માંથી નિવૃત્ત પ્રાધ્યાપક, બાળ શિક્ષા પરિષદ દિલ્લી દ્વારા બાળઘડતરનાં વધુ પુસ્તકો લખવા બદલ પારિતોષિક, આ જ સંસ્થાએ એમના ગીતાં પુસ્તકને ઉત્તમ બાળ પુસ્તકના એવોર્ડથી સન્માન્યું. વાર્તા સર્જન અને વિવેચન સંગ્રહનું ઉલ્લેખનીય સર્જન. પાઠયપુસ્તક મંડળ (ગુ. રાજ્ય)ની ગુજરાતીની વાચનમાળાઓ તૈયાર કરવામાં વરસોથી તેમનો બહુમૂલ્ય સહકાર. તેઓશ્રી ભાષા વ્યાકરણના વિશાદ છે. 'સમભાવ' દૈનિકમાં તેમની ધાર્મિક કોલમ 'અમરેલી' દર રવિવારે પ્રગટ થાય છે, 'શ્રી ઉપાસના'ને પ્રથમ અંકથી જ તેમનો હૂંફાળો સાથ અને સહકાર પ્રાપ્ત થયો છે તે સવિશેષ નોંધવું રહ્યું.*

---

ઘટાદાર ઝાડ, ફૂલથી વધેલી વેલો, ને પવનથી નાચતા છોડવાળો વનપ્રદેશ, સુંદર નિર્મળ જળભરેલી કલકલ નાદથી વહેતી નદી. હરણાં જેવાં ટોળાબંધ પશુ તથા મોર પોપટને ચકલાં કબૂતરોના અવાજથી ગાજતું ને ભમરાથી ગુંજતું વાતાવરણ.

આવા વનપ્રદેશમાં મહર્ષિનો આશ્રમ. એમાં ઠેરઠેર

પર્ણકુટિઓ અનેક મુનિઓનો એમાં વસવાટ. મુનિ પત્નીઓ અને મુનિબાળો પણ એમાં સાથે વસે. દૂર દૂરથી ભણવા આવેલા શિષ્યોને આ બધાંની સાથે ભણવા આવેલા શિષ્યોને આ બધાંની સાથે ભણવા-રમવાનો લ્હાવો મળે.

એક ગરીબ બાઇ આ મુનિઆશ્રમમાં રહેવા આવી. દુઃખથી દબાયેલી કાયા ને કરમાયેલું મોં કેડમાં છોકરું ને ચાલીચાલીને થાકી ગયેલી છોકરું ગોરું ને ગમી જાય એવું. કેડમાં ઊંઘી ગયેલું. આશ્રમના મહર્ષિએ નામઠામ પૂછયા. આંખમાં ઊભરાતાં આંસુ સાથે બાઇ બોલી : 'વખાની મારી આવી છું નામઠામ પૂછી વધારે દુઃખી ના કરશો.

મહર્ષિએ આગળ કશું ન પૂછયું ને એને આશ્રમમાં રહેવાની રજા આપી. મહર્ષિએ બાઇના દીકરાને પોતાનો દીકરો ગણ્યો. એને ભણાવ્યો-ગણાવ્યો ને બધાંની સાથે ભેળવી દીધો.

દીકરો રૂપાળો એવો જ વિનયી ને સૌ સાથે ભળી જતો રહ્યો. થોડો હસમુખોને ટીખળી પણ બની રહ્યો. પણ એનાં વાણી વર્તન સૌની ગમી રહ્યાં. ઋષિમુનિઓનાં એને લાડ મળવા લાગ્યાં મહર્ષિ તો એને ખોળામાં જ બેસાડી રાખે. એમનાં પત્ની આશ્રમના માતા-એની દેખભાળ કરે. એમ કરતાં એનો વિદ્યાભ્યાસ પૂરો થયો. બધાંની ચરણવંદના કરી એણે આશીર્વાદ માગ્યા. બધાંએ એને એક જ બોલ કહ્યો. 'બેટા ! ભગવાનની ભક્તિ કરી નામના મેળવજે.'

મહર્ષિએ એનું નામ પાડયું નારદ ને એક તંબૂરો ભેટ આપ્યો. નારદને તંબૂરો ગમી ગયો. એવાં બીજાં વાદ્ય એણે મેળવ્યાં ને એ વગાડામાં એ પાવરધો બન્યો.

તંબૂરો લઇ એ ભજનોની ધૂન મચાવવા લાગ્યો. ભક્તિ ધૂન એણે મચાવી. આશ્રમનાં બધાંને એનાં કંઠ ને એની તંબૂરો છેડવાની કળા ગમી ગયાં.

નારદે માથે ચોટલી રાખેલી. એના ઉપર તો બધાં વારી ગયાં. મહર્ષિએ ખુશ થઇ નારદના ગળે ઉપરણો ઓઢાડયો.

માતાને પણ નારદે આવો બધાંનો પ્રેમ મેળવ્યો એ ગમ્યું ને એ ખૂબ હરખાઇ. હરખમાં ને હરખમાં એ મહર્ષિની ગાય દોહવાના કામે ગઇ. ત્યાં એક કાળો નાગ એને કરડયો ને એનું મરણ થયું નારદ નબાપો હતો ને નમાયો બન્યો.

નારદના મન ઉપર ઘેરી ચોટ લાગી ગઇ. એક વહેલી સવારે આશ્રમ છોડી એણે ઉત્તર દિશાની વાટ પકડી.

ઘણે દૂર જઇ એક નદી કાંઠે પીપળાના ઝાડ હેઠળ પલાંઠી વાળી એ ધ્યાનમાં બેસી ગયો. પ્રભુ પાસે એણે આટલું જ માગ્યું, 'તું મારી માતા છે. તું મારો પિતા છે. તું મારો હાથ પકડ.હું તારે શરણે છું તો મને શરણ આપ.'

આંખમાં આંસુ સાથે એ આટલું જ બોલતો રહ્યો. એ આનંદ-સમાધિમાં ડૂબી ગયો. જાગ્યો ત્યારે દુઃખ બધું ભુલાઇ ગયું ને આનંદ જ આનંદ દેખાઇ રહ્યો. કોઇએ જાણે એના કાનમાં કહ્યું, 'તંબૂરો પકડી લે ને બધાંને પ્રભુ તરફ વાળ.'

જીવનભર નારદે એ જ કામ કર્યું. એ ન પરણ્યો કે ન ઘર વસાવીને રહ્યો. સૌને એણે ભક્તિ દ્વારા આનંદ કેમ મેળવાય એ જ તંબુરા સાથે લલકારીને શીખવ્યા કર્યું.

પોતે પ્રભુને માર્ગે રહ્યોને સૌને એ માર્ગે દોર્યા.

**૨૩, રચના સોસાયટી,**
**આંબાવાડી, અમદાવાદ-૧૫**

★★★

## 'ગાંધી બાપુની નીડરતા'

**શ્રી પ્રકાશ લાલા :**

*વતન : સાદરા, માહિતીખાતુ, ગુજરાત રાજ્ય, મહેસાણા વિભાગના નાયબ અધિકારી. નાટકો, પ્રેરકપ્રસંગો, બાળ વાર્તાઓના સર્જક, ગુ. રાજ્ય દ્વારા ઘણાં પારિતોષિકો એમની કૃતિઓને પ્રાપ્ત થયાં છે. પ્રસ્તુત પ્રસંગકથા લેખકના 'નાના મજાના પ્રેરક પ્રસંગો' (પુરસ્કૃત) પુસ્તકમાંથી લીધેલ છે.*

૧૯૨૦-૨૧ની સાલની વાત છે.

બાપુ તે સમયે બારડોલીમાં રહેતા હતા. ઘણા વખતે

ગાંધીજી અહી આવ્યા હતા એટલે લોકોના આનંદનો પાર ન હતો. બારડોલીમાં એક પ્રેસના મકાનમાં ગાંધીજીને ઉતારો આપવામાં આવ્યો હતો.

થોડા દિવસ તો બધું ઠીક ચાલ્યુ, પણ એક દિવસ એવી વાત બની કે બાપુના બધા સાથીદારો અને બારડોલીના કાર્યકારો ભારે ચિંતામાં પડી ગયા. એમને એવી વાત મળી હતી કે નજીકની મસ્જિદમાં એક કદાવર અને મજબૂત કાબુલી જેવો માણસ આવ્યો છે, જે બાપુને મારી નાંખવા માગે છે.

આ કારણે જ સૌ ચિંતા અને મૂંઝવણ અનુભવી રહ્યા હતા, બાપુને જરા પણ આંચ આવે તો સૌનું નાક કપાય. હવે કરવું શું ? છેવટે બધાએ ભેગા મળીને નક્કી કર્યુ કે બાપુની ચોકી કરવી અને એમને કદી એકલા ન પડવા દેવા.

પ્રેસના મકાનની આસાપાસ કાંટાળી તારની વાડ હતી, દરવાજો પણ હતો. હવે રાત્રે દરવાજે મજબૂત તાળું વાસી દેવામાં આવતું. પહેલાં બાપુ એકલા વરંડામાં સૂઇ રહેતા હતા અને અન્ય સાથીદારો અંદર સૂતા હતા, પરંતુ હવેથી એમાં પણ ફેરફાર થયો. બાપુની ચોકી કરવા માટે થોડા સાથીદારો બાપુના ખાટલાની આસપાસ ખાટલા પાથરીને સૂઇ જતા.

ગાંધીજીને થયું કે નક્કી કંઇક વાત બની છે. એમણે સાથીદારોને પૂછ્યું : "તમે પહેલાં તો અંદર સૂતા હતા ને હવે મારી જોડે બહાર કેમ ઊંઘો છો ?"

સાથીદારોએ બાપુને પેલા કાબુલીની વાત કરી. વાત સાંભળીને બાપુ ખડખડાટ હસી પડયા ને બોલ્યા :

"મારી રક્ષા તો પ્રભુ કરે છે !"

બીજે દિવસે બાપુએ પેલી મસ્જિદમાંથી કાબુલીને બોલાવ્યો.

કાબુલી આવ્યો.

બાપુએ તેને પૂછ્યું : "ભલા માણસ, મેં તારું શું બગાડ્યું છે કે તું મને મારી નાખવા ઇચ્છે છે ?"

કાબુલી કહે : "મહાત્મા, તમે અહિંસાની વાતો કરી છો એટલે મારે તમારું નાક કાપીને પરીક્ષા લેવી છે કે તમે પોતે કેટલા અહિંસક રહી શકો છો ?"

ગાંધીજી શાંતિથી બોલ્યા :

"તારે અહિંસાની પરીક્ષા લેવી હોય તો માત્ર મારું નાક જ શું કામ ?.... મારું માથું જ કાપી લે !"

બાપુની અજબ શક્તિ, પ્રેમભરી વાણી અને અદ્‌ભુત નીડરતા જોઇ પેલો કાબુલી બિચારો ચૂપ જ થઇ ગયો.

ગાંધીજી અહિંસાના પૂજારી હતા ને પ્રેમ વડે જ સૌને જીતી લેતા હતા એનું આ પ્રસંગ એક સુંદર ઉદાહરણ છે.

★★★

## 'મારી માને આ ગમશે ?'

ગુરુદયાળ મલ્લિક નામના એક બહુ મોટા ભક્તજન થઇ ગયા. એમનો નાનપણનો એક પ્રસંગ છે, એમના જ શબ્દોમાં જોઇએ :

"તે વખતે હું અગિયારેક વરસો હોઇશ, એક દિવસે હું રસ્તા પરથી પસાર થતો હતો. એવામાં એક ફકીરબાબા આવ્યા અને એમણે મને ઊંચકી લીધો. મારી આંખમાં આંખ પરોવીને બે ઘડી તે જોઇ રહ્યા. પછી મને નીચે મૂકી દીધો. ત્યારબાદ તેમણે મને પાછી ઉપાડી લીધો અને એ પ્રમાણે જ નિહાળીને પાછી નીચે મૂકી દીધો. આમ તેમણે ત્રણેક વાર કર્યું.

પછી ફકીરબાબાએ કહ્યું : "બચ્ચા, મારી એક વાત તું હંમેશાં યાદ રાખજે. તું કંઇ પણ કરે, બોલે, વિચારે, ત્યારે તારા દિલને એક સવાલ જરૂર પૂછજે કે, 'મારી માને આ ગમશે કે નહી ?'

એટલું કહીને એ ફકીરબાબા તો ચાલ્યા ગયા. એ પછી મેં તેમને કોઇવાર જોયા નથી. પણ તેમની એ શિખમાણ મારા દિલમાં જડાઇ ગઇ છે. ત્યારથી મને એક ટેવ પડી ગઇ છે કે, કંઇ પણ હું બોલું છું, કરું છું અથવા વિચારું છું ત્યારે મારી આંખ સામે સવાલ આવીને ખડો થઇ જાય છે :

"મારી માને આ ગમશે કે નહી ?"

આ શિખામણથી હું ઘણા ઘણા દોષમાંથી બચી ગયો

છું. માને હંમેશાં મારી નજર સામે રાખવાની મને ટેવ પડી ગઈ છે. તેથી કંઈ પણ ખોટું વિચારતાં, કરતાં કે બોલતાં મને શરમ અને સંકોચ થઈ આવે છે અને એ કુવિચાર, કુકર્મ કે કુવચનના દોષમાંથી હું બચી જાઉ છું.

'બાલમૂર્તિ' સાભાર

નાના બાળ થવાનું સાહસ એક છાંટો ય
આપણામાં કયાં છે ?
એથી જ તો આમ બુઢ્ઢાં થઈને આપણે મરીએ છીએ. -

કવિવર રવીન્દ્રનાથ ટાગોર

## બાળકાવ્ય

### બા !

રમેશ ત્રિવેદી

જાગી વહેલાં બોલું બા ! સૌથી પહેલાં બોલું બા !
ન્હાતાં ન્હાતાં બોલું બા ! હસતાં - ગાતાં બોલું બા !
રમતાં -રમતાં બોલું બા ! જમતાં - જમતાં બોલું બા !
ભમતાં ભમતાં બોલું બા ! નમતાં નમતાં બોલું બા !
દોડતાં દોડતા બોલું બા ! પડતાં પડતાં બોલું બા !
ઝૂમતાં ઝૂમતાં બોલું બા ! ચૂમતાં ચૂમતાં બોલું બા !
ફેર-ફુદરડી બોલું બા ! જોઈ ઉદરડી બોલું બા !
રાત પડે ને બોલું બા ! નિંદ ચઢે કે બોલું બા !
સપનામાં હું ઝોલું બા ! ના આંખોને ખોલું બા !
બીજું કંઈ ના બોલું બા ! બાને જોઈ બોલું બા !

### ગાંધી

એવું કીધું કામ રે,
જગમાં ઊંચું નામ રે,
વ્હાલા જેને રામ રે,
ગાંધીને પ્રણામ રે,

### દિવાળી

ફટાકડા તો ફટફટ લાવી,
રંગોળી લઈ ઝટપટ આવી,
ઘારી, સેવ સુંવાળી લાવી,
ઝગમગતી દિવાળી આવી !

### નવરાત્રિ

નવરાત્રિના નવલા દહાડા
રાસ-ગરબા જામે રે,
નાચે-કૂદે ને ગાય સૌ
શેરી-ચૌટે ગામે રે !

બ્રહ્મપોળ, કડી - ૩૮૨૭૧૫

★★★

## બાળ પ્રાર્થના

**શ્રી નટવર પટેલ, વતન : કાસવા , તા. કડી**

બાળસાહિત્યકાર અને એચ. કે. પ્રા. ટ્રેનિંગ કોલેજમાં પ્રાધ્યાપક અને અમદાવાદમાં 'શિલ્પન કલા મંદિર' નામની નાટય સંસ્થાના સંસ્થાપક, બાળકાવ્યસંગ્રહ, બાળવાર્તા સંગ્રહ અને બાળનાટય સંગ્રહોના સર્જક, તેમનાં બાળકાવ્યસંગ્રહો, બાળનાટયસંગ્રહોને ગુ. રાજ્ય સાહિત્ય અકાદમી અને ગુ. સાહિત્ય પરિષદ દ્વારા પારિતોષિક પ્રાપ્ત થયેલ છે.

### હેતનું તળાવ (બાળગીત)

માડીની આંખમાં એવો તો ભાવ છે,
નીતરતી આંખો તો હેતનું તળાવ છે.
માડીના બોલમાં એવો તો ભાવ છે,
નીતરતા બોલમાં હેતનું તળાવ છે.
માડીના લાડમાં એવો તો ભાવ છે,
નીતરતા લાડમાં હેતનું તળાવ છે.
માડી ખવરાવતી, એવો તો ભાવ છે,
એક એક કોળિયો હેતનું તળાવ છે.
માડીની ખીજમાં એવો તો ભાવ છે,
માડીના મારામાં હેતનું તળાવ છે.

★★★

## દે તું મુજને (પ્રાર્થના)

જોડી હાથ બે પ્રેમથી,
વિનવું દીનાનાથ,
પકડી મારી આંગળી,
સાચવજે સંગાથ.
બૂરું કદી ના ઉચરું,
બૂરું કદી ના થાય.
આટલી સમજણ આપજે,
જીવન ઉજજવલ થાય.
નાના હૈયે આવીને,
વસજો હે ભગવાન!
સદ્‌વિદ્યા ને ભક્તિનું,
દે તું મુજને દાન.

**સી / ૨ / ૪, સીમંધર કોમ્પલેક્ષ,**
**ઘાટલોડિયા, અમદાવાદ - ૩૮૦૦૬૧**

## અન્નપૂર્ણા સ્તોત્રમ્

**(શ્રી આદિશંકરાચાર્ય મહારાજ વિરચિતમ્)**

**સારાનુવાદ - ચંદ્રશંકર પંડયા**

શ્રી શંકરાચાર્ય મહારાજે રચેલા આસ્તોત્રમાં જગત આખાને જમાડનાર શ્રી અન્નપુર્ણાનો મહિમા ગવાયો છે. એક સંસ્કૃત કવિએ તો ત્યાં સુધી લખ્યું છે કે :

સ્વયં પંચ મુખઃ પુત્રૌ ગજાનનષડાનનૌ।
દિગંબરઃ કથં જીવેદન્નપૂર્ણા ન ચેદ્ ગૃહે॥

શિવજી અન્નપૂર્ણાથી જ મહાન છે. જો તેમના ઘરમાં અન્નપૂર્ણા ન હોત તો તેમની દશા ભૂંડી થાત, ઘરની આબરૂ જાત કારણ કે પોતે પાંચમુખથી જમે, (શિવજી પંચમુખી કહેવાય છે.) ગણપતિ હાથીના જેવા વિશાળ મુખથી જમે અને કાર્તિકસ્વામી છ મુખથી જમે પછી જમવાનું કેટલું બધું બનાવવું પડે ? અને આટલો બધો રસોડાનો ખર્ચ આવે તે દિગંબર (કશું ન હોય તેવો-અકિંચન) પતિ કેવી રીતે ઉપાડી શકે ?બાર બાર મુખને જમાડવાની સામગ્રી અકિંચન શિવ લાવે કયાંથી ? આટલું બધું ખર્ચ કશી કમાણી વિના તે કેવી રીતે કરી શકે ? કશું ન કમાનાર પતિની કેવી દુર્દશા થાય ? પણ શિવજીને ચિંતા કરવી પડતી નથી. કારણ કે સાક્ષાત્ અન્નપૂર્ણા જ એમના ઘરમાં બિરાજે છે પછી ફિકર કરવાની રહે જ નહિને ઘરમાં જ અન્નપૂર્ણા હોવાથી બધે વાતે નિરાંત છે. સૌંદર્યલહરીના પ્રથમ શ્લોકમાં જ પ્રથમ પંક્તિમાં જ આચાર્યે લખ્યું છે કે શક્તિ વિનાના શિવ સ્પંદન પણ કરી શકતા નથી (શ્વાસ પણ લઈ શકતા નથી) પછી બીજાું તો શું જ કરી શકે ? જગત આખું શક્તિથી જ ગતિમાન છે. શક્તિનો કેવો અપાર મહિમા ! કેવું અદ્‌ભૂત ઐશ્વર્ય ! આથી જ દેવ્યથર્વશીર્ષમાં કહેવાયું છે કે શક્તિનો મહિમા શબ્દોથી વર્ણવાય તેવો નથી તે વર્ણનાતીત છે.

નિત્યાનંદ કરી વરાભય કરી સૌન્દર્ય રત્ના કરી,
નિર્ધૂતાખિલ ઘોરપાવન કરી પ્રત્યક્ષમાહેશ્વરી,
પ્રાલેયનાચલવંશપાવન કરી કાશીપુરાધી શ્વરી,
ભિક્ષાં દેહિ કૃપાવલંબન કરી માતાન્નપૂર્ણેશ્વરી ॥ ૧ ॥

હે અન્નપૂર્ણા, તમે ભક્તોને હંમેશાં આનંદ આપવાવાળાં, વરદાન આપનારાં તથા અભયદાન આપનારાં છો. મતલબ કે સંસારના ત્રિવિધતાપથી બચાવનારાં છો. તમે સૌંદર્યના સાગર જેવાં છો. તમારું સૌંદર્ય અદ્‌ભુત અને અવર્ણનીય છે. વળી તમે ભયંકરમાં ભયંકર પાપોનો નાશ કરી મનુષ્યને પવિત્ર બનાવો છો. સાક્ષાત્ મહેશ્વરનાં પત્ની છો. તમને જોતાં જ મહેશ્વરનાં જ જાણે કે દર્શન થાય છે તમારું અને મહાદેવજનું એક જ સ્વરૂપ દેખાય છે. તમે હિમાલયને ઘેર અવતાર લઈ તેમના વંશને પાવન કર્યો છે. તમારા જન્મવાથી હિમાલય કૃત કૃત્ય થયા છે. તમે કાશી નગરીનાં અધિષ્ઠાત્રી દેવી છો હે મા અન્નપૂર્ણા, મારી ઉપર દયા કરો અને મને ભિક્ષા આપો. તમારી આવેલી ભિક્ષાથી મને અમૃતના ઓડકાર આવશે અને પરબ્રહ્મના માર્ગે જવાની પવિત્ર વૃત્તિ જાગશે.

નાનારત્ન વિચિત્ર ભૂષણકરી હેમાંબરાડંબરી
મુક્તાહાર વિલંબમાનવિલ સદ્‌વક્ષોજ કુંભાન્તરી ।
કાશ્મીરાગુરુવાસિતા રુચિકરી કાશીપુરા ધીશ્વરી

ભિક્ષાંદેહિ કૃપાવલંબન કરી માતાન્નપૂર્ણેશ્વરી ॥ ૨ ॥

હે જગદંબા, વિવિધ પ્રકારનાં રત્નો જડેલાં અતિ સુંદર આભૂષણો તમે ધારણ કર્યાં છે, ઝગારા મારતાં સોનેરી વસ્ત્રોથી તમારી શોભાનો કોઈ પાર રહ્યો નથી, કુંભ સમાન વક્ષઃસ્થળની વચ્ચે અતિ મૂલ્યવાન મોતીઓનો હાર શોભી રહ્યો છે. તમારી આજુબાજુ કેસરચંદન અને અગરબત્તીની સુવાસ ફેલાઈ રહી છે. તમે ભક્તોને સુરુચિપૂર્ણ બનાવનારા છો અને કાશી નગરીનાં અધિષ્ઠાત્રી દેવી છો હે મા અન્નપૂર્ણા, કૃપા કરીને મને ભિક્ષા આપો તમારી આપેલી ભિક્ષા મારું ચોક્કસ પણે નિરતિશય કલ્યાણ જ કરશે.

યોગાનન્દ કરી રિપુક્ષય કરી ધર્માર્થનિષ્ઠા કરી
ચન્દ્રાર્કાનલભાસમાન લહરી ત્રૈલોકયરક્ષા કરી।
સર્વૈશ્વર્ય સમસ્તવાંછન કરી કાશીપુરાધિશ્વરી
ભિક્ષાંદેહિ કૃપાવલંબન કરી માતાન્નપૂર્ણેશ્વર ॥ ૩ ॥

હે મા, તમે યોગીઓને યોગના આનંદમાં તલ્લીન રાખો છો. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર આ છ અંતઃશત્રુઓ તથા બાહ્ય શત્રુઓનો વિનાશ કરો છો. ધર્મ અને અર્થમાં મનુષ્યની નિષ્ઠા દૃઢ કરો છો મતલબ કે ધર્મ અને અર્થની વૃદ્ધિ કરો છો. તમારા શરીરની કાન્તિ સૂર્ય, ચન્દ્ર અને અગ્નિના તેજની સમાન દેદીપ્યમાન છે. એટલે કે તમે અદ્‌ભુત તેજ થી ઝળહળી રહ્યાં છો. તમામ પ્રકારનું ઐશ્વર્ય મેળવવાની મનુષ્યની ઈચ્છા પૂરી કરનારાં છો. (એટલે કે મનુષ્ય જે જે ઐશ્વર્ય ઝંખે છે તે બધું તેને મળે છે.) તમે ત્રણેય લોકોનું રક્ષણ કરનારાં છો. સમસ્ત કાશીનગરી તમારી છત્રછાયા હેઠળ છે. હે મા, મને ભિક્ષા આપી મારું જીવન સાર્થક કરો.

કૈલાસાચલકન્દરાલય કરી ગૌરી ઉમાશંકરી
કૌમારી નિગમાર્થગોચર કરી ૐકાર બીજાક્ષરી।
મોક્ષ દ્વાર કપાટપાટન કરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાંદેહિ કૃપાવલંબનકરી માતા અન્નપૂર્ણેશ્વરી ॥ ૪ ॥

હે મા, તમારું રહેઠાણ કૈલાસ પર્વતની ગુફામાં છે, તમે ગૌરી, ઉમા અને શંકરનાં પત્ની છો. તમે જ કૌમારી (કુમાર-કાર્તિકસ્વામીની અંદરની શક્તિનાં દાતા અથવા એ શક્તિ સ્વરૂપ છો.) વેદોના અર્થનું જ્ઞાન આપનારાં છો. (એટલે કે તમારી સેવાથી અગમ્ય વેદોના ગૂઢ અર્થની સ્ફુરણા આપોઆપ થાય છે.) ૐકાર રૂપી જે બીજમંત્ર છે તે તમારું સ્વરૂપ જ છે. તમે અને ૐકાર જુદાં નહિ પણ એક છો. મોક્ષનું દ્વાર ખોલી સાધકને બધી અનુકૂળતા કરી આપનારાં છો. કાશીનગરીનાં અધિષ્ઠાત્રી હે જગદંબા અન્નપૂર્ણા મને ભિક્ષા આપી કૃતાર્થ કરો.

દૃશ્યાદૃશ્ય પ્રભૂતવાન કરી બ્રહ્માંડભાંડોદરી
લીલાનાટકસૂત્રભેદન કરી વિજ્ઞાન દીપાંકુરી।
શ્રી વિશ્વેશમનઃ પ્રસાદન કરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાં દેહિ કૃપાવલંબન કરી માતા અન્નપૂર્ણેશ્વરી ॥ ૫ ॥

હે મા, જગતમાં દેખાતાં અને ન દેખાતાં દરેક પ્રાણીમાત્રનું તમે પોષણ કરનારાં છો, આખું ય બ્રહ્માંડ તમારા ઉદર રૂપી પાત્રમાં સમાયેલું છે. લીલાથી ભરપૂર એવું જે સંસાર રૂપી નાટક છે તેના સૂત્ર (સંબંધ) નો નાશ કરનારાં છો મતલબ કે દુરસ્ત એવી જે સંસારની માયા છે તેનાથી બચાવનારા, છોડાવનારાં છો. વિજ્ઞાન વિશેષ પ્રકારનું પદ્ધતિસરનું જ્ઞાન) રૂપી દીવાની જ્યોતને સમાન છે એટલે કે સાધકને મહાન રહસ્યો સમજાવનારાં ઉત્તમ પ્રકાશ સ્વરૂપ છો. શ્રી વિશ્વનાથ (કાશી નગરીનાં અધિષ્ઠાત્રી) ભગવાન શંકરના મનને પ્રસન્ન કરનારાં છો. કાશીના અધિષ્ઠાત્રી હે ભગવતી અન્નપૂર્ણા, તમે મને કૃપા કરી ભિક્ષા આપો.

ઉર્વી સર્વજનેશ્વરી ભગવતી માતાન્નપૂર્ણેશ્વરી
વેણીનીલસમાનકુન્તલહરી નિત્યાન્નદાનેશ્વરી।
સર્વાનંદકરી સદા શુભ કરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાંદેહિ કૃપાવલંબન કરી માતાન્નપૂર્ણેશ્વરી ॥ ૬ ॥

હે મા, હે અન્નપૂર્ણા છપ્રકારનાં ઐશ્વર્ય તમારી અંદર વસેલાં છે. ભરેલાં છે. તમે જગતનાં સર્વ પ્રાણીઓનાં જનની છો. તમારો અંબોડો કાળા ભમ્મરવાળા રૂપી લહેરોથી શોભી રહ્યો છે. હંમેશાં તમે બીજાને અભીદાન આપનારાં છો. બધાંને આનંદ

આપનારા છો. હંમેશાં કલ્યાણ કરનારાં છો. કાશી નગરીનાં અધિષ્ઠાત્રી હે જગદંબા, કૃપા કરીને મને ભિક્ષા આપો.

આદીક્ષાન્ત સમસ્તવર્ણન કરી શંભોસ્ત્રિભાવનાકરી
કાશ્મીરાત્રિજલેશ્વરી ત્રિનયની નિત્યાંકુશ સર્વરી।
કામાકાક્ષકરી જનોદયકરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાંદેહિ કૃપાવલંબન કરી માતાન્નપૂર્ણેશ્વરી ॥ ૭॥

હે મા, દીક્ષાથી માંડીને છેક અંત સુધીનાં સમસ્ત ક્રિયાકાંડનું તમે વર્ણન કરનારાં છો. શિવજીના ત્રણેય ગુણો (સત્વ રજ-તમ)નું તમે પ્રગટ કરનારાં છો, કાશ્મીરમાં નિવાસ કરનારાં છો, સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક સકળલોકનાં સ્વામિની છો. ગંગા યમુના અને સરસ્વતી નદી સ્વરૂપે રહેલાં છો. (મતલબ કે આ ત્રણેય નદીઓ અને તમે એક સ્વરૂપ જ છો) આ અવિનાશી (નાશ ન પામે તેવા) એવા જગતનાં બીજરૂપ છો. રાત્રિ સ્વરૂપ છો. બધાંયના મનમાં નિવાસ કરી બધી ઈચ્છાઓ પૂર્ણ કરનારાં છો. તથા લોકોનો સર્વાંગી (પૂરેપૂરો) વિકાસ કરનારાં છો. હે મા કાશીનગરીનાં અધિષ્ઠાત્રી હે અન્નપૂર્ણા કૃપા કરી મને ભિક્ષા આપો.

દેવી સર્વવિચિત્રરત્નરચિતા દાક્ષાયણી સુંદરી
વામા સ્વાદુપયોધરોપ્રયકરી સૌભાગ્યમાહેશ્વરી।
ભક્તાભીષ્ટકરી દશાશુભહરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાંદેહિ કૃપા વલંબન કરી માતાન્નપૂર્ણેશ્વ ॥ ૮ ॥

હે દેવી, તમે અનેક પ્રકારનાં અતિ સુંદર રત્નોથી શોભી રહ્યા છો. દક્ષ પ્રજાપતિનાં પુત્રી છો, તમારું સ્વરૂપ અતિ સુંદર છે. તમે અતિશ્રેષ્ઠ છો. મધુર સ્તનપાન કરાવી ભક્તોનું પ્રિય કરનારાં છો, એટલે કે તમને તૃપ્ત કરનારાં છો, બીજાના સૌભાગ્યની વૃદ્ધિ કરનારા છો. ભક્તોની મનોવાંછના પૂર્ણ કરનારાં છો અને મનુષ્યોને દુર્દશાથી બચાવી ને તેમનું કલ્યાણ કરનારાં છો. કાશી નગરીનાં અષ્ઠિાત્રી હે અન્નપૂર્ણા તમે મને કૃપા કરીને ભિક્ષા આપો.

ચન્દ્રાર્કાલયકોટિકોટિસદશા ચન્દ્રાંશુબિંબાધરી
ચન્દ્રાર્કાગ્નિસમાનકુન્તલહરી ચન્દ્રાર્કવર્ણેશ્વરી।
માલાપુસ્તકપાશસાંકુશધરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાંદેહિ કૃપાલંબનકરી માતાજાપૂર્ણેશ્વરી ॥ ૯ ॥

હે મા, કોટિ કોટિ સૂર્ય, ચન્દ્ર અને અગ્નિની સમાન તમારું તેજ છે. ચંદ્રના કિરણો જેવા મનોહર તેજ ધરાવનારા તમારા હોઠ છે, ચન્દ્ર અને સૂર્યના તેજ જેવાં અત્યંત તેજસ્વી તમારાં કુંડલ છે. તથા ચન્દ્ર અને સૂર્યના જેવો તેજસ્વી રંગ છે. વળી તમે માળા પુસ્તક, પાશ અને અંકુશ ધારણ કર્યા છે. કાશીનાં અધિષ્ઠાત્રી હે અન્નપૂર્ણા, તમે મને કૃપા કરીને ભિક્ષા આપો.

ક્ષત્રત્રાણકરી મહાડભયકરી માતાકૃપા સાગરી
સાક્ષાન્મોક્ષકરી સદા શિવકરી વિશ્વેશ્વરી શ્રીધરી।
દક્ષાકન્દકરી નિરામય કરી કાશીપુરાધીશ્વરી
ભિક્ષાં દેહિ કૃપાવલંબન કરી માતાનીપૂર્ણેશ્વરી ॥ ૧૦ ॥

હે મા, તમે ક્ષત્રિયોનું રક્ષણ કરનારાં છો, દરેકને મહાન અભયદાન આપનારાં છો. બધાંનું મૃત સ્વરૂપે પાલન કરનારાં છો, દયાનાં સાગર છો, સાક્ષાત્ મોક્ષને આપવાવાળા છો. હંમેશાં દરેકનું કલ્યાણ કરવાવાળાં છો. વિશ્વનાં ઈશ્વરી છો અને પરમશોભા ધારણ કરનારા છો અથવા વિશ્વના ઈશ્વર મહાદેવજીની શોભામાં પણ વધારો કરનારાં છો. દક્ષ પ્રજાપતિ ના યજ્ઞનો વિનાશ કરીને તેને રડાવનારાં છો, રોગોને દૂર કરી આરોગ્ય આપનારાં છો. કાશી નગરીનાં અધિષ્ઠાત્રી હે મા, કૃપા કરીને મને ભિક્ષા આપો. તમારો પ્રસાદ આપી મને કૃપાપાત્ર બનાવો.

ભવતિ ભવરોગાત્પીડિતં દુષ્કૃતોત્થાત્
સુતદુહિતૃકલત્રોપદ્રેવણાનુયાતમ્।
વિલસદમૃતદષ્ટ્યા વીક્ષ્ય વિભ્રાન્ત ચિત્તં
સકલભુવનમાતસ્ત્રાહિ મામોં નમસ્તે ॥ ૧૧ ॥

સકલ ભુવનોનાં માતા હે અન્નપૂર્ણા હું દુષ્કૃત્યોના કારણે જન્મેલા ભવરોગથી પીડાઉં છું (મારાં પોતાનાં દુષ્કૃત્યોને કારણે મારે વારંવાર જન્મ લેવો પડે છે. પુત્ર, પત્ની અને પુત્રી વગેરેના ઉપદ્રવોને કારણે હું ખુબ દુઃખી છું. તેમના તરફથી જે ત્રાસ વેઠવો પડે છે તેનું વર્ણન શકય

નથી. મારું મન ઉદ્વેગથી છલોછલ ભરાઇ ગયું છે. માટે હે મા, તમે મારી ઉપર અમૃત પૂર્ણ અને પ્રસન્નતાથી ભરપૂર દૃષ્ટિનાંખો. મારી ઉપર દયા કરો. હે ૐકાર સ્વરૂપ જગન્માતા તમને મારા નમસ્કાર હો. તમે મારું રક્ષણ કરો. આ સિવાય બચવાનો બીજો કોઇ આરો રહ્યો નથી.

માહેશ્વરીમાશ્રિત કલ્પવલ્લી-
મહંભવોચ્છેદકરી ભવાનીમ્।
ક્ષુધાર્તજાયાતનયાદ્યુપેત-
સ્ત્વામન્નપૂર્ણે શરણં પ્રપદ્યે ॥ ૧૨ ॥

હે મા, મહેશ્વર શિવમાં રહેલી મહાન શક્તિ છે, તારે આશરે આવેલાના બધા મનોરથો પૂરા થાય છે. કારણ કે તું કલ્પલતા (ઇચ્છાપુરી કરનારી વેલ) જેવી છે. તું ભક્તોના અહંકારનો નાશ કરનારી છે અને સંસારની માયાનો વિનાશ કરનારી છે. (તારો ભક્ત અહંકારથી બચીને સંસારનું સાચું સ્વરૂપ સમજતાં જ સંસારથી વિમુખબની જાય છે. ) તુંસકલ પ્રકારનાં ઐશ્વર્યને આપનારી છે. ભૂખથી પીડાયેલો હું મારી પત્ની તથા બાળકો સાથે તમારે શરણે આવ્યો છું. હે મા, મારું રક્ષણ કર. હું દીન છું. તું મને બચાવ.

દારિદ્રય દાવાનલદહ્યમાનં
પાહ્યન્નપૂર્ણે ગિરિરાજકન્યે
કૃપાંબુધૌ મજ્જય માં ત્વદીયે
ત્વત્પાદપદ્માર્પિત ચિત્તવૃત્તિમ્ ॥ ૧૩ ॥

હે મા, ગરીબીરૂપી દાવાનળમાં (જંગલમાં લાગતો અગ્નિ દાવાનળ કહેવાય છે.) હું ભડાભડ બળી રહ્યો છું. હે પર્વતરાજ હિમાલયનાં પુત્રી, મારું રક્ષણ કરો. મારા મનની સમગ્ર વૃત્તિઓ એ આપનાં ચરણકમળમાં સમર્પી દીધી છે.) મને તમારા કૃપાના સાગરમાં ડૂબાડી દો. (તમારી મહાન અને અદ્દભૂત કૃપાનો અનુભવ થાય છે. ) મને શાંતિ આપો.

અન્નપૂર્ણે સદાપૂર્ણે શંકરપ્રાણવલ્લભે।
જ્ઞાનવૈરાગ્ય સિદ્ધયર્થં ભિક્ષાં દેહિ ચ પાર્વતિ ॥ ૧૪ ॥

હંમેશા પૂર્ણ સ્વરૂપ (જગદંબામાં સંપૂર્ણતા છલોછલ ભરેલી છે. કશી કમી નથી.) તથા શિવજીને પ્રાણ સમાન પ્રિય એવાં હે અન્નપૂર્ણા પાર્વતી, જ્ઞાન અને વૈરાગ્યની સિદ્ધિ માટે મને ભિક્ષા આપો.

માતા ચ પાર્વતી દેવી પિતા દેવો મહેશ્વરઃ
બાન્ધવાઃ શિવભક્તાશ્વ સ્વદેશો ભુવનત્રયમ્ ॥ ૧૫ ॥

હે મા પાર્વતી, તમે મારાં માતા છો અને મહેશ્વર શિવ મારા પિતા છે. શિવજીના બધા ભક્તો મારા બંધુઓ છે અને ત્રણેય જગત લોક મારો દેશ છે.

★★★

## 'હું તો ફરવા આવ્યો છું

**શ્રી મહેન્દ્રકુમાર વિજયશંકર ત્રિવેદી :**

*વતન-કડી, નિવૃત્ત શિક્ષક. સાહિત્યમાં અભિરૂચી-પ્રસંગોપાત ગીત, બાળગીત, લઘુકથા જેવાં પ્રદાનો કર્યાં છે. લાયન્સ ક્લબ, કડી દ્વારા શાળાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત.*

ઘડી બે ઘડી
હું' તો તમને
મળવા આવ્યો છું;
ફરવા આવ્યો છું;
હું'તો ફરવા આવ્યો છું - હું તો .......
સર્વેશ્વરની
સોંપેલ સેવા
કરવા આવ્યો છું.
ફરજ બજાવી
કરજ ઉતારવા
હું'તો ફરવા આવ્યો છું - હું' તો .......
લેણ-દેણના
સંબંધ પૂરા,
કરવા આવ્યો છું
ઋણાનું બંધથી
મુક્ત બનીને,
વિહરવા આવ્યો છું. હું' તો ........

વિશ્વ કલાકારે
કીધેલ કામણ,
કળવા આવ્યો છું.
જીવન કેરી
ભાન મહી
રંગ પૂરવા આવ્યો છું, હું' તો.....
જગ-ગ્રંથ મહી
સોનેરી અક્ષરે
નામ લખવા આવ્યો છું.
હું'તો ફરવા આવ્યો છું.

**સરસ્વતી સોસાયટી, કડી, થોળરોડ**

## તમારા તમાચાના પ્રતાપે

**લે. વૈદ્ય મહેન્દ્રનાથ વેદાલંકાર**

સન્ ૧૯૪૪ થી ૧૯૪૮ હું ગુરુકુળ સોનગઢમાં શિક્ષક અને ગુરુકુળ છાત્રાલયમાં ગૃહપતિ હતો. ગુરુકુળના વિદ્યાર્થીઓને ચમારડી પાસેના થાપનાથ મહાદેવના પર્યટને લઇ ગયા હતા. પહાડની ટોચ ઉપરના એ મંદિરનાં પગથિયાં ચોગઠ ગામના શ્રી મણિલાલ દેસાઇ નામના એક સદ્ગૃહસ્થે કરાવ્યાં હતાં. એમનાં જીવનનો એક ખાસ પ્રસંગ અમારી હાઇસ્કૂલના શિક્ષકશ્રી કરણસિંહજી ગોહેલે વિદ્યાર્થીઓને કહેલો. તે નીચે મુજબ છે.

૪૫-૫૦ વર્ષ પહેલાં ચમારડી ગામમાં ચોગઠના દેસાઇ કુટુંબના એ વૈષ્ણવ વાણિયા પાઇ-પૈસાના દાળિયા, મમરા, તલના લાડુ વગેરે વેચે. ત્રણ માઇલ દૂર ચોગઠથી આવે એટલે ચમારડી ગામમાં શાંતિ થઇ ગઇ હોય, બધા જમી કરીને આરામ કરતા હોય. આવા બપોરના સમયે ઘંટડી વગાડે, બૂમો પાડે એટલે છોકરાં ભેગાં થાય અને ઘોંઘાટ થાય. ત્યાં પાસે જ રહેતા મૂળુભા બાપુની ઊંઘમાં ખલેલ પહોંચે. બાપુએ બે-ત્રણ વખત એમને ટોકયા પણ હતા કે કાંતો વહેલા આવે કે કયાં તો સાંજે આવો.

એક દિવસની વાત છે. મૂળુભાને રાત્રે કોઇ કારણસર ઊંઘ આવી ન હતી, અને બીજે દિવસે બપોરે જ્યાં જરા આંખ મીચાઇ કે મણિલાલભાઇએ બૂમ પાડી, ઘંટડી વગાડી અને છોકરાં ભેગાં થયાં. મૂળુભાને જે ગુસ્સો ચઢયો તે બહાર આવીને મણિલાલ ભાઇને એક તમાચો ચોઢી દીધો. થાળી પડી ગઇ, દાળિયા, મમરા વગેરે વેરાઇ ગયાં.

મણિલાલભાઇ વિચાર કરવા લાગ્યા : આટલી આટલી મહેનત કરું છું ત્યારે માંડ પૂરું થાય છે, અને છતાં આવું અપમાન! નિશ્ચય કર્યો કે પરગામ જતા રહેવું. મુંબઇ ગયા. બીડીઓ વાળી, પૈસા બચાવી કલકત્તા ગયા. ત્યાં પણ બીડીનો ધંધો કરી પૈસા બચાવી રંગૂન ઊપડયા. ત્યાં ચોખાની મિલમાં કારકુન થયા. થોડા વખતમાં ભાગીદાર થયા અને છેલ્લે પોતાની મિલ કરી.

શ્રી મણિલાલભાઇ ઘણે વરસે વતનમાં આવ્યા અને ચમારડીમાં આવ્યા. મૂળુભા બાપુને ખબર પડી કે મણિલાલભાઇ તો લાખોપતિ થઇને ગામમાં આવ્યા છે. એમને થયું : બીજે ગામ જતો રહું. કદાચ તમાચાવાળી વાત નીકળે અને નીચું જોવું પડે.

પરંતુ એટલામાં તો મણિલાલભાઇ જાતે જ મૂળુભા બાપુના ઘરે મળવા આવ્યા. મૂળુભા બાપુ તો ગળગળા થઇ ગયા. ઊભા થઇને માફી માગવા લાગ્યા. ત્યારે મણિલાલભાઇએ કહ્યું : "આજે હું જે કંઇ આગળ વધ્યો છું તે બધો તમારા તમાચાનો પ્રતાપ છે. તમે તમાચો માર્યો ન હોત તો હું પરદેશ ગયો ન હોત અને આજે પણ ચમારડીમાં દાળિયા, ચણા વેચતો હોત. તમે મારેલા તમાચા માટે હું તમારો આભાર માનવા માટે જ ખાસ અહી આવ્યો છું.

★★★

..અપરિગ્રહ..

શ્રમણ ભગવાન મહાવીર સુરભીભર્યા પરવની જેમ પૃથ્વીતલ પર વિહરતા હતા. એક દિવસ વિહાર કરતા કરતા મગધની રાજધાની રાજગૃહીમાં પધાર્યા.

મહારાજા શ્રેણિકે વંદના કરી પૂછ્યું:

'પ્રભુ' આ જીવ સંસારમાં રખડે છે શાથી?

એમણે કહ્યું ભંતે, તૃષ્ણાજ માનવીને સંસારમાં પરિભ્રમણ કરાવે છે. તૃષ્ણામાંથી મોહ જન્મે છે અને મોહમાંથી તૃષ્ણા, આ એક વિષચક્ર છે. આમાંથી ઉગરવાનો એક માત્ર રસ્તો છે. અપરિગ્રહ અપનાવવાં તે.

..નાનું વ્રત, મોટું ફળ ..

વૈદ્ય મહેન્દ્રનાથ વેદાશંકર.

જૂન ૧૯૯૦ માં આર્ય સમાજ, સૈજપુર બોઘામાં (અમદાવાદ) એક વિદ્વાન ઉપદેશક શ્રી ઓમપ્રકાશજી વર્માને નિમંત્રણ આપી બોલાવવામાં આવ્યા હતા. શ્રી વર્માજી ભજન અને પ્રવચનોથી વૈદિક ધર્મનો પ્રચાર છેલ્લા ૪૦ વર્ષથી કરે છે. ૫-૬ માસ પહેલાં શ્રી વર્માજીને આર્યસમાજ, સાંતાક્રૂઝ (મુંબઇ) તરફથી દર વર્ષે અપાતો રૂપિયા ૧૧૦૦૦/- નો પુરસ્કાર પણ આપવામાં આવ્યો હતો. સમારંભમાં શાલ ઓઢાડીને અભિનંદન પત્ર પણ આપવામાં આવ્યું હતું. આ પુરસ્કાર વૈદિક ધર્મના પ્રચાર માટે જીવન અર્પણ કરનારને આપવામાં આવે છે. વાત વાતમાં એમણે પોતાનો એક સુખદ અનુભવ કહ્યો.

આજથી ૩૨ વર્ષ પહેલાં ૧૯૫૮ માં યમુનાનગર (હરિયાણા)ના શ્રી ભગવાનદાસ નામના પોસ્ટ માસ્તરે એમને યજ્ઞ કરાવવા માટે પોતાના ઘરે બોલાવ્યા હતા. યજ્ઞ થઇ ગયા પછી વર્માજીએ કહ્યું કે હવે યજ્ઞ કર્યા પછી તમારે તમારા કોઇ પણ એક દુર્ગુણને છોડવાની પ્રતિજ્ઞા લેવી પડશે - વ્રત ધારણ કરવું પડશે. શ્રી ભગવાનદાસે કહ્યું કે સિગારેટ પીવા સિવાય મારામાં કોઇ ખાસ દુર્ગુણ નથી. સિગારેટ ન પીવાની પ્રતિજ્ઞા લેવાઇ ગઇ. થોડા દિવસ અઘરું લાગ્યું પરંતુ પછી તો ફાવી ગયું.

સન ૧૯૮૮માં શ્રી ભગવાનદાસે શ્રી વર્માજીને પોતાના મકાનનું વાસ્તુ સંસ્કાર કરાવવા આમંત્રણ આપ્યું. વાસ્તુની ક્રિયાઓ પતી ગયા પછી શ્રી ભગવાનદાસે કહ્યું મારે કંઇ કહેવું છે? પછી બોલ્યા વર્માજી આ મકાન તમારી કૃપાનું ફળ છે. તમે મને ૩૦ વરસ પહેલાં સિગારેટ છોડવાની પ્રતિજ્ઞા લેવડાવી હોત કે વ્રત ધારણ કરાવ્યું હતું. જો તમે આ પ્રતિજ્ઞા ન કરાવી હોત કે વ્રત ધારણ કરાવ્યું હતું. જો તમે આ પ્રતિજ્ઞા ન કરાવી હોત કે વ્રત ધારણ કરાવ્યું ન હોત તો આ મકાન બંધાવી શકત નહિ. મેં પ્રતિજ્ઞાના દિવસથી સિગારેટ દીવાસળી વગેરેનો જેટલો ખર્ચ થતો હતો, તે રકમ જુદી રાખવા માંડી. મહીનો પૂરો થાય કે તે રકમ બેન્કમાં મૂકી દઉં. પછી બેન્કમાં જમા થયેલી રકમનાં નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ લઇ લઉં.

સિગારેટ, દીવાસળીના ભાવમાં વધારો થાય તેમ તેમ બચતની રકમ વધારે તો જાઉં. નેશનલ સે. સર્ટિફિકેટ પાકે અને રકમ ડબલ થાય એટલે ફરી નવા ને. સે. સર્ટિફિકેટ લઇ લઉં. આ રીતે ૪-૫ વખત રકમ ડબલ થઇ. અને એ બચતની રકમથી આ મકાન બંધાવ્યું છે. માટે આ મકાન તમારી કૃપાનું ફળ છે.

આ વાત સાંભળ્યા પછી વાસ્તુ સંસ્કારમાં પધારેલા બધા ભાઇ-બેનો બોલી ઉઠયા.

નાનું વ્રત અને મોટું ફળ તે આનુ નામ છે.

.."મધુર કુટુંબ જીવન"..

કુટુંબમા એકરાગતા, સમતા અને સંતૃપ્તતા હોય તો જ કુટુંબ જીવનમાં મધુરત્વ મહોરી ઊઠે છે. સૌજન્ય ભર્યો સંસાર આવા કુટુંબના એકમોથી જ સર્જાય છે. પ્રેમ, ત્યાગ અને સહનશીલતાના ગુણો કેળવીને જ કુટુંબ જીવનમાં મધુરપ સ્થાપી શકાય છે. કુટુંબરૂપી વૃક્ષના મૂળમાં દંપત્તિનું પ્રેમમય અને તપોમય જીવન જ અગત્યનું છે. આ દંપત્તિ જીવનની પ્રત્યેક પળે પરસ્પર આદર કરે છે અને આનંદમય વાતાવરણ ઊભું કરે છે.

કુટુંબમાં પ્રેમ, સહકાર, ત્યાગ, બલિદાન, એકબીજાને સમજવાની ભાવનાથી જ સુખ-સમૃદ્ધિ વધે છે.

વિચાર અને વ્યવહાર નિર્દોષ, નિખાલસ, સરળ અને સ્વાભાવિક હોય તો પરસ્પરનો પ્રમે વધે છે. કપટરૂપી ખટાશ જ સંયુકત સહકારભર્યા કુટુંબને વેર વિખેર કરી નાંખે છે.

જીવન સરિતા, પ્રેમ, કરુણા જેવા મધુરભાવોથી વહેતી રહે તો જ જીવનની મીઠાશ માણવાની મજા આવે છે.

## સંસ્થા સમાચાર

### શ્રી ઉપાસના આજીવન સભ્યો

| | |
|---|---|
| (૧) પટેલ નિગમભાઈ રમાકાન્ત | અમદાવાદ |
| (૨) ત્રિવેદી જૈશિલ રવીન્દ્રકુમાર | અમદાવાદ |
| (૩) ઠાકર રમેશચંદ્ર જગન્નાથ (મુખી) | કાંઝ, તા. કડી |
| (૪) અગ્રવાલ કિરાણા સ્ટોર્સ | વાપી |
| (૫) શાહ મહેન્દ્રકુમાર ચંદુલાલ | અમદાવાદ |
| (૬) ઉષાબેન આર. પટેલ | અમદાવાદ |

..વિદેશ..

| | |
|---|---|
| (૧) શ્રી રામભાઈ ડી. પટેલ | લંડન. યુ. કે. |
| (૨) શ્રી ચંપાબેન પી. દિક્ષીત | લંડન યુ. કે. |
| (૩) શ્રી રાકેશ બી. વ્યાસ | લંડન યુ. કે. |
| (૪) શ્રી શારદાબેન આચાર્ય | લંડન યુ. કે. |
| (૫) શ્રી લાભુબેન શશીકાન્તભાઈ મહેતા | લંડન યુ. કે. |
| (૬) શ્રી રમણલાલ ભટ્ટ | યુ.એસ.એ. |

### ..શ્રી આનંદ ગ્રંથાલયના શુભેચ્છકો...

| | |
|---|---|
| (૧) શ્રી કલ્પનાબેન રમેશભાઈ | લંડન |
| (૨) શ્રી દીપકબહેન એમ. પટેલ | લંડન |
| (૩) શ્રી કુસુમબેન ચિમનભાઈ | લંડન |
| (૪) શ્રી ગોદાવરી બહેન જેઠાલાલ | લંડન |
| (૫) શ્રી વસંતબેન મનુભાઈ ત્રિવેદી | લંડન |
| (૬) શ્રી નીરૂબહેન રશ્મિકાન્ત વ્યાસ | સ્કોટ લેન્ડ |

★★★

### "SHREE UPASANA" REPRESENTATIVES

**Mr. HARSHAD K. RAMI.**
59, CAMBRIDGE ROAD
HOUNSLOW, MIDDLESEX U. K.
TEL : 081 - 572 3278

**MR. RAMANLAL BHATT**
133, STAGER STREET
NUTLEY N. J. 07110
TEL. 201-235-0855

**MR. PANKAJ J. PATEL**
7639 MANCHESTER MANOR
HANOVER PARK, IL 60103 U.S.A.
Tel : 708-483-0716

### શ્રાવણી સુધા

● શ્રાવણ એટલે શ્રવણમાસ - 'શિવપુરાણ' કથામૃતનું શ્રવણ કરાયું અને આખો માસ ખડગમાળાથી બિલ્વપત્ર પૂજન અને દર સોમવારે શિવ-અભિષેક-શિવમહિમ્ન સ્તોત્રથી તર્પણ મહોત્સવો તથા સત્સંગ.

● પૂજન-અર્ચન, યથાવત કાર્યક્રમ પ્રમાણે સંપન્ન થયાં.

● રક્ષાબંધનપર્વ રૂડી રીતે ઉજવાયું.

● પ. પૂ. શ્રી સદ્‌ગુરુ શિવગુરુજીનો જન્મોત્સવ શ્રાવણવદ- ૫ તા. ૨૬-૮-૧૯૯૪ના રોજ પંચદશ પ્રકાર પૂજન અને ભજન કીર્તન સાથે હર્ષોલ્લાસ સાથે ઉજવાયો. ભક્તોનો ભાવ અનેરો હતો. પૂ. શિવગુરુજીતો કરૂણાવતાર છે. માટે કરૂણાનું ઝરણું વહેતું કરવા "શ્રી આનંદાનંદનાથ અન્ન-ઔષધ સહયોગ"ની પુનિત પ્રવૃત્તિના મંગલાચરણનો પ્રારંભ થયો. સૌને આ પ્રવૃત્તિ બહુ જ રૂચિ ગઈ અને ઉદ્‌ગારો સરી પડયા. "આ પ્રવૃત્તિનો મંદિરના શિખર જેવી છે. આમારા સૌનો સહયોગ છે. અને ત્યાં તો આ પ્રવૃત્તિને વિકસાવવા સહયોગનું ઝરણું વહેતું થઇ ગયું.

આનંદધામ વટવૃક્ષને શાખાઓ ફૂટયા જ કરે છે તેમ માનવતાને નિર્માણ કરનારી અને ભારતીય સંસ્કૃતિને અનુકૂળ પ્રવૃત્તિઓ થતી જ રહે છે. રાજરાજેશ્વરી પીઠમ્‌માં ભગવતીને ખૂબ જ લાડ લડાવવામાં આવે છે, માટે તો ભાઈ ભગવતી પ્રગટ થઈ ભક્તોના હૃદયમાં ભાવ ભરી દે છે અને મા અલૌકિક કાર્યો કરાવે જ જાય છે.

આ સઘળું તૈલ ધારાવત ઉપાસનાનું અને આરાધનાનું જ ફળ છે.

॥ શ્રી ॥

॥ શ્રી સદ્‌ગુરુવે નમઃ ॥ નૂતન વર્ષાભિનંદન

### લેખકો જોગ એક વાત

આપ સર્વના સાથ સહકાર અને સહૃદયી સદ્‌ભાવથી આપના અપૂર્વ શ્રમથી જે સુંદર લેખો દ્વારા સમાજને મંગલમય પ્રદાન કરનારું સાહિત્ય પીરસી શકયા તે બદલ આપ સૌને સહૃદયી ખૂબ ખૂબ અભિનંદન. આવોને આવો, આથી અધિક સહકાર આપતાં રહેશો જ એવી પ્રતીતિ છે.

● લેખ કાગળની એક બાજુ લખીને મોકલવા વિનંતી.

● લેખકનો ટૂંકો પરિચય પણ જરૂરી છે તો જેમના પરિચય મળ્યા નથી તેઓએ પરિચય મોકલી આપવા.

### ગ્રાહકો જોગ એક વાત

શ્રી ઉપાસનાના વાર્ષિક અને આજીવન ગ્રાહકોને પણ ખૂબ ખૂબ અભિનંદન. આપે "શ્રી ઉપાસના" સાહિત્યનું પાન કર્યું. આ રીતે સમાજનો વિશાળવર્ગ આ સાહિત્યનો લાભ મેળવે એવું સુકૃત્ય પણ આપણે જરૂર કરીએ

### પ્રચાર સંદેશ

"શ્રી ઉપાસનાના પ્રચાર-પ્રસાર માટે માનદ્ સેવાધારી સજ્જનો આગળ આવે તો આ માંગલિક કાર્ય ખૂબ જ વેગવંતુ બને અને મોટું પુણ્ય પ્રાપ્ત કરી શકાય એમ છો તો આ કાર્ય માટે રસધરાવતા સજ્જનો પોતાનાં નામ અને સરનામાં તેમજ આપનો ટૂંકો પરિચય તંત્રીશ્રીને મોકલવા વિનંતી .

### તંત્રીશ્રીનું સરનામું

તંત્રી શ્રી. **ઉપાસના**, ૨૩,૨૪ આનંદપાર્ક સોસાયટી, કડી
જિ. મહેસાણા (ઉ. ગુ.)

**શ્રી મણિલાલ આત્મારામ નાયક :**

વતન કડી જ. તા. ૧૧-૬-૧૯૨૧ ઉમર ૭૪ વર્ષ, પ્રાથમિક શિક્ષણ, નાટયક્ષેત્રે સુંદર કલાકાર તરીકેની યશસ્વી કારકિર્દી, વ્યાપાર ક્ષેત્રે પણ સારો એવો અનુભવ બાલા ત્રિપુરા-અન્નકૂટના ઉત્સવોમાંથી અને ભગવતી ભક્ત ડૉ. કનકરાય એમ. વ્યાસ જામનગરના જીવનમાંથી તેમજ પૂ. ગુરુવર્ય શ્રી દેવીબાના પાંત્રીસ વર્ષના સાન્નિધ્યથી જગદંબાની ભક્તિનું ઝરણું વહેતું રહ્યું ને સોથી વધારે ગીતો રચાયા. 'મણિમાનસ હંસિકા' ગીતાવલી સંગ્રહ સદ્‌ગુરુ ચરણે સમર્પિત કર્યો છે. શ્રી વિદ્યા ઉપાસક ચેરીટેબલ ટ્રસ્ટના કારોબારીના પ્રમુખ છે.

---


## માતાજીનો થાળ

માતા લલિતામ્બા જમવા પધારો. ભાવ ભર્યા ભોજનના પિરસ્યા છે થાળો,
મંત્ર જાપ જપી જપી રસોઇ બનાવી, ભાવશે શું આપને એ કર્યા છે વિચારો ..... માતા
લચપચતી લાપસી ને ચૂરમાના લાડુ, મગજ, મોહનઠાર અને મગદળ સ્વીકારો ....
ઘેબર, ઘારીને વળી ઘૂઘરા બનાવ્યા, મહેસૂલની મીઠી મીઠી મોજ ને મા ધારો ....
કાજુની કતરી ને બરફી બદામની, સાથે સૂતરફેણીના ઝીણા ઝીણા તારો ...
મઘમઘતા માલપૂડા, સાથે દૂધપાક છે. શ્રીખંડ અને બાસૂદીની લહેજત સ્વીકારો
ખારાં, ગળ્યા ખાજાં ને ખારી મોળી પૂરી, ઠોર અને રેઢમીનો સ્વાદ મા સ્વીકારો
માવાના હલવાની જુદી જુદી જાતો, જલેબી ગુલાબ જાંબુ પ્રેમની સ્વીકારો ....
સેવનું બિરંજ સાથે સુખડી બનાવી, બૂંદી કેરા લાડુને ગલેફાં સ્વીકારો ....
ટોપરાનો પાક અને કેસરિયા પેડા, વિધ વિધ ફરસાણો મા સ્નેહથી સ્વીકારો ...
બાસમતી ચોખાનો ભાત મા બનાવ્યો, તીખાં દાળ શાક તણો સ્વાદ છે નિરાળો
ગંગા યમુના જળની ઝારીઓ ભરાવી આચમન કરીને મા ભોજન સ્વીકારો.
જમશો મા આપ અમે ખમાખમા બોલશું વ્હાલ ભર્યા વીઝણાની હવાને સ્વીકારો.
એલચી સોપારીને બ્રાસથી ભરેલાં, તાંબૂલનાં બીડાં મા પ્રેમથી સ્વીકારો ...
બિરાજશો આપ અમે આમર ઢોળાવશું, નાચ, ગાન, નૃત્ય તથા મુજરા નિહાળો
માતા લલિતામ્બા જમવા પધારો ...

**ભાઉપુરા, માઈનગરી, કડી.**

# ॐ "શ્રીઉપાસના" પ્રચાર-પ્રસાર અંગે થોડીક વાત ॐ

તત્ત્વની મોજ માણવી, આધ્યાત્મિક સંપત્તિની શક્તિ વિકસાવવી અને સત્વ ખીલવવું અને ઓજ વધારવું એ "શ્રી ઉપાસના"નો હેતુ છે. જગદ્ગુરુ શંકરાચાર્યે આશીર્વાદ આપી આ શુભ કાર્યને આવકાર્યું છે. એ આપણા સૌને માટે પરમ સૌભાગ્યની વાત છે. આ કાર્યને પ્રોત્સાહન મળે તે માટે શ્રીમંતોએ ઉપાસકોને, આરાધકોને સહયોગ આપી સુલભ રીતે અંકો મળી શકે તેવું તંત્ર ગોઠવવું જોઈએ. સંસ્કૃતિ-રક્ષણ કાજે શ્રી વપરાય એ મોટું સદ્ભાગ્ય કહેવાય. શાળાઓને, પુસ્તકાલયોને, ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્ય કરતી સંસ્થાઓને, વાનપ્રસ્થો અને સંન્યાસીઓને, આરોગ્ય ચિકિત્સાલયોને, અંધ-અપંગ સંસ્થાઓને શ્રીઉપાસનાના આ અંકો નિઃશુલ્ક કે ઓછા શુલ્કથી મળી રહે તેવું સુંદર તંત્ર ગોઠવવું આવશ્યક છે. શ્રી વિદ્યા ઉપાસક ચેરિટેબલ ટ્રસ્ટે "શ્રીઉપાસના" અંક દ્વારા સમાજને ઉપકારક સાહિત્ય મળી રહે તે માટે સુંદર સ્તુત્ય કાર્ય હાથ ધર્યું છે. ચાલો, આપણે આ જ્ઞાન-યજ્ઞને પ્રદીપ્ત કરીએ.



શ્રી યંત્રરાજ